# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

18 FEBRUARY-2025 TUESDAY

વર્ષ-14 । અંક-091 । વિક્રમ સંવત-2081 । મહા વદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
ક્રિતી લગ્નની તારીખ નક્કી કરવા કબીરના ઘરે દિલ્હી પહોંચી...





પેજ-09
ઈજાગ્રસ્ત ગઝનફરની જગ્યાએ મુજીબ મુંબઈ સાથે જોડાયો


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 21.00 |
| વડોદરા | 32.00 | 19.00 |
| સુરત | 34.00 | 21.00 |




પેજ 5
Audiએ ભારતમાં નવી Audi RS Q8 Performance લૉન્ચ કરી





પેજ 10
પુતિન પર દબાણ કરવાની જરૂર, જેલેન્સ્કીની યુરોપને અપીલ


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75996.86 | ▲ | 057.65 |
| નિફ્ટી | 22959.50 | ▲ | 030.25 |
| સોનું | 85080.00 | ▲ | 393.00 |
| ચાંદી | 95608.00 | ▲ | 022.00 |

# વર્શિપ એક્ટ કેસમાં વધતી જતી પીઆઈએલ પર સુપ્રીમકોર્ટ ભડકી

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

વર્શિપ એક્ટ કેસમાં વધતી PIL પર સુપ્રીમકોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને ચીફ જસ્ટિસ પીવી સંજય કુમારની બેન્ચે આવી અરજીઓને સીમિત કરવા માટે ભાર મુક્યો છે. બેન્ચે કહ્યું કે, અરજી દાખલ કરવાની એક મર્યાદા છે. આજે અમે પૂજા સ્થાનો અધિનિયમ કેસની સુનાવણી નહીં કરીએ. આ ત્રણ ન્યાયાધીશોની બેન્ચનો મામલો છે. ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે. આ મામલો માર્ચમાં કોઈક સમયે સૂચિબદ્ધ કરવામાં આવશે. નોંધનીય છે કે, 1991નો પૂજા સ્થાનો અધિનિયમ 15 ઓગસ્ટ 1947ના રોજ સ્થાપિત ધાર્મિક સ્થળના તત્કાલીન સ્વરૂપને જાળવવાની જોગવાઈ કરે છે. આ મામલે કેટલાક રાજકીય પક્ષો અને નેતાઓ દ્વારા હસ્તક્ષેપની અપીલ પર આધારિત છે. જેમાં કોંગ્રેસ, માર્ક્સવાદી-લેનિનવાદી પાર્ટી (CPI(ML)), જમિયત ઉલેમા-એ-હિંદ અને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદ-ઉલ-મુસ્લિમીન (AIMIM) ના વડા અસદુદ્દીન ઓવૈસીનો સમાવેશ થાય છે. આ પક્ષોએ તે પૂજા કાયદાની જોગવાઈઓને પડકારતી અરજીઓનો વિરોધ કર્યો છે. 12 ડિસેમ્બર પછી ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે. જેમાં AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી, સમાજવાદી પાર્ટીના નેતા અને કૈરાના સાંસદ ઈકરા ચૌધરી અને કોંગ્રેસ પાર્ટી દ્વારા 1991ના કાયદાનો અસરકારક અમલીકરણ કરવાની માંગ કરી છે. ઉત્તર પ્રદેશના કૈરાનાના લોકસભા સાંસદ ચૌધરીએ 14 ફેબ્રુઆરીએ મસ્જિદો અને દરગાહોને નિશાન બનાવતી કાનૂની કાર્યવાહીની વધતી સંખ્યાને સમાપ્ત કરવાની માંગ કરી હતી.




### આવો હતો 12 ડિસેમ્બરનો આદેશ


સર્વોચ્ચ અદાલતે 12 ડિસેમ્બર, 2024 ના રોજ આપેલા આદેશ દ્વારા વિવિધ હિન્દુ પક્ષો દ્વારા દાખલ કરવામાં આવેલા લગભગ 18 દાવાઓમાં કાર્યવાહી રોકી દેવામાં આવી છે. જેમા 10 મસ્જિદોના મૂળ ધાર્મિક ચરિત્ર શોધવા માટે એક સર્વેની માંગ કરવામાં આવી રહી હતી. જેમાં વારાણસીમાં જ્ઞાનવાપી, મથુરામાં શાહી ઈદગાહ મસ્જિદ અને સંભલમાં શાહી જામા મસ્જિદનો સમાવેશ થાય છે, જ્યાં અથડામણમાં ચાર લોકોનો મોત થયા હતા. એ પછી સુપ્રીમ કોર્ટે બધી અરજીઓની યાદી બનાવી અને સુનાવણી માટે 17 ફેબ્રુઆરીની તારીખ નક્કી કરવામાં આવી હતી.

### 12 ડિસેમ્બર પછી ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી

12 ડિસેમ્બર પછી ઘણી અરજીઓ દાખલ કરવામાં આવી છે. જેમાં AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી, સમાજવાદી પાર્ટીના નેતા અને કૈરાના સાંસદ ઈકરા ચૌધરી અને કોંગ્રેસ પાર્ટી દ્વારા 1991ના કાયદાનો અસરકારક અમલીકરણ કરવાની માંગ કરી છે. ઉત્તર પ્રદેશના કૈરાનાના લોકસભા સાંસદ ચૌધરીએ 14 ફેબ્રુઆરીએ મસ્જિદો અને દરગાહોને નિશાન બનાવતી કાનૂની કાર્યવાહીની વધતી સંખ્યાને સમાપ્ત કરવાની માંગ કરી હતી.

## અમેરિકાનું ફંડિંગ બંધ થવા મુદ્દે PM મોદીના સલાહકારનો પલટવાર

# સૌથી મોટું કૌભાંડ છે USAID



(એજન્સી) નવી દિલ્હી । તા. 17

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારમાં DOGE વિભાગનું નેતૃત્વ કરી રહેલા ઈલોન મસ્ક ઉતાવળા નિર્ણયો લઈ રહ્યા છે. આ સંદર્ભમાં, DOGE એ ભારતમાં મતદાન વધારવા માટે નિર્ધારિત ભંડોળ રદ કરી રહ્યું હોવાની જાહેરાત કરતા બંને દેશો વચ્ચે વિવાદ વધ્યો છે. સરકાર, ઈલેક્શન કમિશ્નર, અને શાસક પક્ષ DOGEના આ દાવાઓને ખોટા ઠેરવી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આર્થિક સલાહકાર સંજીવ સાન્યાલે આ મુદ્દે સામો પ્રશ્ન પૂછ્યો છે કે, ભારતમાં મતદાન વધારવા માટે DOGE દ્વારા ખર્ચ કરવામાં આવેલા 2.1 કરોડ યુએસ ડૉલર કોને મળ્યા?

### ભાજપનું કડક વલણ

DOGEના આ પગલા પર ભાજપે પણ આકરી પ્રતિક્રિયા આપી છે. પાર્ટીના આઈટી સેલના વડા અમિત માલવિયે જણાવ્યું કે ભારતની ચૂંટણી પ્રક્રિયામાં બહારની દખલગીરી સહન કરવામાં આવશે નહીં. 2.1 કરોડ ડૉલરની આ રકમ કોને આપવામાં આવી? ચોક્કસપણે શાસક પક્ષને આનાથી કોઈ ફાયદો થયો નથી. ઉલ્લેખનીય છે, હાલમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય બેઠક કરી હતી.

■ **માનવ ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ :** સાન્યાલે આ મુદ્દા પર શંકા વ્યક્ત કરતા USAIDને 'માનવ ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ' ગણાવ્યું છે. તેમણે X પર પોસ્ટ કરી છે કે, હું એ જાણવા માટે ખૂબ જ ઉત્સુક છું કે ભારતમાં મતદાન વધારવા માટે ફાળવવામાં આવેલા 2.1 કરોડ ડૉલર કોને આપવામાં આવ્યા? તદુપરાંત બાંગ્લાદેશના રાજકીય લેન્ડસ્કેપને મજબૂત બનાવવા 2.9 કરોડ ડૉલર અને નેપાળમાં 'ફિસ્કલ ફેડરલિઝમ' સુધારવા માટે 2.9 કરોડ ડૉલરનું ફંડ કોના ખાતામાં ગયું? USAID એ માનવ ઈતિહાસનું સૌથી મોટું કૌભાંડ છે.

■ **DOGEની જાહેરાત બાદથી વિવાદ વકર્યો :** DOGEએ રવિવારે તેની પોસ્ટમાં લખ્યું હતું કે કેટલીક એવી વસ્તુઓ કે જેના પર અમેરિકન કરદાતાઓના પૈસા ખર્ચ થઈ રહ્યા છે, તેને રદ કરવામાં આવી છે. જેમાં ભારતમાં મતદાન વધારવા હેતુ ફાળવવામાં આવતું 2.1 કરોડ ડૉલરનું ફંડ પણ સમાવિષ્ટ છે. તદુપરાંત 'કન્સોર્ટિયમ ફોર ઈલેક્શન્સ એન્ડ પોલિટિકલ પ્રોસેસ સ્ટ્રેથનિંગ' હેઠળ મોલ્ડોવાનો સમાવેશ અને પાર્ટનરશીપ હેઠળની રાજકીય પ્રક્રિયા માટે 2.2 કરોડ ડૉલરનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

■ **પૂર્વ ચીફ ઈલેક્શન કમિશ્નરે પણ દાવો નકાર્યો :** ભારતના ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર (CEC) એસવાય કુરેશીએ DOGEના ભારતને 2.1 કરોડ ડૉલરનું ફંડ આપ્યું હોવાનો દાવો નકાર્યો છે. તેમણે કહ્યું કે, હું જ્યારે ચૂંટણી પંચનો ચીફ હતો ત્યારે ECIએ 2012માં IFES ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન ફોર ઈલેક્ટોરલ સિસ્ટમ્સ સાથે કરાર કર્યો હતો, પરંતુ આ કરાર માત્ર તાલીમ સંબંધિત હતો, જેમાં કોઈ ફંડની વાત ન હતી.

# PM મોદી, રાહુલ ગાંધી અને ગૃહમંત્રી શાહની મહત્ત્વની બેઠક, આગામી CEC મુદ્દે થઈ ચર્ચા

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

ભારતના મુખ્ય ચૂંટણી કમિશ્નર 18મી ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ રહ્યા છે. એવામાં નવા ચૂંટણી કમિશ્નરની નિયુક્તિ માટેની કવાયત શરુ થઈ રહી છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મુદ્દે બેઠક કરી હતી. બેઠકમાં લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સામેલ થયા હતા. એક તરફ જ્યાં રાહુલ ગાંધી બેઠકમાં સામેલ હતા ત્યાં બીજી તરફ આ જ મુદ્દે કોંગ્રેસે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરી હતી. મુખ્ય ચૂંટણી કમિશ્નરની પસંદગીની પ્રક્રિયા મામલે કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા છે. કોંગ્રેસ નેતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું છે, કે 'CEC અને ECની નિયુક્તિ વડાપ્રધાન, વિપક્ષ નેતા અને CJIની સમિતિ દ્વારા થવી જોઈએ. CECને લઈને સંતુલિત નિર્ણય લેવો જોઈએ અને પસંદગીની પ્રક્રિયામાં માત્ર કાર્યપાલિકા નહીં ન્યાયપાલિકા પણ સામેલ હોવી જોઈએ.'



**નવા કાયદા પ્રમાણે CECની પસંદગીની પ્રક્રિયા :** નવા કાયદા પ્રમાણે પહેલા કાયદા મંત્રીની અધ્યક્ષતામાં એક કમિટી પાંચ ઉમેદવારોના નામની યાદી તૈયાર કરશે. પછી આ યાદી વડાપ્રધાન, વિપક્ષ નેતા તથા વડાપ્રધાન દ્વારા પસંદ કરાયેલા કોઈ પણ એક કેબિનેટ મંત્રીની કમિટી સમક્ષ મૂકવામાં આવશે અને આ ત્રણ નેતાઓ એક નામ પર મહોર લગાવશે. આમ આ વખતે કમિટીમાં વડાપ્રધાન મોદી, વિપક્ષ નેતા રાહુલ ગાંધી અને ગૃહમંત્રી અમિત શાહની કમિટી બની છે અને આજે આ ત્રણેય નેતાઓ બેઠકમાં સામેલ હતા.

**દિલ્હીના પૂર્વ CMનો કટાક્ષ**

# 10 દિવસ વીત્યા, પીએમને તેમના કોઈ ધારાસભ્ય પર ભરોસો નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 17



દિલ્હીમાં ભાજપની પ્રચંડ જીત થઈ હોવા છતાં હજુ સુધી સીએમ પદનો ચહેરો જાહેર થયો નથી. જેના લીધે આમ આદમી પાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી આતિશીએ ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે ભાજપને જ પોતાના ધારાસભ્યો પર વિશ્વાસ ન હોવાનું મોટું વિવાદસ્પદ નિવેદન આપ્યું છે.

આતિશીએ જણાવ્યું કે, 'દિલ્હીની પ્રજાને આશા હતી કે આઠ ફેબ્રુઆરીએ ચૂંટણીના પરિણામો બાદ ભાજપ નવમી ફેબ્રુઆરીએ પોતાના મુખ્યમંત્રીની જાહેરાત કરશે અને શપથ ગ્રહણ સમારોહ પણ 10 ફેબ્રુઆરીએ યોજાશે, દિલ્હીની જનતા ઈચ્છતી હતી કે ભાજપ 11 ફેબ્રુઆરીથી કામગીરી સંભાળશે. પરંતુ સમય વીતિ રહ્યો છે અને ભાજપે હજુ સુધી પોતાના મુખ્યમંત્રીની પસંદગી પણ કરી નથી. જે સ્પષ્ટપણે દર્શાવે છે કે, ભાજપ પાસે સીએમનો કોઈ ચહેરો નથી.'

આતિશીએ દાવો પણ કર્યો છે કે 'પીએમ મોદી ચૂંટાયેલા 48 ધારાસભ્યોમાંથી કોઈ પર પણ વિશ્વાસ કરતા નથી. તેઓ કોઈને પણ મુખ્યમંત્રી પદ માટે સક્ષમ માનતા નથી. ભાજપના 48 ધારાસભ્યો પાસે માત્ર એક જ કામ બાકી છે, તે બધા દિલ્હીની જનતાના પૈસા વેડફશે અને તેને લૂંટશે.

## બોર્ડની પરીક્ષાનું પેપર લીક થયાના દાવા બાદ CBSEનો જવાબ **કાર્યવાહી કરીશું...**

નવી દિલ્હી : સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ સોમવારે (17મી ફેબ્રુઆરી) ચાલુ ધોરણ 10 અને 12 બોર્ડ પરીક્ષાઓમાં પેપર લીક થવાના આરોપોને નકારી કાઢ્યા છે. આ ઉપરાંત તેમને પાયાવિહોણા ગણાવ્યા અને કહ્યું કે, 'વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભયનો માહોલ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. CBSE બોર્ડની પરીક્ષાઓ શનિવારથી શરુ થઈ હતી, જેમાં દેશ અને વિદેશમાં 7,800થી વધુ કેન્દ્રો પર 42 લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. બોર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ધોરણ 10ના કુલ 24.12 લાખ વિદ્યાર્થીઓ 84 વિષયોમાં પરીક્ષા આપી રહ્યા છે, જ્યારે ધોરણ 12ના 17.88 લાખથી વધુ વિદ્યાર્થીઓ 120 વિષયોમાં પરીક્ષા આપી રહ્યા છે. CBSE બોર્ડે ખાતરી આપી હતી કે પરીક્ષા પ્રક્રિયા સરળ અને ન્યાયી રહે તે માટે તેણે કડક પગલાં અમલમાં મૂક્યા

**કેન્દ્રીય મંત્રી આઠવલેએ કહ્યું**

# હિન્દુ-મુસ્લિમ લગ્ન લવ જેહાદ નથી ધર્માંતરણ માટે કાયદો હોવો જોઈએ

(એજન્સી) મુંબઈ । તા. 17

રામદાસ આઠવલે વર્તમાન ભાજપ સરકારમાં કેન્દ્રીય મંત્રી છે. તેઓ રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયાના પ્રમુખ છે, જે NDA ગઠબંધનનો ભાગ છે.મહારાષ્ટ્રની ભાજપ સરકારે તાજેતરમાં લવ જેહાદ અને બળજબરીથી ધર્માંતરણ જેવા કેસ સામે કાયદા બનાવવા માટે 7 સભ્યોની કમિટીની રચના કરી છે. મહારાષ્ટ્રના ડીજીપી સંજય વર્માની અધ્યક્ષતામાં આ કમિટીની રચના કરવામાં આવી છે. વર્તમાન ભાજપ સરકારમાં કેન્દ્રીય મંત્રી અને NDA સાથી પક્ષના નેતા રામદાસ આઠવલેએ આ અંગે વાંધો વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે ધર્માંતરણ રોકવા માટે જોગવાઈઓ હોવી જોઈએ, પરંતુ સમાજ અને ધર્મો વચ્ચે સુમેળ જાળવવો પણ મહત્વપૂર્ણ છે.



કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ કહ્યું કે આંતરધાર્મિક લગ્નોને લવ જેહાદ કહેવું ખોટું છે. તે જ સમયે, તેમણે બળજબરીથી થતા ધર્માંતરણને રોકવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. જોકે આઠવલે પહેલા લવ જેહાદ કાયદાના સમર્થનમાં હતા, પરંતુ હવે તેઓ કહે છે કે જો હિન્દુ છોકરી અને મુસ્લિમ છોકરા વચ્ચે લગ્ન થાય છે, તો ધર્માંતરણ ન થવું જોઈએ. તેમણે કહ્યું જો કોઈ હિન્દુ છોકરી અને મુસ્લિમ છોકરો પરસ્પર સંમતિથી લગ્ન કરે છે, તો તેને લવ જેહાદ ન કહેવું જોઈએ.

## નવી દિલ્હી રેલવે સ્ટેશન પર હવે CRPF તહેનાત : 26 ફેબ્રુઆરી સુધી પ્લેટફોર્મ ટિકિટ બંધ

નવી દિલ્હી : નવી દિલ્હી રેલવે સ્ટેશન પર સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF) અને દિલ્હી પોલીસ તહેનાત કરવામાં આવી છે. મહાકુંભ દરમિયાન વધતી ભીડને નિયંત્રિત કરવા માટે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે. આ ઉપરાંત રેલવેએ 26 ફેબ્રુઆરી સુધી સાંજે 4 વાગ્યાથી રાત્રે 11 વાગ્યા સુધી કાઉન્ટર પરથી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કરી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રેલવેએ ભવિષ્યમાં પિક સીઝન દરમિયાન નાસભાગ જેવી ઘટનાઓ ટાળવા માટે દેશનાં 60 મુખ્ય સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવવાની યોજના બનાવી છે. મહાકુંભ પછી 2027માં નાસિક અને હરિદ્વારમાં પણ અર્ધકુંભનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત 2028માં મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં સિંહસ્થમેળાનું પણ આયોજન થવાનું છે.

# કોંગ્રેસ સાંસદ ગોગોઈની પત્ની પર ISI કનેક્શનનો આરોપ

## પાકિસ્તાની અલી તૌકીર સામે આસામમાં FIR CMએ કહ્યું- એલિઝાબેથના બોસ હતા તૌકીર

(એજન્સી) ગુવાહાટી । તા.17

કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈની પત્નીના પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI સાથે જોડાણના વિવાદમાં આસામ પોલીસે પાકિસ્તાની નાગરિક અલી તૌકીર શેખ અને અન્ય લોકો વિરુદ્ધ FIR નોંધી છે. અલી પાકિસ્તાન પ્લાનિંગ કમિશનના કાયમી સલાહકાર છે. આસામ કેબિનેટે 16 ફેબ્રુઆરીએ ડીજીપીને પાકિસ્તાની અલી તૌકીર શેખ વિરુદ્ધ એફઆઈઆર નોંધવાનો નિર્દેશ આપ્યો હતો. તેમના પર ભારતની આંતરિક બાબતો અને સંસદીય બાબતો પર પણ કથિત ટિપ્પણી કરવાનો આરોપ છે. જોકે, આસામ કેબિનેટે કોંગ્રેસના સાંસદ અને તેમની બ્રિટિશ પત્ની સામે કેસ દાખલ ન કરવાનો નિર્ણય લીધો હતો.



**કોંગ્રેસે કહ્યું- ગોગોઈને બદનામ કરવાનું અભિયાન ચાલી રહ્યું છે :** કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે રવિવારે X પર લખ્યું - આસામના મુખ્યમંત્રી અને ભાજપે મારા સાથી ગૌરવ ગોગોઈને બદનામ કરવાનું અભિયાન શરૂ કર્યું છે. આ ચારિત્ર્યહત્યાનું એક ખરાબ સ્વરૂપ છે. આવું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે ભાજપના તમામ પ્રયાસો છતાં, ગૌરવે લોકસભાની ચૂંટણી જીતી લીધી હતી. 12 મહિનામાં રાજ્યના લોકો તેમને (હિમંતા બિસ્વા સરમા) પૂર્વ મુખ્યમંત્રી બનાવશે અને તેમની પાર્ટીને વિપક્ષમાં બેસાડી દેશે.

**ભાજપે કહ્યું- રાહુલ ગાંધી અને ગોગોઈ ભારતને નબળું પાડી રહ્યા છે:** ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ ગૌરવ ગોગોઈની પત્ની પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI સાથે જોડાયેલા હોવાનો આરોપ લગાવ્યો હતો. ભાટિયાએ કહ્યું હતું- રાહુલ ગાંધીએ થોડા દિવસો પહેલા કહ્યું હતું કે તેમની લડાઈ ઈન્ડિયન સ્ટેટ સાથે છે. હવે ગોગોઈની પત્નીના પાકિસ્તાનની આઈએસઆઈ સાથેના સંબંધો સામે આવ્યા છે. ગોગોઈના પત્ની એલિઝાબેથ કોલબર્ન પાકિસ્તાન પ્લાનિંગ કમિશનના સલાહકાર અલી તૌકીર શેખ સાથે કામ કરતા હતા.

### ગોગોઈએ કહ્યું- હું ભારતનો RAW એજન્ટ

લોકસભામાં વિપક્ષના નાયબ નેતા ગોગોઈએ આરોપોને ખોટા ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું- જો મારી પત્ની પર ISI એજન્ટ હોવાનો આરોપ છે, તો મને પણ RAW એજન્ટ કહી શકાય. તેમણે કહ્યું કે ભાજપ પાસે કોઈ મુદ્દો નથી તેથી તે આવા પાયાવિહોણા આરોપો લગાવી રહ્યું છે.

# સામ પિત્રોડાનું નિવેદન વ્યક્તિગત : ચીન મુદ્દે વિવાદ બાદ કોંગ્રેસની સ્પષ્ટતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

કોંગ્રેસ નેતા સામ પિત્રોડાના વધુ એક નિવેદને વિવાદ ઊભો કર્યો છે. તેમના આ નિવેદનથી કોંગ્રેસથી દૂરી છતી થઈ રહી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ જયરામ રમેશે 17 ફેબ્રુઆરી, 2025, સોમવારે એક નિવેદન આપી સ્પષ્ટતા કરી હતી કે, સામ પિત્રોડાએ ચીન પર વ્યક્ત કરેલા વિચારો પોતાના વ્યક્તિગત છે, પાર્ટીના સત્તાવાર વિચારો નથી. આ અંગે તેમણે વધુ વાત કરતાં કહ્યું કે, ચીન ભારતની વિદેશ નીતિ, બાહ્ય સુરક્ષા અને આર્થિક ક્ષેત્ર માટે સૌથી મોટો પડકાર છે. કોંગ્રેસે અગાઉ મોદી સરકારની ચીન નીતિ પર સવાલ ઉઠાવ્યા છે. તેમાં પણ ખાસ કરીને 19 જૂન, 2020ના રોજ વડાપ્રધાન દ્વારા ચીનને આપવામાં આવેલી ક્લીનચીટ પર. કોંગ્રેસનું ચીન પર હાલમાં જ સત્તાવાર નિવેદન 28 જાન્યુઆરી, 2025ના રોજ બહાર પાડવામાં આવ્યું હતું, જેમાં ચીન સાથેના ભારતના સંબંધો અને સરકારની વ્યૂહરચના પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. આ સંકેત આપે છે કે, ભારત ચીન સાથે 'બફર ઝોન' બનાવવા પર સહમતિ બતાવી છે, જેથી ભારતીય સૈનિકો અને પશુપાલકો પહેલાની જેમ ત્યાં નહીં જઈ શકે. કોંગ્રેસે કહ્યું કે, આ નીતિ 1986ના સુમડોરિંગ ચુ અને 2013ના ડેપ્સાંગ વિવાદોથી અલગ છે.



### વડાપ્રધાનના નિવેદનથી ચીનને ફાયદો થયો : કોંગ્રેસ

વડાપ્રધાનના નિવેદન પર આરોપ લગાવતા જયરામ રમેશે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનથી ચીનને ફાયદો થયો. કારણ કે જ્યારે જ્યારે વડા પ્રધાને કહ્યું કે 'ન તો કોઈ આપણી સરહદમાં પ્રવેશ્યું છે, ન તો કોઈ અંદર છે', ત્યારે ચીનને ચાર વર્ષ સુધી વાતચીતને ખેંચવાની તક મળી. અને આ સમયગાળા દરમિયાન ચીને વ્યૂહાત્મક ક્ષેત્રો પર પોતાનો મજબૂત કબજો જમાવી લીધો અને ભારત-ચીન વેપારમાં પણ વધારો થયો.

■ **ચીન સાથેના સંબંધો સામાન્ય કરવા પર કોંગ્રેસે ઉઠાવ્યા સવાલ**

જયરામ રમેશે કહ્યું કે, 'કોંગ્રેસે મોદી સરકારની ચીન સાથેના સંબંધોને સામાન્ય બનાવવાની જાહેરાતની નોંધ લીધી છે, પરંતુ સવાલ એ થાય છે કે, આ નિર્ણય એવા સમયે લેવામાં આવી રહ્યો છે કે, જ્યારે 2024ના ડિસએન્ગેજમેન્ટ કરાર સંબંધિત કેટલાક પ્રશ્નોના જવાબ હજુ સુધી મળ્યા નથી.

■ **લદ્દાખમાં 2,000 ચોરસ કિ.મી. વિસ્તાર પાછો મેળવવા શું પગલાં લેવાયા ?**

તેમણે લદ્દાખમાં 2,000 ચોરસ કિ.મી. વિસ્તાર પાછો મેળવવા શું પગલાં લેવામાં આવ્યા તે અંગે વાત કરતાં કહ્યું કે, 'ભારત અને ચીન હાલમાં જ વાણિજ્યિક અને સાંસ્કૃતિક સંબંધો પુનઃસ્થાપિત કરવા સંમત થયા છે, જેમાં સીધી ફ્લાઈટ્સ, કૈલાસ માનસરોવર યાત્રા ફરી શરુ કરવા અને ઉદાર વિઝા નીતિ જેવા મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ સરકારે તેમાં જણાવ્યું નથી કે, લદ્દાખમાં 2,000 ચોરસ કિલોમીટર વિસ્તાર પાછો મેળવવા માટે કયા પગલાં લેવામાં આવ્યા છે, જ્યાં ભારતીય સેના 2020 સુધી પેટ્રોલિંગ કરી રહી હતી.'

■ **ભારત-ચીન સરહદ વિવાદ: 2020 ની સ્થિતિ કેમ પૂર્વવત્ ન થઈ ?**


કોંગ્રેસે સરકાર પર પ્રહારો કરતાં કહ્યું કે, શું મોદી સરકાર ચીન પાસેથી એપ્રિલ 2020ની યથાસ્થિતિ પુનઃસ્થાપિત કરવામાં નિષ્ફળ ગઈ છે. આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ કહ્યું હતું કે, અમે એપ્રિલ 2020ની સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માંગીએ છીએ. 3 ડિસેમ્બર 2024ના રોજ વિદેશ મંત્રીએ સંસદમાં જણાવ્યું હતું કે, 'કેટલાક વિસ્તારોમાં પરિસ્થિતિને કાયમી ધોરણે બદલવા માટે કામચલાઉ પગલાં લેવામાં આવ્યા છે.

## રાજ્યના નગરો-મહાનગરોમાં ઈઝ ઓફ લિવિંગ વધારવા એક જ દિવસમાં એકસાથે ૫૩૭ કરોડ રૂપિયા વિવિધ વિકાસ કામો માટે મંજૂર કર્યા

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ત્વરિત અને પારદર્શી નિર્ણાયક્તાનો આગવો અભિગમ

ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગ વધારવાના હેતુથી શહેરી જનસુખાકારીના કામો માટે નાણાં ફાળવણીનો ઉદાત્ત અભિગમ અપનાવ્યો છે.મુખ્યમંત્રીએ તેમની સમક્ષ મહાનગરપાલિકાઓ, નવરચિત મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના જનસુખાકારી વિકાસ કામો માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા રજૂ થયેલી દરખાસ્તોના અનુસંધાને એક જ દિવસમાં એક સાથે કુલ ૫૩૭.૨૧ કરોડ રૂપિયા મંજૂર કરીને પારદર્શી અને ઝડપી નિર્ણય શક્તિનું વધુ એક દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે.આ સંદર્ભમાં તેમણે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ ઘટકો અંતર્ગત ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અને ભાવનગર એમ ચાર મહાનગરપાલિકાઓને કુલ રૂ.૩૦૯.૭૨ કરોડ જનસુખાકારીના કામો માટે ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.તદનુસાર, ગાંધીનગર મહાનગરપાલિકાને ખાનગી સોસાયટી જનભાગીદારીના ૧૦ કામો માટે રૂ.૩.૯૮ કરોડ, ભાવનગર મહાનગરપાલિકાને ડ્રેનેજ નેટવર્ક, વોટર સપ્લાય, રોડ અને સ્ટ્રીટ લાઈટના કામો માટે આંતરમાળખાકીય સુવિધા વૃદ્ધિ અન્વયે રૂ.૩૫ કરોડ ફાળવવામાં આવશે.આ ઉપરાંત રાજકોટ મહાનગરમાં રાજકોટ-જેતપુર માર્ગ ફોર લેનથી સિક્સ લેનમાં NHAI દ્વારા રૂપાંતરિત કરવાની ચાલી રહેલી કામગીરીના સંદર્ભમાં પાણી પુરવઠા આધારિત પાઈપલાઈન શિફ્ટ કરવાના કામો માટે રૂ.૨૬૨.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના અંતર્ગત ૨૬૦ ઈલેક્ટ્રિક બસ અને ૭ ઈલેક્ટ્રિક ડબલ ડેકર બસ માટે અનુદાન તરીકે ૫૮.૪૭ કરોડ રૂપિયાની ફાળવણી માટે મંજૂરી આપી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નવરચિત પોરબંદર મહાનગરપાલિકાને



સિટી બ્યુટીફિકેશન તથા સફાઈ કામગીરી માટે રૂ.૧૩.૩૫ કરોડ અને વહીવટી ક્ષમતા વૃદ્ધિના કામો માટે રૂ.૧૧.૬૯ કરોડ મળીને કુલ ૨૫ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે.આ ઉપરાંત રાજ્યની અન્ય સાત નગરપાલિકાઓમાં વિસનગરને ખાનગી સોસાયટી જનભાગીદારી અંતર્ગત સી.સી. રોડ તથા પેવર બ્લોક લગાવવાના ૧૦ કામો માટે રૂ.૧.૫૨ કરોડ, પાલનપુરમાં ઘરોની ગટર લાઈનને મુખ્ય ગટર લાઈન સાથે જોડવાના ૧૬૬ કામો માટે રૂ.૧૧.૬૧ લાખ તથા સ્ટ્રોર્મ વોટર ડ્રેનેજ કામ માટે રૂ.૫૫.૮૬ કરોડ, સિદ્ધપુરમાં વોટર વર્કસ અને ડ્રેનેજ હાઉસ માટે નવી પમ્પિંગ મશીનરી માટે રૂ.૩.૫૬ કરોડ તેમજ આઉટ ગ્રોથ એરિયા વિકાસ કામો અંતર્ગત સી.સી. રોડ બનાવવા માટે ટંકારાને રૂ.૧.૯૧ કરોડ તથા કેશોદને રૂ.૫.૯૯ કરોડ ફાળવવાની મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે દ્વારકા નગરપાલિકાને રૂ.૧૩૧.૭૬ કરોડ ફાળવવામાં આવશે. આ રકમમાંથી દ્વારકા શહેરથી આશરે બે કિલોમીટર પૂર્વે નેશનલ હાઈવે પરથી રૂપેણ બંદર એક્ઝિટ આપી નવા ફોર લેન રોડને કનેક્ટ કરાશે. જેમાં વરસાદી પાણીનો નિકાલ, ફૂટપાથ, સાયકલ ટ્રેક વગેરે સુવિધાના કામો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત દ્વારકા નગરના રૂક્ષ્મણી માતા મંદિર પાસેથી માઈનોર બ્રીજ અને અન્ય સુવિધાઓથી બાયપાસ રિંગરોડ બનાવવાનો પણ મુખ્યમંત્રી શહેરી સડક યોજનાના કામોમાં સમાવેશ કરાશે. આના પરીણામે દ્વારકાધીશના દર્શન માટે આવતા યાત્રિકો તેમજ શિવરાજપુર પ્રવાસનધામની મુલાકાતે આવનારા પ્રવાસન પ્રેમીઓ અને નાગેશ્વર, બેટ દ્વારકા તથા ઓખા તરફ આવતા-જતા નાગરિકોને વાહનવ્યવહાર માટે વધુ સુવિધા મળશે. આ ઉપરાંત દ્વારકાધીશને ધજા ચઢાવવા આવતા યાત્રિકો માટે પણ દ્વારકા નગરમાં થતી ટ્રાફિક જામની સમસ્યાનું નિવારણ થશે. મુખ્યમંત્રીએ કચ્છ જિલ્લાની માંડવી નગરપાલિકાને ચોમાસાને કારણે નુકસાન પામેલા માર્ગોના રિસરફેસિંગ માટે વધારાની ગ્રાન્ટ તરીકે રૂ.૧.૭૦ કરોડ ફાળવ્યા છે.

## હરિયાણાના 27 યુવાનો અંતર રાજ્ય યુવા આદાન પ્રદાન કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગરની મુલાકાતે





ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ

યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય ભારત સરકાર અંતર્ગત કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને માય ભારત ગાંધીનગર દ્વારા તારીખ ૧૫મી ફેબ્રુઅરીથી ૧૯મી ફેબ્રુઅરી સુધી અંતર રાજ્ય યુવા આદાન પ્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં હરિયાણા રાજ્યના કુલ ૫ જિલ્લાઓ ફરીદાબાદ, જીંદ, રોહતક , પાનીપત અને ભિવાનીના ૨૭ યુવાનો ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમ દરમિયાન ૧૭મી ફેબ્રુઆરીની રોજ યુવાનો દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની મુલાકાત લેવામાં આવી. આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહીને યુવાનોને માર્ગદર્શન પાડવામાં આવ્યું. મહાનગરપાલિકાની મુલાકાત દરમિયાન યુવાનો દ્વારા ઈન્ટિગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ સેન્ટરની મુલાકાત પણ લેવામાં આવી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા યુવા અધિકારી કચેરી નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને માય ભારત ગાંધીનગર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## ગુજરાતમાં એરંડાનું ઉત્પાદન વર્ષ 2024-25માં ઓછા વાવેતરને કારણે 6 ટકા ઘટવાનો અંદાજ એસઈએ કેસ્ટર ક્રોપ સર્વે

(એજન્સી) અમદાવાદ । તા. 17

એસઈએ કેસ્ટર ક્રોપ સર્વે 2024-25 મૂજબ ગુજરાતમાં વર્ષ 2024-25માં એરંડાનું ઉત્પાદન 14.75 લાખ ટન રહેવાનો અંદાજ છે, જે વર્ષ 2023-24ના 15.74 લાખ ટનની તુલનામાં 6 ટકા ઓછું છે. વાવેતર હેઠળનો વિસ્તાર 7.24 લાખ હેક્ટરથી 11 ટકા ઘટીને 6.46 લાખ ટન થવાને કારણે આ ઘટાડો જોવા મળશે, જ્યારેકે પ્રતિ હેક્ટર ઉપજ 5 ટકા વધીને 2,281 કિલો થઈ છે.

સોલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિયેશન (એસઈએ) દ્વારા ગાંધીનગરમાં આયોજિત ગ્લોબલ કેસ્ટર કોન્ફરન્સમાં કેસ્ટર ક્રોપ સર્વે 2024-25 રજૂ કરાયો હતો. આ સર્વે મૂજબ ઓગસ્ટમાં ભારે વરસાદને કારણે એરંડાના પાક ઉપર પ્રતિકૂળ અસર થઇ છે, જેનાથી ભારતમાં એરંડાના ઉત્પાદનમાં અગ્રેસર વડોદરા, સુરેન્દ્રનગર અને અમદાવાદ જેવાં મુખ્ય જિલ્લાઓમાં પુનઃવાવેતર થયું અને



રોપાની સંખ્યામાં ઘટાડો થયો છે. એસઈએના ચેરમેન (વેસ્ટ ઝોન) અને એન.કે. પ્રોટીન્સ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર પ્રિયમ પટેલે કહ્યું હતું કે, ગુજરાતમાં એરંડાના ઉત્પાદનમાં અંદાજિત ઘટાડો મુખ્યત્વે એરંડાના વાવેતર વિસ્તારમાં ઘટાડાને આભારી છે. ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ભારે વરસાદ તથા કપાસ અને મગફળી જેવાં બીજા પાક તરફ ઝુકાવને કારણે રાજ્યમાં એરંડાનો વાવેતર વિસ્તાર ઘટ્યો છે. આજની તારીખે અનુકૂળ હવામાનથી ઉપજ વધી છે. જોકે, હવામાનની પરિસ્થિતિને આધારે ભાવિ ઉપજના અંદાજમાં સુધારો થઈ શકે છે. રાજસ્થાનમાં ઉત્પાદન 9 ટકા ઘટીને 2.85 લાખ ટન તથા વાવેતર વિસ્તાર 12 ટકા ઘટીને 1.70 લાખ હેક્ટર થવાનો અંદાજ છે. આન્ધ્ર પ્રદેશ અને તેલંગાણામાં ઉત્પાદન 0.54 લાખ ટન થવાની સંભાવના છે. વાવેતર વિસ્તાર 38 ટકા ઘટવાને કારણે ઉત્પાદન 33 ઘટી શકે છે. ભારતમાં વર્ષ 2024-25માં એરંડાનું કુલ ઉત્પાદન 18.22 લાખ ટન થવાનો અંદાજ છે, જે ગત વર્ષના 19.75 લાખ ટનની સરખામણીમાં 8 ટકા ઓછું છે. કુલ વાવેતર હેઠળનો વિસ્તાર 9.88 લાખ હેક્ટરથી 12 ટકા ઘટીને 8.68 લાખ હેક્ટર થવાની સંભાવના છે. જોકે, ઉપજ પ્રતિ હેક્ટર 1,999 કિલોથી 5 ટકા વધીને 2,101 હેક્ટર થશે.

## 38માં રાષ્ટ્રીય રમતોમાં અમદાવાદ મંડળના રોહન કાંબલેએ હર્ડલ રેસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

અમદાવાદ : પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ ના મિકેનિકલ વિભાગમાં જુનિયર ક્લાર્ક ના પદ પર કાર્યરત શ્રી રોહન ગૌતમ કાંબલે એ 8 ફેબ્રુઆરી થી 12 ફેબ્રુઆરી 2025 સુધી ઉત્તરાખંડના દેહરાદૂન ખાતે યોજાયેલી 38મી રાષ્ટ્રીય રમતોમાં શાનદાર પ્રદર્શન કર્યું અને હર્ડલ રેસ માં બ્રોન્ઝ મેડલ જીત્યો. સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર (કોઓર્ડિનેશન) શ્રી જગદંબા પ્રસાદે માહિતી આપતાં જણાવ્યું હતું કે શ્રી રોહને એથ્લેટિક્સ સ્પર્ધામાં 400 મીટર હર્ડલ રેસમાં ભાગ લીધો હતો અને તેને 51.77 સેકન્ડમાં પૂર્ણ કરી હતી. આ અનોખી સફળતાએ તેમની વ્યક્તિગત ક્ષમતાઓનું પ્રદર્શન જ નહીં પરંતુ અમદાવાદ મંડળ નું નામ પણ રોશન કર્યું . મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી સુધીર કુમાર શર્માએ શ્રી રોહન કાંબલેને આ ઉત્તમ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું, રોહનની મહેનત અને સમર્પણથી અમદાવાદ મંડળ ને ખૂબ ગર્વ થયો છે. અમે તેને ભવિષ્યના પ્રયાસોમાં સતત સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

વિવિધ એન્જિનિયરિંગ કામો

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂ.) | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | 218-2024-25<br>જૂથ કાર્ય: (1) ધારી-વિસાવદર (MG) વિભાગ-TSR (S) 17 KMs. (2) અમરેલી-ચલાલા અને વિસાવદર તાલાલા (MG) વિભાગ-TSR (S) 12 KMs. (3) ખીજડિયા - વેરાવળ વિભાગ (MG) વિભાગ ટર્નઆઉટ નવીકરણ દ્વારા | 4,09,26,292.08 | 3,54,600.00 |
| 2 | 219/2024-25<br>અમરેલી-ચલાલા સેક્શન (MG) સેક્શન CTR(s): ૮.૭ કિમી (કિમી.19-8 થી 28-5) | 2,13,03,818.55 | 2,56,500.00 |
| 3 | 220-2024-25<br>અમરેલી-ધારી સેક્શન (MG) સેક્શન CTR(S) 3.27 કિમી (કિમી 28.5 થી 31.77) | 82,04,369.49 | 1,64,100.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : **બિડિંગની શરૂઆતની તારીખ :** 24/02/2025 **બિડની બંધ થવાની તારીખ :** 10/03/2025 NIT રેલ્વે વેબસાઇટ www.ireps.gov.in પર **તારીખ : 14/02/2025** ના રોજ અપલોડ કરવામાં આવી છે. 200

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**OFFICE OF THE DIRECTOR GENERAL ASSAM RIFLES, SHILLONG - 793 010**

**ASSAM RIFLES TECHNICAL AND TRADESMAN RECRUITMENT RALLY 2025**

1. Assam Rifles Technical and Tradesman Recruitment Rally 2025 is tentatively scheduled from **3rd/4th week of April 2025 onwards** for enrolment into Group B and C posts against **215** vacancies. Applications are invited from eligible candidates male / female for the trades/ posts as mentioned below:-

| | | | |
|---|---|---|---|
| (a) | Religious Teacher (RT) | - | 03 |
| (b) | Radio Mechanic (RM) | - | 17 |
| (c) | Lineman (Lmn) Field | - | 08 |
| (d) | Engineer Equipment Mechanic (EE Mech) | - | 04 |
| (e) | Electrician Mechanic Vehicle | - | 17 |
| (f) | Recovery Vehicle Mechanic | - | 02 |
| (g) | Upholster | - | 08 |
| (h) | Vehicle Mechanic fitter | - | 20 |
| (j) | Draughtsman | - | 10 |
| (k) | Electrical and Mechanical | - | 17 |
| (l) | Plumber | - | 13 |
| (m) | Operation Theatre Technician (OTT) | - | 01 |
| (n) | Pharmacist | - | 08 |
| (o) | X-Ray Assistant | - | 10 |
| (p) | Veterinary Field Assistant (VFA) | - | 07 |
| (q) | Safai | - | 70 |
| | Total | - | 215 |

2. The aspirants are hereby advised to regularly visit the Assam Rifles Official website (www.assamrifles.gov.in) for further details and submission of online application.
3. Vacancies are tentative & is subject to variations. The Assam Rifles has the right to make any change in the advertisement or cancel it without assigning any reasons.
4. In case of any query, the following numbers may be contacted on any working day from 0900 hrs to 1700 hrs:-
(a) 0364-2585118 (b) 0364-2585119 (c) 8794101693

Sd/- x-x-x
(Keshav Sharma)
Dy Comdt, SO-2 (Rect)

## રાજ્યની GMERS સંલગ્ન સાત હોસ્પિટલમાં અત્યાધુનિક હાઇ એન્ડ માઇક્રોસ્કોપ ઉપલબ્ધ થયા

### અંદાજીત 7 કરોડના ખર્ચે રાજ્યની સોલા (અમદાવાદ), ગાંધીનગર, ગોત્રી (વડોદરા), પાટણ, હિંમતનગર, જૂનાગઢ અને વલસાડની GMERS મેડિકલ હોસ્પિટલને હાઇએન્ડ માઇક્રોસ્કોપ મળ્યા

ગાંધીનગર સંવાદદાતા । વિજયવીર યાદવ

રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગની સેવાઓને ઉત્તમ થી સર્વોત્તમ બનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે. રાજ્યની 7 GMERS સંલગ્ન હોસ્પિટલમાં અત્યાધુનિક નવીન હાઇ એન્ડ માઇક્રોસ્કોપ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. અંદાજીત રૂ. 7 કરોડના ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવેલ આ હાઈ-એન્ડ માઇક્રોસ્કોપ દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે. આ માઈક્રોસ્કોપના પ્રત્યેક યુનિટની કિંમત આશરે 1 કરોડ રૂપિયા છે. ગુજરાતની સોલા (અમદાવાદ), ગાંધીનગર, ગોત્રી (વડોદરા), પાટણ, હિંમતનગર, જૂનાગઢ અને વલસાડની GMERS મેડિકલ હોસ્પિટલને આ આધુનિક ઉપકરણ મળ્યું છે. આ માઈક્રોસ્કોપ દ્વારા GMERS મેડિકલ હોસ્પિટલને 'સેન્ટર ઓફ એક્સેલન્સ' તરીકે વિકસાવવાની દિશામાં પ્રેરણા મળશે. ગુજરાતના નાગરિકોને વિદેશી સ્તરની તબીબી સારવાર ઘરઆંગણે જ ઉપલબ્ધ થશે. આ સુવિધાથી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ, છોટા ઉદેપુર, મહિસાગર, જુનાગઢ, વલસાડ, નવસારી, ડાંગ, ગીર-સોમનાથ, અમરેલી જિલ્લાના આશરે 4 હજારથી વધુ ગામોને આરોગ્યલાભ મળશે. આ માઈક્રોસ્કોપ પાવર ગ્રિડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (PGCIL), જે ભારત સરકારની મહારત્ન કંપની છે, તેના સી.એસ. આર. યોજના અંતર્ગત રાજ્ય માટે ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. પાવરગ્રિડ વીજ પરિવહન ક્ષેત્રે મહત્વનું કાર્ય કરે છે અને આરોગ્ય, શિક્ષણ અને સામાજિક વિકાસ માટે સામાજિક દાયિત્વને પણ પૂર્ણ કરે છે. ઊચ્ચ-ગુણવત્તાવાળી ઝૂમ ટેક્નોલોજી, ઓપરેશન દરમિયાન ટિશ્યૂના ઝીણાં ભાગો સ્પષ્ટ રીતે જોવા માટે. જન્મજાત બહેરાશ માટે કોક્લિઅર ઈમ્પ્લાન્ટ સર્જરી, માથાના આંતરિક ભાગે થતી ગાંઠો માટે સ્કલ બેઝ સર્જરી,નાના તથા મોટા મગજમાં થતી ગાંઠો દૂર કરવા એટલે કે સી.પી. એંગલ (મગજ)ની સર્જરી તથા ચહેરાની નસની નબળાઈ કે ઈજા માટેની સર્જરી માટે વિશેષ ઉપયોગી.

## જાફરાબાદના દુધાળા ગામે ધોળા દિવસે રોડ પર સિંહની લટારનો વિડીયો વાયરલ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

જાફરાબાદ ના દુધાળા ગામે ધોળા દિવસે રોડ ઉપર લટાર મારતાં સિંહનો વિડિયો વાઈરલ જિલ્લા મા ફરી સિંહ નો વિડીયો થયો વાયરલ જાફરાબાદ ના દુધાળા બ્રિજ ઉપર સિંહ જોવા મળ્યોઅમરેલી જિલ્લામાં અનેક વાર સિંહોના વિડિઓ જોવા મળતા હોય છે.દુધાળા થી પસાર થતો ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે ઉપર સિંહો જોવા મળ્યા સિંહો જંગલો છોડી ગ્રામ્ય રહેણાંકી વિસ્તારોમાં આવી ચડ્યા હોય છે. સિંહ રોડ પસાર કરતા મોબાઈલ કેમેરામાં કેદ થયો સિંહ રોડ પસાર કરતા વાહનોના પૈડા થંભી ગયા હતા વાહન ચાલકો સિંહનો નજારો માણી રહ્યા હતા.



## દરભંગા-અમદાવાદ ક્લોન સ્પેશિયલ ટ્રેન વટવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે

અમદાવાદ : પશ્ચિમ રેલવે ના અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટ કાર્યના સંદર્ભમાં આરએલડીએ દ્વારા પ્રસ્તાવિત બ્લોકને કારણે, 3 માર્ચ 2025 થી આગામી સૂચના સુધી દરભંગા-અમદાવાદ સાપ્તાહિક ક્લોન સ્પેશિયલ ટ્રેન વટવા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. 3 માર્ચ 2025 થી આગળ ની સૂચના સુધી, દરભંગાથી ચાલતી ટ્રેન નંબર 09466 દરભંગા-અમદાવાદ સાપ્તાહિક ક્લોન સ્પેશિયલ વટવા સ્ટેશન પર (16.25 કલાકે) શોર્ટ ટર્મિનેટ થશે અને અમદાવાદ સ્ટેશન પર જશે નહીં. મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## એઆઈ-સંચાલિત આઈટી પરિવર્તન: ટીસીએસ અને યુપીએમએ આઈટી કામગીરીને આધુનિક બનાવવા માટે ભાગીદારી કરી

(એજન્સી) મુંબઇ । તા. 17

આઈટી સર્વિસિસ, કન્સલ્ટિંગ તથા બિઝનેસ સોલ્યુશન્સ ક્ષેત્રની વિશ્વની ટોચની કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) (બીએસઈ: 532540, એનએસઈ: ટીસીએસ), એ ડીકાર્બનાઈઝેશન સોલ્યુશન્સ, એડવાન્સ્ડ મટિરિયલ્સ, રિન્યુએબલ ફાઈબર્સ અને કમ્યુનિકેશન પેપર્સના બિઝનેસ પોર્ટફોલિયો સાથે વૈશ્વિક કંપની યુપીએમના એન્ડ-ટુ-એન્ડ આઈટી ટ્રાન્સફોર્મેશનને આગળ વધારવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે ટકાઉ, રિન્યુએબલ ફીડસ્ટોક પર આધારિત છે. ડિજિટલ ટ્રાન્સફોર્મેશનથી યુપીએમ માટે વૃદ્ધિને વેગ મળશે, ગ્રાહકોને બહેતર અનુભવ મળશે અને એઆઇ-ફર્સ્ટ ઓપરેટિંગ મોડલના અમલને વેગ મળશે. યુપીએમની એન્ટરપ્રાઈઝ આઈટી વેલ્યુ ચેઈનને મજબૂત કરવા માટે ટીસીએસ એઆઇ સંચાલિત ઓટોનોમસ એન્ટરપ્રાઈઝ પ્લેટફોર્મ ઈગ્નિઓTM સ્થાપિત કરશે. આ પ્લેટફોર્મ ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો કરવા ઉપરાંત સતત સુધારાને સક્ષમ બનાવશે તથા આઈટી સિસ્ટમની સજ્જતા અને વિશ્વસનીયતામાં વધારો કરશે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

ઇલેક્ટ્રિકલ કાર્યો

**ઈ-ટેન્ડર - નોટિસ સંખ્યા : Sr.DEE/ADI/65 (24-25) તારીખ - 17.02.2025 ટેન્ડર સંખ્યા :** EL-50-1-ADI-T-84-2024-25 **કાર્યનું નામ :** અમદાવાદ વિભાગ - 02 વર્ષના સમયગાળા માટે વિવિધ ક્ષમતાના સબમર્સિબલ પંપ મોટરના વ્યાપક જાળવણી સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્યો. **અંદાજિત કિંમત :** ₹63,40,800/- **અર્નેસ્ટ મની ડિપોઝિટ :** ₹1,26,800/-/ **ટેન્ડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય :** 18.03.2025 ના રોજ 15:00 કલાક સુધી. **ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય :** 18.03.2025 ના રોજ 15.30 કલાકે. **ઓફિસનું સરનામું :** સિનિયર. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 652345 **વેબસાઇટ સરનામું :** www.ireps.gov.in 324

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**FEDERAL BANK**
YOUR PERFECT BANKING PARTNER

બ્રાંચ અમદાવાદ એસ.જી. હાઈવે | શોરૂમ નં. ૧૧, ઝોડિયાક સ્ક્વેર, ગુરુદ્વારા સામે, સી.જી. હાઈવે, અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૫૪

**ગોલ્ડ લોન - વેચાણ નોટીસ**

આથી જાહેર જનતાને અને ખાસ કરીને ખાતાધારકોને સૂચના આપવામાં આવે છે કે નીચે જણાવેલ ખાતા/ઓ માં ગીરવે રાખેલા સોનાના દાગીનાની ઈ-ઓક્શન ફેડરલ બેંક લિમિટેડ દ્વારા 07/03/2025 ના રોજ ઓનલાઈન પોર્ટલ દ્વારા હાથ ધરવામાં આવશે, https://gold.samil.in પર રસ ધરાવતા ખરીદદારો હરાજી પોર્ટલ પર લૉગ ઇન કરી શકે છે અથવા વધુ માહિતી માટે બેંકનો સંપર્ક કરી શકે છે. જો ઉપર દર્શાવેલ તારીખે કોઈપણ કારણોસર ઈ-ઓક્શન સાકાર ન થાય તો, ગીરવે મૂકેલા આભૂષણોની કોઈપણ અથવા તમામ વસ્તુઓના સંદર્ભમાં, બેંક આગળની કોઈપણ તારીખ/ઓ પર કોઈપણ વધુ સૂચના વિના વસ્તુઓનું ખાનગી વેચાણ હાથ ધરશે.

| શાખાનું નામ | લોન એકાઉન્ટ નંબર |
|---|---|
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736400001593 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736400001809 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736800020474 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736100017394 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736100016958 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736400001619 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736400001759 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736800016985 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736100017444 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736400001577 |
| અમદાવાદ /એસ.જી. હાઈવે | 22736100017576 |
| સ્થળ : અમદાવાદ<br>તારીખ : 17/02/2025 | S/d- અધિકૃત અધિકારી<br>ધી ફેડરેલ બેન્ક લિમિટેડ લિ. વતી |

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

ઇલેક્ટ્રિકલ વર્ક

**ટેન્ડર આમંત્રણ સૂચના સંખ્યા : DRM-SnT-ADI-Sig 15 વર્ષ 2024-25** ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્ય કરતા DRM/S&T, ટેન્ડર સંખ્યા : DRM-SnT-ADI-Sig 15 વર્ષ 2024-25 માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે, છેલ્લી તારીખ 17.03.2025, 15:00 બિડર્સ તેમની મૂળ/સુધારેલી બિડ ફક્ત છેલ્લી તારીખ અને સમય સુધી જ સબમિટ કરી શકે છે, આ ટેન્ડર માટે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી, અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **(1) કાર્યનું નામ :** અમદાવાદ વિભાગના ખોડિયાર - ગાંધીનગર - કલોલ ખાંડમાં કવર્ડ અપ્રોચની સાથે રોડ અંડરબ્રિજ ઉપલબ્ધ કરાવીને લેવલ ક્રોસિંગ ને સમાપ્ત કરાવવાના સબંધમાં KYOSAN મેક ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ સિસ્ટમ માં ફેરફાર / સુધારણા. **(2) કામનો અંદાજિત ખર્ચ :** ₹1,66, 98,134.53/- (રૂપિયા એક કરોડ છાસઠ લાખ અઠ્ઠાણુ હજાર એકસો ચોત્રીસ અને ત્રેપન પૈસા માત્ર) **(3) અર્નેસ્ટ મની ડિપોઝિટ :** ₹2,33,500/- (રૂપિયા બે લાખ તેત્રીસ હજાર પાંચસો માત્ર) **(4) બંધ થવાની તારીખ અને સમય :** 17.03.2025 ના રોજ 15:00 કલાક પછી નહીં. **(5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** 17.03.2025 ના રોજ 15:30 વાગ્યે ખુલશે. **(6) ઈ-ટેન્ડરિંગ વેબસાઇટ :** www.ireps.gov.in 323

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## અંબુજા સિમેન્ટ્સે 'લખપતિ દીદી' પહેલ દ્વારા ભાટાપારામાં ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકોને સશક્ત કર્યાં

(એજન્સી) રાયપુર । તા. 17



વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોની સિમેન્ટ અને બિલ્ડિંગ મટિરિયલ કંપની અંબુજા સિમેન્ટ્સ પરિવર્તનકારી 'લખપતિ દીદી' પ્રોગ્રામ દ્વારા ભાટાપારામાં ગ્રામીણ મહિલાઓ વચ્ચે આર્થિક સશક્તિકરણને પ્રોત્સાહન આપી રહ્યું છે. સૂક્ષ્મ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા તથા તાલીમ અને સંસાધનોમાં વ્યાપક સહાયતા પ્રદાન કરતાં કંપનીની સીએસઆર પહેલ મહિલાઓને આર્થિક સ્વતંત્રતા અને સ્થાયી આજીવિકા હાંસલ કરવામાં મદદ કરી રહી છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયની પહેલ 'લખપતિ દીદી'નો ઉદ્દેશ્ય સ્વ-સહાય જૂથ (એસએચજી)ની મહિલાઓને વાર્ષિક રૂ. 1 લાખ અથવા તેનાથી વધુ ઘરેલુ આવક પ્રાપ્ત કરવા સશક્ત કરવાનો છે. અંબુજા સિમેન્ટ્સની સીએસઆર ટીમે આ કાર્યક્રમ માટે ભાટાપારની 188 મહિલાઓની ઓળખ કરી અને તેમને આ ઉપલબ્ધી હાંસલ કરવા માટે આવશ્યક ઉપકરણ અને પ્રશિક્ષણ આપ્યું. ઘણી મહિલાઓએ સિલાઇ, શાકભાજીની ખેતી અને રિટેઇલ સ્ટોર જેવાં ઉદ્યોગોમાં સફળતાપૂર્વક કામગીરી શરૂ કરી, જેનાથી તેમની જીવન ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો તથા બીજા સમુદાયોને પણ તેનાથી પ્રેરણા મળી છે. આ પહેલથી ફેન્સી સ્ટોર માલીક કુલેશ્વરી વર્મા જેવી મહિલા વાર્ષિક રૂ. 3.75 લાખ અને શાકભાજીની ખેતી કરતી કુસુમ પટેલને વાર્ષિક રૂ. 1.1 લાખની કમાણી સાથે પરિવર્તાનકારી નાણાકીય વૃદ્ધિ હાંસલ કરવા સક્ષમ બની છે. તેમની સાફલ્યગાથા દર્શાવે છે કે સંસાધનોની પહોંચ અને સતત સમર્થન ગ્રામીણ મહિલાઓની ઉદ્યોગસાહસિક ક્ષમતાને કેવી રીતે આગળ ધપાવી શકે છે. અંબુજા સિમેન્ટ્સ તેની સીએસઆર પહેલ દ્વારા સમાવિષ્ટ વિકાસ અને ટકાઉ આજીવિકાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકોને ટેકો આપીને કંપની આર્થિક સશક્તિકરણ અને લાંબા ગાળાના સમુદાય વિકાસ પ્રત્યેના તેના સમર્પણ પર ભાર મૂકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## માલિકને કરેલા કોલમાં 13 કૂકડાની બાંગથી ગુનો સાબિત થયો : કૃત્યના 15 દિવસમાં ચાર્જશીટ ને 132 દિવસમાં જ આજીવન કેદની સજા

# માંગરોળ ગેંગરેપ આરોપીઓ પોતાની જ જાળમાં ફસાયા

સુરત | સુરતના માંગરોળના ચકચારી ગેંગરેપ કેસમાં કોર્ટે બંને આરોપીને છેલ્લા શ્વાસ સુધી આજીવન કેદની સજા ફટકારી છે. સાડાચાર મહિના પહેલાં નવરાત્રિ સમયે કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરા પર થયેલા ગેંગરેપ કેસમાં કોર્ટે ઝડપી ટ્રાયલ ચલાવી માત્ર 130 દિવસમાં જ ચુકાદો આપ્યો છે. ગેંગરેપ મામલે પોલીસે કુલ ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતા, જેમાં એકનું ટ્રાયલ દરમિયાન બીમારીને કારણે મોત નીપજ્યું હતું, જેથી બે આરોપી સામે ટ્રાયલ ચાલી હતી અને બંનેને કોર્ટે શનિવારે કસૂરવાર ઠેરવ્યા હતા. નોંધનીય છે કે, આ કેસમાં સગીરાની અને તેના મિત્રની જુબાની મહત્ત્વની સાબિત થઈ છે.

આ ઉપરાંત પોલીસે સાયન્ટિફિક પુરાવા પણ રજૂ કર્યા હતા, જે પણ કોર્ટે માન્ય રાખ્યા. બનાવ સમયે ચંદ્રનો પ્રકાશ હોવાના કારણે અને આરોપીએ ફ્લેશ લાઈટ કરતાં સગીરાએ આરોપીનો ચહેરો જોયો હતો. કોર્ટમાં પણ પીડિતાએ આરોપીને ઓળખી બતાવ્યો હતો. કોર્ટમાં ગુનો સાબિત કરવા આરોપીએ તેના માલિકને કરેલા કોલના ઓડિયો રેકોર્ડિંગમાં 13 કુકડાના બાંગથી ગુનો સાબિત કરાયો. આજે પોલીસ દ્વારા ગેંગરેપ કેસના બંને આરોપી, મુન્ના કરબલી પાસવાન અને રાજુને કોર્ટમાં લઈ આવવામાં આવ્યા હતા. આરોપી મુન્ના વ્હીલચેર પર હતો, જ્યારે આ વ્હીલચેર રાજુ ખેંચી રહ્યો હતો. કોર્ટના મેઈન ગેટથી કોર્ટરૂમની અંદર સુધી, આરોપી મુન્ના પોતાની આંગળીના વેઢે કંઈક મનમાં બોલી રહ્યો હતો. તેની હરકત ત્યારે બંધ થઈ જ્યારે જજ દ્વારા તેને સજા ફટકારવામાં આવી.

આ સમગ્ર મામલે સુરત જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ હિતેશ જોયસરે જણાવ્યું હતું કે, 8 ઓક્ટોબરના રોજ ખૂબ જ ગંભીર અને સંવેદનશીલ ઘટના બની હતી. ત્રણ નરાધમોએ સગીર સાથે દુષ્કર્મ આચર્યું હતું. જે અંગે કોસંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી.

ઘટના બાદ તમામ ટીમો, ડોગ સ્ક્વોડ અને FSLની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ સાથે પાંચ કિલોમીટરના રેન્જમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. બાઈકના માધ્યમથી આ ગુનો ડિટેક્ટ થયો હતો અને આરોપીઓની ઓળખ થઈ હતી. સુરત પોલીસ દ્વારા ગ્રામ્ય પોલીસની પણ મદદ લેવામાં આવી હતી.



**48 કલાકમાં આરોપીઓની ધરપકડ :** આરોપીઓની ધરપકડ 48 કલાકની અંદર કરવામાં આવી. 50થી વધુ અધિકારીઓની ટીમ ડીવાયએસપી આર.આર.સરવૈયાના વડપણ હેઠળ કાર્યરત હતી અને 100થી વધુ અધિકારીઓએ આરોપીઓને પકડવા માટે જહેમત ઉઠાવી હતી. 24 ઓક્ટોબરના રોજ પોલીસે ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરી હતી. ટેકનિકલ અને નોન-ટેકનિકલ પુરાવા, FSL રિપોર્ટ, વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી - તમામ પ્રકારના આદર્શ પુરાવા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. 15 ફેબ્રુઆરીના રોજ કોર્ટે આરોપીઓને દોષી ઠેરવ્યા હતા અને તેમને આજે જીવનના છેલ્લા શ્વાસ સુધીની સજા સંભળાવી.

### 15 દિવસમાં FSL અને વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી રિપોર્ટ

FSL રિપોર્ટ અને વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી રિપોર્ટ ઝડપથી મળી રહે, તે માટે ડીવાયએસપી લેવલથી મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હતું. બંને રિપોર્ટ 15 દિવસમાં કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા હતા, જે મહત્વપૂર્ણ પુરાવા સાબિત થયા. સાયન્ટિફિક પુરાવાઓમાં આ ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવ્યું, કારણ કે વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી રિપોર્ટમાં સ્પષ્ટપણે જાણવા મળ્યું હતું કે આરોપી પોતાનો ગુનો સ્વીકારી રહ્યો હતો.

### માલિકને કરેલા કોલના રેકોર્ડિંગથી ગુનો સાબિત થયો

સરકારી વકીલે જણાવ્યું હતું કે, આરોપીઓએ કૃત્ય આચર્યા બાદ પોતાના માલિકને ફોન કરીને હકીકત જણાવી હતી અને સામે પૈસા આપી કેસને રફેદફે કરી દેવા માટે વાત કરી હતી. જે તમામ વાતનું રેકોર્ડિંગ આરોપીઓના માલિકે પોતાના ફોનમાં કરી પોલીસ સમક્ષ હાજર કર્યું હતું. જેમાં આરોપી જે સમયે નાસભાગ કરી રહ્યાં હતા. ત્યારે જે સમયે રોકાયા હતા અને જે જગ્યાએથી તેઓ વાત કરી રહ્યાં હતા. ત્યાંથી 13 વાર કુકડો બોલતો હતો, જેથી ઓડિયોગ્રાફી સાથે કોઈ છેડછાડ કરવામાં આવ્યું ન હોવાનું સાબિત થતાં ગુનો આરોપીઓએ આચર્યો હતો તે 13 કુકડાની બાંગથી સાબિત થયો હતો.

# વીફરેલા આખલાએ વૃદ્ધને પાંચ ફૂટ ઉછાળ્યા..... લાકડીથી દૂર કરવાનો પ્રયત્ન કર્યો તો શિંગડે ભરવીને ફેંકી દીધા

(એજન્સી) સુરત | તા. 16

કચ્છ | કચ્છમાં રખડતાં ઢોરનો ત્રાસ એક ગંભીર સમસ્યા બની ગઈ છે. ગામની ગલીઓથી માંડીને શહેરની શેરીઓમાં રખડતાં પશુઓને કારણે વારંવાર નાગરિકોને ઈજાઓ સહન કરવી પડે છે. ત્યારે વધુ એક ગંભીર ઘટના ભુજમાં સામે આવી છે, જ્યાં આખલાએ વૃદ્ધને શિંગડે ભરવીને અંદાજિત પાંચ ફૂટ સુધી ઉછાળ્યા છે. હાલ વૃદ્ધની હાલત ગંભીર છે.

ઘટના અંગે મળતી માહિતી મુજબ ભુજ નજીક આવેલા પટેલ ચોવીસીના માધાપર ગામમાં રખડતા આખલાએ એક વૃદ્ધ પર હુમલો કર્યો હતો. સરસ્વતી શાળા નજીકના રહેણાક વિસ્તારમાં બનેલી આ ઘટનામાં 66 વર્ષીય સામજી પ્રેમજી હીરાણી ગંભીર રીતે ઘાયલ થયા છે. રામજી હીરાણી ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક સામેથી આવેલા આખલાને તેમણે લાકડી વડે દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આક્રમક બનેલા આખલાએ તેમના પર હુમલો કરી, શિંગડાથી ભેટી મારીને હવામાં ફંગોળી દીધા હતા. આ સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

હુમલામાં વૃદ્ધને કમરના ભાગે ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની સર્જરી કરવામાં આવી છે. હાલ તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાના પગલે માધાપર નવા વાસના રહીશોમાં ભયનો માહોલ છવાયો છે. સમગ્ર કચ્છમાં રખડતાં ઢોરોના કારણે વારંવાર નાગરિકોને ઈજાઓ સહન કરવી પડે છે.



### ગોંડલમાં આખલાએ યુવકને દોડાવ્યો

ગઈકાલે ગોંડલમાં પણ કંઈક આવી જ ઘટના ઘટી હતી. શહેરની એમ.બી.આર્ટ્સ કોલેજ નજીક એક આખલાએ યુવાન પર હુમલો કર્યો હતો. જે ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો, જેમાં આખલો યુવાનની પાછળ દોડતો જોવા મળે છે. આ હુમલામાં આખલાએ બે લોકોને હડફેટે લીધા હોવાનું સામે આવ્યું છે. એટલું જ નહીં, એક ખાણી-પીણીની રેકડી સાથે પણ અથડાતા તેને નુકસાન પહોંચ્યું હતું.

# કારે બાઈકસવાર પરિવારને ઉડાવ્યો

સુરત | સુરતમાં વધુ એક હિટ એન્ડ રનનો બનાવ સામે આવ્યો છે. થોડા દિવસ પહેલાં લાલ દરવાજા વિસ્તારમાં સર્જાયેલા અકસ્માતના સીસીટીવી સામે આવ્યા છે. આંખના પલકારામાં પૂરપાટ ઝડપે આવતી કારનો ચાલક બાઈક સવાર પરિવારને ઉડાવીને ફરાર થઈ ગયો હતો. આ અકસ્માતમાં ગર્ભવતી પત્ની અને પતિ ઈજાગ્રસ્ત થયાં હતાં જ્યારે તેમની સાથે રહેલી ત્રણ વર્ષની બાળકીના હોઠમાં ઈજા થતા ચાર ચાર ટાંકા લેવા પડ્યા હતા.

હાલ આ તમામની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. આ મામલે મહીધરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધીને શોધખોળ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે સુરતના સલાબતપુરા વિસ્તારમાં 26 વર્ષીય સારિક અનવર ગુલામ દસ્તગીર સંયુક્ત પરિવાર સાથે રહે છે. પરિવારમાં માતા-પિતા, પત્ની, ભાઈ-ભાભી અને એક ત્રણ વર્ષની દીકરી છે. સારિક ટેક્સ્ટાઈલ માર્કેટમાં સાડીઓનું કટિંગ અને ફોલ્ડિંગનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યો છે. ગત 9 ફેબ્રુઆરીના રોજ રાત્રે સારિક તેની ગર્ભવતી પત્ની અને ત્રણ વર્ષીય દીકરી બાઈક પર ફૂલવાડી ખાતે આવેલી દરગાહ પર દર્શન કરવા માટે ગયા હતા. ત્યાંથી રાત્રે 11 વાગ્યે દર્શન કરીને પરત ઘરે પરત ફરી રહ્યા હતા.




### પૂરપાટ આવતા કારચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી

બાઈક પર પરિવાર સાથે મહિધરપુરા ગોતાલાવાડી અને લાલ દરવાજા વચ્ચે આવેલા સુઝુકીના શોરૂમ પાસેથી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન બમ્પ પાસે બાઈક ધીમી કરતા પાછળથી પૂરપાટ અને ગફલતભરી રીતે કાર ચલાવીને આવેલા ચાલકે બાઈકને ટક્કર મારી આખા પરિવારને ઉડાવી દીધો હતો. ગર્ભવતી માતાએ બાળકીને પકડી રાખી હતી અને રોડ પર પટકાયાં હતાં. પતિને પણ ઈજા થવા છતાં દીકરીને ઉઠાવીને કાર પાછળ દોડ્યો હતો.

## પોલીસને બગાસુ ખાતા પતાસુ મળી ગયું...!

# હેલ્મેટ વિના અટકાવતાં પોલીસ સાથે જીભાજોડી કરી અને ભાગવાનો પ્રયાસ કર્યો, ચેક કર્યું તો ચપ્પુ મળ્યું...



(એજન્સી) સુરત | તા. 17

સુરતમાં સીમાડા ચાર રસ્તા પાસે હેલ્મેટ વિના બાઈક ચલાવવા બદલ અટકાવવામાં આવેલા યુવકે દંડ ભરવાને બદલે જીભાજોડી કરી હતી. આ સાથે ભાગવાનો પ્રયાસ કર્યો હતો. તેના ખિસ્સા ચેક કરતા ચપ્પુ મળી આવતાં યુવક વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે યુવકને અટકાવવા અને ભાગવાનો પ્રયાસ કરવાની ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. શહેરમાં હેલ્મેટને લઈ પોલીસે કરેલા જાગૃતિના પ્રયાસો બાદ હવે દંડવાની શરૂઆત કરવામાં આવી છે. 15મી ફેબ્રુઆરીથી સખત રીતે શરૂ કરાયેલી આ ઝુંબેશ વચ્ચે ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર સી.એસ. ધોકડિયા ટીમ સાથે રવિવારે સીમાડા ચાર રસ્તા પાસે વાહન ચેકિંગ કરી રહ્યા હતા. સાડા દસેક વાગ્યાના અરસામાં એક બાઈકસવારને હેલ્મેટ વિના અટકાવ્યો હતો.

પોલીસે તેને અટકાવી હેલ્મેટ નહિ પહેર્યું હોઈ દંડ ભરવાનું કહ્યું હતું. દંડ ભરવાને બદલે પોલીસ સાથે જીભાજોડી પર ઉતરી પડેલાં યુવકને ડિટેઈન કરી ચેક કરવામાં આવતાં તેના ખિસ્સામાંથી ચપ્પુ મળી આવ્યું હતું. ટ્રાફિક પોલીસ દ્વારા ચપ્પુ સાથે પકડાયેલા યાશિક મુકુન્દ જોષી (રહે. રચના ચેમ્બર્સ, વરાછા રોડ) વિરુદ્ધ ચપ્પુ રાખવા બદલ સરથાણા પોલીસ મથકે ફરિયાદ કરી હતી. સરથાણા પોલીસે આ મામલે ગુનો નોંધી યુવકની અટકાયત કરી હતી.

## પટેલ પરિવારની જાન નીકળે એ પહેલાં જ બસમાં આગ...

# જાનૈયાઓ બેસવાની તૈયારીમાં હતા ને એન્જિનમાં સ્પાર્ક થયો, અફરાતફરીનો માહોલ સર્જાયો...

(એજન્સી) ભાવનગર | તા. 17

આજનો સોમવાર ભાવનગર માટે ભારે હોય એમ બે દુર્ઘટના સામે આવી છે. પહેલી ઘટના જિલ્લાના સિહોર પાસેથી સામે આવી છે. જ્યાં જાનૈયાઓની બસમાં અચાનક આગ ભભૂકી છે. જ્યારે બીજી ઘટના ભાવનગર શહેરમાંથી સામે આવી છે. જ્યાં કન્સ્ટ્રક્શન સાઈટ પર સિમેન્ટ મિક્સર ટ્રક પોચી જમીનમાં ફસાતા બે લોકો દબાયા હતા, જેમાં એકનું સારવાર દરમિયાન મોત થયું છે.પહેલી ઘટના વિશે વિસ્તારથી વાત કરીએ તો ભાવનગર જિલ્લાના સિહોર તાલુકાના બજુડ ગામમાં આજે સવારે પટેલ પરિવારના લગ્નપ્રસંગે ગારિયાધાર જવા માટે આવેલી ભૂમિ ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગામના પાદરમાં ઊભેલી બસમાં જાનૈયાઓ બેસવાની તૈયારી કરી રહ્યા હતા, તે દરમિયાન બસના એન્જિનમાં સ્પાર્ક થતાં આગ ભભૂકી ઊઠી હતી. સદનસીબે, સમયસૂચકતા દાખવીને તમામ જાનૈયાઓ બસમાંથી સલામત બહાર નીકળી ગયા હતા, જેના કારણે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. ઘટનાની જાણ થતાં જ સોનગઢ પોલીસ અને સિહોર ફાયરબ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો સતત મારો ચલાવીને આગ પર કાબૂ મેળવ્યો હતો, જોકે આગમાં બસ સંપૂર્ણપણે સળગી ગઈ હતી. સોનગઢ પોલીસ સ્ટેશનના PSI સહિતના અધિકારીઓએ ઘટના સ્થળની મુલાકાત લઈ તપાસ હાથ ધરી હતી. ભૂમિ ટ્રાવેલ્સના સંચાલકોએ તાત્કાલિક જાનૈયાઓ માટે વૈકલ્પિક બસની વ્યવસ્થા કરી આપી હતી, જેથી લગ્નપ્રસંગમાં કોઈ વિક્ષેપ ન પડે.



### અંકલેશ્વર GIDCમાં પણ ભીષણ આગ

બીજી તરફ અંકલેશ્વર જીઆઈડીસીમાં નોટિફાઈડ એરિયા ઓથોરિટીની ડમ્પિંગ સાઈટમાં મોડી રાત્રે અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. બેઈલ કંપનીની બાજુમાં આવેલી આ ડમ્પિંગ સાઈટમાં મોટા પ્રમાણમાં ડોમેસ્ટિક વેસ્ટ જમા થયેલો હતો, જેમાં અચાનક આગ લાગતાં જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર દૂરથી દેખાતા હતા. ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર અને પાનોલી ડી.પી.એમ.સી.નાં 11 ફાયર ટેન્ડરો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યાં હતાં. ફાયર ફાઈટર્સે લગભગ અઢી કલાકની સખત મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

# ‘છાવા’ સ્ક્રિનિંગમાં યુવકે હોબાળો મચાવી પડદો ચીર્યો

## ભરૂચની આર. કે. સિનેમામાં ચાલુ ફિલ્મે યુવકનું કૃત્ય, પોલીસે ફરિયાદ બાદ અટકાયત કરી



(એજન્સી) ભરૂચ | તા. 17

ભરૂચના બ્લ્યુશીપ કોમ્પ્લેક્ષમાં આવેલી આર.કે સિનેમા ટોકીઝમાં ગઈકાલે રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. છાવા ફિલ્મનો શો ચાલી રહ્યો હતો ત્યારે એક યુવકે અચાનક હોબાળો મચાવીને સિનેમાના સ્ક્રીનનો પરદો ફાડી નાખ્યો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી જયેશ મોહનભાઈ વસાવા નામનો યુવક ફિલ્મ જોવા આવ્યો હતો. ચાલુ ફિલ્મ દરમિયાન તે અચાનક ઉશ્કેરાયો અને સ્ક્રીનના સ્ટેજ પર ચઢી ગયો. થિયેટરમાં હાજર અન્ય પ્રેક્ષકોએ તેને રોકવાનો પ્રયાસ કર્યો અને બૂમાબૂમ કરી, પરંતુ યુવકે કોઈનું સાંભળ્યું નહીં અને પરદો ફાડવાનું ચાલુ રાખ્યું. ઘટના દરમિયાન હાજર પ્રેક્ષકોએ આ સમગ્ર ઘટનાનો વીડિયો બનાવ્યો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયો છે. થિયેટરના મેનેજરે તરત જ ભરૂચ એ ડિવિઝન પોલીસને જાણ કરી, જેના પગલે પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આરોપી જયેશ વસાવાની અટકાયત કરી લીધી છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ ઘટનાએ સિનેમાઘરમાં હાજર તમામ લોકોને ચોંકાવી દીધા હતા.

# વર્ષો જૂની લાઈન હોવાથી પૂરતું પાણી મળતું ન હોવાની રાવ : લાઈન ન બદલાય તો પ્રતીક ધરણાની ચીમકી

(એજન્સી) રાજકોટ | તા. 17

રાજકોટમાં ઉનાળાની શરૂઆતમાં જ પાણીની સમસ્યા હોવાનું સામે આવ્યું છે. શહેરનાં ભક્તિનગર સર્કલ પાસે આવેલા વાણીયાવાડી વિસ્તારમાં પાણી માટે વર્ષો જૂની પાઈપલાઈન હોવાને કારણે પૂરતું પાણી મળતું નથી. જેને લઈને મનપા કચેરી ઉપરાંત સ્થાનિક ધારાસભ્યને પણ રજૂઆતો કરવા છતાં સમસ્યા હલ થતી નથી. ત્યારે આજે આ વિસ્તારના લોકો પ્રસિદ્ધ કપિલા હનુમાનજી મંદિર પાસે એકઠાં થયા હતા અને ડીઆઈ પાઈપલાઈન નાખવાની માગ સાથે વિરોધ કરવામાં આવ્યો હતો. સાથે આગામી સમયમાં મનપા કચેરીએ પ્રતીક ધરણા કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

આ વિસ્તારમાં રહેતા સતીષભાઈ માણેકે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં 50 વર્ષ જૂની પાણીની પાઈપલાઈન છે. જેને બદલવા માટે અમે મનપા કમિશ્નર સાહિતનાને વારંવાર રજૂઆતો કરી છે છતાં તંત્ર જાગતું નથી. વર્ષો જૂની લાઈન હોવાના કારણે આ વિસ્તારમાં પાણી પૂરતા ફોર્સથી આવતું નથી ઘણીવાર ખરાબ પાણી આવે છે. ક્યારેક તો જોઈ ન શકાય તેવું પાણી આવે છે. ત્યારે આ સમસ્યા હલ કરવા માટે નવી ડીઆઈ પાઈપલાઈન અહીં નાખવામાં આવે તેવી અમારી માગ છે. અહીંના સ્થાનિક ધારાસભ્ય અને કોર્પોરેટરોને પણ આ રજૂઆત કરવામાં આવી છે છતાં સમસ્યા હલ થતી નથી.

સમગ્ર મામલે અમે 25 વખત રજૂઆતો કરી છે છતાં તંત્ર દ્વારા ગંભીરતાથી લેવામાં આવતી નથી. જ્યારે પણ રજૂઆત કરીએ ત્યારે અધિકારીઓ આવીને સર્વે કરી જાય છે અને થઈ જશે થઈ જશેનાં આશ્વાસન અપાય છે. આશ્વાસનથી પેટ નહીં ભરાય અમને શુદ્ધ જળ પુરા પ્રમાણમાં આપવામાં આવે તેવી અમારી માગ છે. જો આ માગ નહીં સંતોષવામાં આવે તો મનપા કમિશ્નરની ચેમ્બર પાસે બેસીને પ્રતીક ધરણા કરવામાં આવશે. પાણીની અછતથી સ્થાનિકો ભારે હાલાકી ભોગવી રહ્યા હોવાથી તાત્કાલિક આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે તેવી અમારી માગ છે.

# ટંકારામાં ત્રિપલ સવારી બાઈક અકસ્માત:19 વર્ષીય યુવાનનું મોત નિપજ્યું

મોરબી | ટંકારા તાલુકામાં એક ગમખ્વાર બાઈક અકસ્માતમાં 19 વર્ષીય યુવાનનું મોત નિપજ્યું છે. સજનપરથી હડમતીયા તરફ જતા રસ્તે ત્રિપલ સવારી બાઈક વળાંકમાં રોડ સાઈડની કપચીમાં સ્લીપ થઈ લોખંડના બોર્ડ સાથે અથડાયું હતું.

મૃતક યુવાન રમેશભાઈ ધુલિયાભાઈ બામણીયા મૂળ મધ્યપ્રદેશનો વતની હતો અને હાલમાં ટંકારા તાલુકાના નવા અમરાપર ગામે શીતળા માતાની ધાર પાસે ગુલાબભાઈ બાદીની વાડીએ રહીને મજૂરી કામ કરતો હતો. અકસ્માત સમયે તે પોતાના બાઈક નંબર GJ-10-AS-9123 પર ત્રણ જણા સાથે મુસાફરી કરી રહ્યો હતો.

કેનાલથી આગળના ભાગમાં વળાંક ન વળી શકવાને કારણે બાઈક રોડ સાઈડની કપચીમાં સ્લીપ થયું અને લોખંડના બોર્ડ સાથે અથડાયું. અકસ્માતમાં ત્રણેય વ્યક્તિઓને ઈજા થઈ હતી, જેમાંથી રમેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી તેમને ટંકારાની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં ટંકારા પોલીસે અકસ્માત મૃત્યુનો કેસ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




# ભરૂચમાં સિનિયર સિટિઝન પાસેથી 15 હજારની ચોરી : રીક્ષામાં પેસેન્જર બનીને બેઠેલી ગેંગ ઝડપાઈ

(એજન્સી) ભરૂચ | તા. 17

ભરૂચ એ ડિવિઝન પોલીસે સિનિયર સિટિઝન પાસેથી રૂપિયાની ચોરી કરનારી ત્રણ શખ્સોની ગેંગને ઝડપી પાડી છે. 15મી ફેબ્રુઆરીએ શંકર મંગળદાસ મહેતા નામના વૃદ્ધ સિવિલ હોસ્પિટલ બહાર રિક્ષાની રાહ જોઈ રહ્યા હતા, ત્યારે એક રિક્ષા ચાલકે તેમને બેસાડ્યા હતા. રિક્ષામાં પહેલેથી બે શખ્સો બેઠેલા હતા, જેમણે વૃદ્ધના ખિસ્સામાંથી 15 હજાર રૂપિયા ચોરી કર્યા હતા.

પોલીસે VISWAS પ્રોજેક્ટ અંતર્ગત સ્માર્ટ કેમેરાની મદદથી રિક્ષાનો નંબર શોધી કાઢ્યો હતો. પેટ્રોલિંગ દરમિયાન શહેરની નવી વસાહત ખોડિયાર માતાના મંદિર પાસેથી આ રિક્ષા મળી આવી હતી. પોલીસ તપાસમાં સુરત માંગરોલના કાદર અબ્દુલભાઈ શેખ, અંકલેશ્વર સુરતી ભાગોળના મક્સુદ યાકુબભાઈ પટેલ અને ભરૂચ શરપુરાના રિઝવાન અબ્દુલવહાબ ખલીફાની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે આરોપીઓ પાસેથી 50 હજારની કિંમતની રિક્ષા, ત્રણ મોબાઈલ ફોન જેની કિંમત 10,500 રૂપિયા અને રોકડા 15,100 રૂપિયા મળી કુલ 75,600 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓએ પોલીસ પૂછપરછમાં ગુનાની કબૂલાત કરી લીધી છે અને પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.



## ગુજરાતમાં અત્યારે કુલ 30 મહિલા આઈપીએસ અધિકારી છે

# ગુજરાતમાં મહિલા IPSની અવગણના, મહત્ત્વના હોદ્દે માત્ર પુરુષો, 194માંથી ફક્ત 30 મહિલા

(એજન્સી) ગાંધીનગર । તા. 17

ગુજરાત સરકાર એક તરફ સ્ત્રી સશક્તિકરણની વાતો કરે છે ત્યારે બીજી તરફ ગુજરાતના પોલીસ વિભાગમાં ફરજ બજાવતી



મહિલા આઈપીએસ (IPS) અધિકારીઓની અવગણના કરાય છે. ગુજરાતમાં અત્યારે કુલ 30 મહિલા આઈપીએસ અધિકારી છે જોકે એક પણ મહિલા આઈપીએસ અધિકારી રાજ્યના પોલીસ વિભાગમાં મહત્વના કહેવાય હોદ્દા પર નથી. ગુજરાતનાં ચાર પોલીસ કમિશનરેટમાં અત્યાર સુધીમાં માત્ર એક જ જગ્યાએ મહિલાને કમિશનરપદ અપાયું હતું. ગુજરાત સરકારમાં IPS અધિકારીએની સંખ્યા 194 છે. તેમાં લગભગ 15 ટકા એટલે કે 30 મહિલા IPS મહિલા પોલીસ અધિકારીઓ રાજ્યમાં ફરજ બજાવે છે. આ પૈકી મોટા ભાગની મહિલાઓ પોલીસ અધિકારીઓને એસ.આર.પી.એફ, પોલીસ રિક્રુટમેન્ટ, જેલ સુપ્રિટેન્ડન્ટ, સ્પેશ્યલ બ્રાંચ, સીઆઈડી ક્રાઈમ, આઈ.બી, વેસ્ટન રેલવે, પોલીસ એકેડેમી મેટ્રો સિક્યુરૂટીના કમાન્ડન્ટ, ટ્રાફિક ડીસીપી, પોલીસ હેડ કવાટર્સ અને પોલીસ કન્ટ્રોલ રૂમ જેવી જગ્યાએ પોસ્ટિંગ આપવામાં આવે છે. આ નિમણૂકોનો સીધો મતલબ એવો થાય છે કે સરકારને મહિલા IPS અધિકારીઓને સારી જગ્યાએ પોસ્ટિંગ આપવામાં રસ નથી અથવા તો તેમની કામગીરી ઉપર ભરોસો નથી.

ગુજરાતમાં ઘણી મહિલા આઈપીએસ અધિકારીઓ પુરૂષ અધિકારીઓને ઝાંખા પાડે એવી કામગીરી કરી ચૂકી છે. ઉષા રાડા અમદાવાદ મહિલા ક્રાઈમમાં હતા ત્યારે તેમણે આતંકવાદીઓને પકડવામાં મહત્વની જવાબદારી અદા કરી હતી. તેમને હાલ સાઈડ પોસ્ટિંગ ઉપર વડોદરા જેલના સુપ્રિટેન્ડન્ટ બનાવી દીધા છે. અમદાવાદમાં આર્થિક ગુના અટકાવવા માટે ઈકોનોમિક સેલના ડીસીપી તરીકે ભારતીબેન પટેલને ડીસીપી બનાવ્યા હતા. તેમણે પણ આર્થિક ગુનાઓ કરતાં ગુનેગારોની ઉંઘ હરામ કરી દીધી હતી હવે એ પણ બાજુ પર મૂકાઈ ગયાં છે. સુરતમાં દુષ્કર્મનો ભોગ બનેલી પિડીતાનો કેસ જાંબાઝ પોલીસ અધિકારીઓ ઉકેલી શક્યા નહોતા. વિધી ચૌધરીએ સાડી પહેરીને સામાન્ય મહિલા હોય ને પોલીસ અધિકારી ના હોય તે રીતે વર્તીને દુષ્કર્મનો ભોગ બનેલી પિડીતા પાસેથી આરોપીઓના નામ જાણીને ગુનેગારોને પકડી પાડયા હતા. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોઈ મહિલા આઈપીએસ અધિકારીને રાજ્યનાં પોલીસ ચીફ કે રાજ્યનાં ચાર મોટાં શહેરોમાંથી કોઈ એક શહેરમાં પોલીસ કમિશનર બનાવાયાં હોય એવો એક માત્ર કિસ્સો ગીથા જોહરીનો છે. ગીથા જોહરીને પહેલાં રાજકોટ પોલીસ કમિશનર બનાવ્યાં હતાં અને એ પછી રાજ્યના પોલીસ વડા એટલે કે ડીજીપી પદે નિમણૂક કરાઈ હતી.

## લાલા બટાટાનો ભાવ મણનાં રૂપિયા ૨૭૫ આવ્યો

# વિઘા દિઠ ૪૦૦ મણથી વધુ લાલ બટાટાનું ઉત્પાદન મળવાની ખેડૂતોને આશા બંધાઈ

(એજન્સી) ગાંધીનગર । તા. 17

ગાંધીનગર જિલ્લામાં શિયાળુ મોસમ દરમિયાન બટાટાનું વાવેતર ૧૮ હજાર હેક્ટર ઉપરાંત વિસ્તારમાં કરવામાં આવ્યુ હતું. હવે ખેડૂતો દ્વારા ખેતરમાંથી બટાટા કાઢવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ચિલોડા અને જાખોરા પંથકમાં વેફર બનાવવા માટે ઉપયોગમાં લેવાતાં બટાટામાં વાતાવરણ સારૂ રહેવાના કારણે વિઘા દિઠ ૪૦૦ મણ ઉપરાંત ઉતારો મળવાની આશા બંધાઈ છે. ત્યારે આ બટાટાનો મણનો ભાવ પણ રૂપિયા ૨૭૫ બોલાયો છે. જિલ્લા ખેતીવાડી શાખાના અધિકારી સુત્રોના જણાવવા પ્રમાણે જિલ્લામાં બટાટાનું સૌથી વધુ વાવેતર ૭,૨૪૧ હેક્ટરમાં ગાંધીનગર તાલુકામાં અને બીજા નંબરે ૭,૧૪૩ હેક્ટર દહેગામ તાલુકામાં નોંધવામાં આવ્યુ હતું. જ્યારે માણસા તાલુકામાં ૩,૫૯૧ હેક્ટરમાં અને કલોલ તાલુકામાં ૧૦૬ હેક્ટરમાં મળીને બટાટાનો વાવેતર વિસ્તાર ૧૮,૦૮૧ હેક્ટર સુધી પહોંચ્યો હતો.જિલ્લાના ખેડૂતો દ્વારા શાક બનાવીને જમવાના ઉપયોગમાં લેવાતા બટાટા અને વેફર બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં એલઆર જાતના લાલ બટાટાનું વાવેતર કરવામાં આવે છે. હવે પાક તૈયાર થઈ ગયો હોવાથી ખેડૂતો દ્વારા બટાટા કાઢવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. જાખોરા ગામના આગેવાન યશવંતભાઈ રાઠોડના જણાવવા પ્રમાણે ચિલોડા, જાખોરા પંથકમાં એક વિઘા દીઠ ૪૦૦થી ૪૫૦ મણ જેટલું બટાટાનું ઉત્પાદન મળશે તેવા અણસાર મળી રહ્યાં છે. ત્યારે વેફર બનાવવાના ઉપયોગમાં લેવામાં આવતા લાલ બટાટાનો ૨૦ કિલોનો ભાવ રૂપિયા ૨૭૫ની આસપાસ રહેવાની શક્યતા જોવામાં આવે છે. મતલબ કે કોઈ ખેડૂત દ્વારા ૧૦ વિઘામાં બટાટાનું વાવેતર કરવામાં આવ્યુ હોય તો તેને રૂપિયા ૧૨ લાખ જેટલી વેચાણની આવક મળી શકે છે. હાલમાં તો ખેડૂતો બટાટા કાઢવાની કામગીરીમાં લાગી ગયાં છે.



## ઈવીએમ અને મોકપોલ મળી 3 મશીન બદલવા પડયાં

# તળાજા પાલિકાની ગત ચૂંટણી કરતા 7 ટકા ઓછું મતદાન

### લોકરોષ ઈવીએમમાં કેદ થયો, સ્પષ્ટ બહુમતીને લઈ અવઢવ

(એજન્સી) તળાજા । તા. 17

તળાજા નગરપાલિકાની સાત વર્ષ બાદ યોજાયેલી ચૂંટણીમાં ગત ટર્મની તુલનાએ સાત ટકા જેટલું નીચું મતદાન રહ્યું હતું. મતદાન સાથે લોકરોષ હવે ઈવીએમમાં કેદ થઈ ગયો છે. જેથી મતદારો કયાં પક્ષને પાલિકાની સત્તાની કમાન સોંપશે તે હવે મંગળવારે ખબર પડશે. તળાજા પાલિકાના સાત વોર્ડની ૨૮ બેઠક માટે યોજાયેલી સામાન્ય ચૂંટણીનું આજે મતદાન થયું હતું. દિવસભર મતદાન બૂથ નજીક ઉભા રહેવા, ટોળું વળવા બાબતે પોલીસ સાથે જીભાજોડી થતી જોવા મળી હતી. ઉમેદવાર થયા ત્યારથી જ વોર્ડ નં.૨ સૌથી વધુ ચકચારી અને વિવાદિત રહ્યો હતો. જે છેક આજે મતદાન પૂર્ણ થયું ત્યાં સુધી ઉભા રહેવા, ઓળખપત્રના મામલે વિવાદમાં જ રહ્યો હતો. દિનદયાળનગર વિસ્તારના વોર્ડ નં.૫ના કેન્દ્ર નજીક ભાજપની ઝંડીઓ લાગેલી હોવાથી કોંગ્રેસે તેનો સખત વિરોધ કર્યો હતો. જેના કારણે ફાયર વિભાગના વાહનને દોડાવી ઝંડીઓ ઉતારવાની તંત્રને ફરજ પડી હતી. ક્યાંક ને ક્યાંકથી વિવાદોના વાવડને કારણે પોલીસ અધિકારીઓએ સતત દોડાદોડી કરવી પડી હતી.પ્રારંભિક તબક્કાથી જ મતદાન ધીમું થતું જોવા મળ્યું હતું. મતદારોને બૂથ સુધી પહોંચાડવા માટે રાજકીય પક્ષોએ વાહનો દોડાવ્યા છતાં પણ લોકો મત આપવા બહાર નીકળ્યા ન હોવાનો ઉમેદવારોએ વસવસો ઠાલવ્યો હતો. વોર્ડ નં.૧, ૪ અને ૬માં ઈવીએમ અને મોકપોલ મશીનમાં ખોટકો આવતા તેને બદલવા પડયા હોવાનું ચૂંટણી અધિકારી જે.આર. સોલંકીએ જણાવ્યું હતું. આ ચૂંટણીમાં અશક્ત, વૃદ્ધો, વિકલાંગ વ્યક્તિઓ મતદાન કરવા પહોંચી પ્રેરણારૂપ બન્યા હતા. અશક્ત મતદારોને મદદ કરવા પોલીસ અને હોમગાર્ડ જવાનોએ પણ માનવીય અભિગમ રાખ્યો હતો. જ્યારે ભરવાડ સમાજ માટે આજે લગ્ન અને મરણની વિધિનો પ્રસંગ હોવા છતાં તેઓ મતદાન કરી લોકશાહીની ફરજ અદા કરવા પહોંચ્યા હતા.

### કોંગ્રેસે મતદાન અટકાવતા મશીન બદલ્યું

તળાજાની જૂની એમ.જે.દોશી હાઈસ્કૂલ ખાતે વોર્ડ નં.૪નું એક બૂથ ઉભું કરાયું હતું. ત્યાં ઈવીએમની સ્વીચ બરાબર કામ ન કરતી હોવાનું પ્રિસાઈન્ડીંગ ઓફિસરનું ધ્યાન દોરવા છતાં પણ મશીન ન બદલવામાં આવતા કોંગ્રેસે હોબાળો મચાવી મતદાન બંધ કરાવ્યું હતું. જેને લઈ મશીન બદલવામાં આવ્યું હોવાનો કોંગ્રેસના ઉમેદવાર દાઉદભાઈ નાગરિયાએ દાવો કર્યો હતો.

## કાળાતળાવ ગામ પાસે ટ્રક અને બાઈક અથડાતા યુવાનનું મોત

(એજન્સી) ભાવનગર । તા. 17

શહેરના ખેડૂતવાસ ખાતે રહેતો યુવાન સાળા ના લગ્નમાંથી પરત ભાવનગર તરફ આવતી વેળાએ કાળા તળાવ પાસે ટ્રક સાથે અકસ્માત સર્જાતા યુવાનનું સ્થળ પરજ મોત નિપજ્યું હતું. આ બનાવની જાણવા મળતી વિગતો અનુસાર શહેરના ખેડૂતવાસમાં આવેલ શ્રમજીવી સોસાયટી ખાતે રહેતા નીરજભાઈ ઉર્ફે નિલેશભાઈ અરવિંદભાઈ જાંબુચા પોતાનું મોટરસાયકલ લઈને કાળાતળાવ સાળાના લગ્નમાં સાસરે ગયા હતા. લગ્ન પ્રસંગ પૂર્ણ થતા નીરજભાઈ પોતાનું બાઈક લઈને પરત ભાવનગર તરફ આવતા હતા તેવામાં કાળાતળાવ ગામ પાસે ભાવનગર તરફ જતા રસ્તે વળાંક પાસે આશાપુરા સોલ્ટ નજીક ટ્રક ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી નીરજભાઈના બાઈક સાથે અથડાવી દેતા નીરજભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમનું સ્થળ પરજ મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે મૃતકના પિતા અરવિંદભાઈએ ટ્રક ચાલક વિરૂધ્ધ વેળાવદર ભાલ પોલીસ મથકમા ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જેસરથી ડેમ ચોકડી સુધીના અતિ બિસ્માર માર્ગથી અકસ્માતની ભીતિ

(એજન્સી) જેસર । તા. 17

જેસરથી ડેમ ચોકડી સુધી જવામાં ખરાબ રસ્તાના કારણે અત્યારે બે કલાકનો સમયગાળો વીતી જાય છે. તેમજ યાત્રાધામ પાલિતાણાથી સુધીનું ફકત ૪૦ કિલોમીટરનું અંતર હોવા છતા નીયત સમય કરતા વધુ સમય થતો હોવાથી વાહનચાલકો અને ખાસ કરીને મુસાફરોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. આ તદ્દન બિસ્માર હાલતના રોડ પર સામાન્ય ટુવ્હીલધારકો પણ ૨૦ થી વધારે સ્પીડમાં વાહનો ચલાવી શકતા નથી.છેલ્લા દોઢ વર્ષ કરતા પણ વધુ સમયથી જેસરથી ડેમ ચોકડી સુધી તેમજ જેસરથી તીર્થનગરી પાલિતાણાનો રોડ અત્યંત ખરાબ હાલતમાં હોય આ રોડ પાકો ડામર રોડ બનાવવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામેલ છે.૨૪ કલાક વાહન વ્યવહારથી સતત ધમધમી રહેલા આ માર્ગ પર ઠેર ઠેર મસમોટા ખાડાઓ પડી ગયા છે. જેથી ત્યાંથી પસાર થવામાં વાહનચાલકોને તે શિરદર્દ સમાન બન્યા છે. જેસરથી ડેમ સુધીનો રોડ અત્યંત ખરાબ થઈ ગયેલ છે તેથી જેસરથી ડેમ તરફ જવા માટે સામાન્ય રીતે એકાદ કલાકનો સમય લાગે છે. જે હાલ ખરાબ હાલતના રોડના કારણે બે કલાકનો સમય વીતી જાય છે.

## મહુધાના ના.મામલતદારે અપક્ષ ઉમેદવાર પત્નીનો પ્રચાર કર્યાનો વીડિયો વાઈરલ

(એજન્સી) નડિયાદ । તા. 17

મહેમદાવાદ સોનાવાલા હાઈસ્કૂલમાં અપક્ષ ઉમેદવારના પતિ નાયબ મામલતદાર પ્રચાર કરતા હોય તેવો વીડિયો વાઈરલ થયો છે. મહેમદાવાદ નગરપાલિકાના અપક્ષ ઉમેદવાર ગીતાબેન ભટ્ટાચાર્યના પતિ માનવેન્દ્ર ભટ્ટાચાર્ય મહુધા મામલતદાર કચેરીએ ના. મામલતદાર તરીકે ફરજ બજાવે છે. ચૂંટણીના મતદાન મથકે નાયબ મામલતદાર તેમની પત્નીના પ્રચારમાં જોડાયા હતા. આ બાબતે જિલ્લા ચૂંટણી અધિકારીને મૌખિક રજુઆત કરી હતી. જે મામલે મહેમદાવાદ નગરપાલિકાના ચૂંટણી અધિકારી અક્ષય પારઘીએ જણાવ્યું કે, અમને મૌખિક ફરિયાદ મળી છે અને જેના આધારે અમે ઝોનલ અધિકારીને તપાસ અર્થે મોકલ્યા છે. અહેવાલ મળશે અને કોઈ બિનઅધિકૃતતા સ્થાપિત થશે તો કાર્યવાહી કરાશે. બીજીતરફ નાયબ મામલતદાર માનવેન્દ્ર ભટ્ટાચાર્ય પોતાના બચાવ કરતા જણાવ્યું કે, હું, પોતે તે સ્થળ ઉપર મત આપવા ગયો હતો. દરમિયાન સામાજિક શુભેચ્છાની આપ-લે થઈ હતી.

## મહાપાલિકા પાણી વિતરણ કરી શકશે નહીં

# મેઈન્ટેનન્સના વાંકે ભાવનગરના ઘણા વિસ્તારમાં પાણી વિતરણ બંધ રહેશે

### શેત્રુંજી ડેમ સાઈટ પર આવેલ કેનાલના મેઈન્ટેનન્સ કામ માટે શટડાઉન

(એજન્સી) ભાવનગર । તા. 17

શેત્રુંજી ડેમ સાઈટ પર આવેલ કેનાલના મેઈન્ટેનન્સ કામ માટે સિંચાઈ વિભાગે શટડાઉન લીધુ છે, જેના કારણે ભાવનગર શહેરના ઘણા વિસ્તારોમાં મહાપાલિકા પાણી વિતરણ કરી શકશે નહીં. મેઈન્ટેનન્સના



વાંકે ઘણા વિસ્તારોમાં પાણીના ધાંધીયા રહેશે. ભાવનગર સિંચાઈ વિભાગ દ્વારા શેત્રુંજી ડેમ સાઈટ પર આવેલ કેનાલના મેઈન્ટેનન્સ કામ માટે વહેલી સવારથી મોડી રાત્રી સુધી શટડાઉન લેવામાં આવ્યુ છે તેથી આ દિવસે શેત્રુંજી ડેમમાંથી મળતી પાણીની આવક બંધ રહેનાર છે, જેના પગલે શહેરના ઘણા વિસ્તારમાં મહાપાલિકા પાણી વિતરણ બંધ રાખશે, જેમાં તખ્તેશ્વર ફિલ્ટર આધારિત આતાભાઈ-રૂપાણી સર્કલ વિસ્તાર, વિદ્યાનગર આરટીઓ ઓફિસ વિસ્તાર, અનંતવાડીનો તમામ વિસ્તાર, બાંભણીયાની વાડી ગુલાબવાડી આઈટીઆઈ પેડક વિસ્તાર, ડીએસપી કચેરી વિસ્તાર, સરદારનગર, કાળુભા રોડ, વગેરે વિસ્તારોમાં પાણી બંધ રહેશે. જ્યારે ડાયમંડ ઈએસઆર આધારિત મહાત્મા ગાંધી સોસાયટી, મેલડીમાંની ધાર, મ્યુની. કવાર્ટર, બોરડીગેટ, ખેડૂતવાસ-૧ તથા ૨, વણકરવાસ, દેરીરોડ, જોગીવાડ આજુબાજુનો વિસ્તાર તેમજ પ્રભુદાસ તળાવ ઈએસઆર આધારિત સવાભાઈનો ચોક, બુદ્ધદેવ સર્કલ, પ્રભુદાસ તળાવ મઢુલી વિસ્તાર, નવાબંદર રોડ, આનંદવીહાર, ચેરીટી કમિશ્નર, શિશુવિહાર વીસ્તાર, જમના કુન્ડ પોપટનગર, ઘનાનગર, પ્રેસરોડ, રૂવાપરી રોડ, યોગેશ્વર નગર, મહાકાળી વસાહત વાલ્કેટગેટ આજુબાજુનો વિસ્તાર વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત ચિત્રા ફિલ્ટર આધારિત શાંતિનગર, શિક્ષક સોસાયટી, નિર્ભય સોસાયટી, ગણેશનગર, ગોતમેશ્વર, સુખસાગર, કર્મચારી સોસાયટી, મહાલક્ષ્મી સોસાયટી, પોલીસલાઈન તથા ઈશ્વરનગર, કુંભારવાડા, અક્ષરપાર્ક, હાદાનગર વિસ્તાર, સીદસર ગામ આજુબાજુનો તમામ વિસ્તારમાં પાણી સપ્લાય બંધ રહેશે, જ્યારે ફુલસર જીએલઆર આધારિત ફુલસર, રામદેવનગર, રામેશ્વર, ભીમનગર, મસ્તરામનગર, આનંદજી પાર્ક, ઠાકરદ્વારા ૨૫ વારીયા તથા આજુબાજુનો વિસ્તારમાં પાણી વિતરણ બંધ રહેશે.

## ખેડા જિલ્લામાં દારૂબંધીના લીરેલીરા ઉડયાં

# ડાકોરમાં SRP જવાન અને મહેમદાવાદમાં પ્રિસાઈડિંગ ઓફિસર દારૂ પીધેલા ઝડપાયા, કર્મચારી વિરૂદ્ધ પોલીસ મથકે ગુનો દાખલ

નડિયાદ : ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન બે સરકારી કર્મચારી દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. ડાકોર પાલિકાની ચૂંટણીમાં એસઆરપી જવાન અને મહેમદાવાદ પાલિકાની ચૂંટણીમાં પ્રિસાઈડિંગ ઓફિસર દારૂ પીને આવતા બંને સામે પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખેડા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાન પૂર્વે શનિવારની રાત્રે પોલીસ કર્મચારીઓ અને સુરક્ષા જવાનો મતદાન મથકે હાજર થયા હતા. ડાકોરમાં ચૂંટણી બંદોબસ્તમાં ફાળવાયેલા એસઆરપી જવાન પ્રવિણ બી. પરમાર શનિવારે સાંજે વર્ધીમાં દારૂ પીધેલી હાલતમાં હતા. તેમજ ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં રૂમ નં.૩૦ પાસે તેની ફરજ હતી, જ્યાં ફરજ ઉપર ન પહોંચતા પોલીસ કર્મચારીએ કન્ટ્રોલ રૂમમાં વર્ધી લખાવી હતી. આ અંગે ડાકોર પોલીસે એસઆરપી જવાન પ્રવિણ પરમાર સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે મતદાનના દિવસે મહેમદાવાદ પાલિકાની સામાન્ય ચૂંટણીમાં વોર્ડ નં. પાંચના મતદાન મથક-૩ પર ફરજ ઉપર હાજર પ્રિસાઈડિંગ ઓફિસર વિરેન્દ્રસિંહ સુખાભાઈ બારિયા દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. વિરેન્દ્રસિંહ સરકારી શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવે છે. બનાવની જાણ થતાં જ જિલ્લા કલેક્ટર દ્વારા પ્રિસાઈડિંગ ઓફિસરને ખસેડી દેવામાં આવ્યા હતા અને મહેમદાવાદના ચૂંટણી અધિકારી પાસે મોકલવામાં આવ્યા હતા. તેમજ મહેમદાવાદ પોલીસ મથકે વિરેન્દ્રસિંહ સામે ગુનો નોંધ્યો હતો.

# મહેમદાવાદના માંકવા નજીક 63.77 લાખના દારૂ સાથે ટેન્કર ચાલક ઝડપાયો

### બાડમેરના શખ્સે દારૂ અમદાવાદ પહોંચાડવાનું જણાવ્યું હોવાની કબૂલાત : 73.88 લાખનો મુદ્દામાલ જપ્ત, 4 સામે ગુનો

(એજન્સી) નડિયાદ । તા. 17

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનની પૂર્વ રાત્રીએ મહેમદાવાદના માંકવા ગામ નજીક એક્સપ્રેસ વે ઉપર રૂ.૬૩.૭૭ લાખના વિદેશી દારૂની હેરાફેરી કરતા ટેન્કર ચાલકને ખેડા એસઓજીએ ઝડપી પાડયો હતો. રાજસ્થાનના બાડમેરના શખ્સે દારૂ ભરી આપી અમદાવાદ પહોંચાડવાનું જણાવ્યું હોવાની ચાલકે કબૂલાત કરી હતી. એસઓજીએ રૂ.૭૩.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ વે ઉપર મહેમદાવાદના માંકવા ગામ નજીક પેટ્રોલપંપ પાસે રાજસ્થાન પાસિંગનું એક ટેન્કર શંકાસ્પદ જથ્થો ભરીને ઉભું હોવાની શનિવારે મોડી રાત્રે ખેડા એસઓજીને બાતમી મળી હતી. જેના આધારે એસઓજી ટીમ બાતમી મુજબના સ્થળે પહોંચી હતી અને ટેન્કર ચાલકની પૂછપરછ હાથ ધરી હતી. જેથી ટેન્કરમાં ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂ હોવાનું ટેન્કર ચાલક રામારામ ભુરારામ ચૌધરી એ જણાવ્યું હતું. જેથી એસઓજીએ ટેન્કરમાં તપાસ હાથ ધરતા ગુપ્ત ખાનામાંથી વિદેશી દારૂ ભરેલા ૭૯૨ બોક્સ મળી આવ્યા હતા. એસઓજીએ રૂ. ૬૩,૭૭,૫૨૦ની કિંમતની વિદેશી દારૂની ૨૦,૧૬૦ બોટલો જપ્ત કરી ડ્રાઈવરની વધુ પૂછપરછ કરતા મુકેશ દેવાસી (રહે. સાચોર, બાડમેર, રાજસ્થાન)એ બાલોતરાથી ખાલી ટેન્કર આપી પંજાબ-ભટીંડા હાઈવે ઉપરથી ટેન્કર ભરી આપ્યું હતું. તેમજ અમદાવાદ પહોંચી મુકેશને ફોન કરી તે જે જગ્યાએ કહે તે સ્થળે દારૂ પહોંચાડવાનો હોવાની કબૂલાત કરી હતી. એસઓજીએ રૂ.૬૩.૭૭ લાખનો વિદેશી દારૂ, મોબાઈલ, રૂ.૬,૧૦૦ રોકડ, ટેન્કર મળી કુલ રૂ. ૭૩,૮૮,૬૨૦નો મુદ્દામાલ જપ્ત કરી ચાલક રામારામ ચૌધરી, મુકેશ દેવાસી, ટ્રકનો માલિક અને દારૂ મંગાવનારા શખ્સ સામે મહેમદાવાદ પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કુલ 16,570 મતદારે કર્યો પોતાના મતાધિકારનો ઉપયોગ

# ધંધુકા ન.પા. ચૂંટણીમાં 57.13 ટકા મતદાન, 60 ઉમેદવારનું ભાવિ ઈવીએમમાં સીલ થયું

(એજન્સી) ધંધુકા । તા. 17

ધંધુકા નગરપાલિકાની ચૂંટણી માટે આજે થયેલા મતદાનમાં ૮,૮૬૧ પુરૂષ, ૭,૭૦૯ મહિલા સહિત કુલ ૧૬,૫૭૦ મતદારે મતાધિકારનો ઉપયોગ કરતા ૫૭.૧૩ ટકા મતદાન નોંધાયું હતું. આ સાથે ૬૦ ઉમેદવારનું ભાવિ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ)માં સીલ થયું હતું. હવે તા.૧૮ ફેબ્રુઆરીએ મત ગણતરી થશે. આ અંગેની પ્રાપ્ય વિગત અનુસાર ધંધુકા નગરપાલિકાની ૭ વોર્ડની ૨૮ બેઠકની સામાન્ય ચૂંટણી માટે આજે સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થયું હતું. જે સાંજે છ વાગ્યે શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું હતું. ધંધુકાના કુલ ૭ વોર્ડમાટે નોંધાયેલ ૧૪,૭૩૩ પુરૂષ અને ૧૪,૨૭૦ મહિલા સહિત કુલ ૨૯,૦૦૩ મતદાર હતા. જેમાંથી ૮,૮૬૧ પુરૂષ, ૭,૭૦૯ મહિલા સહિત કુલ ૧૬,૫૭૦ મતદારોએ પોતાના મતાધીકારનો ઉપયોગ કરતા ૫૭.૧૩ ટકા મતદાન નોંધાયું હતું. સૌથી વધુ મતદાન વોર્ડ નં.૭ માં ૬૪.૪૪ ટકા રહ્યું હતુ તો સૌથી ઓછુ મતદાન વોર્ડ નં. ૬ માં ૪૭.૮૭ ટકા રહ્યું હતું.પાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષ મળી કુલ ૬૦ ઉમેદવારો ચૂંટણી જંગમાં છે. જેમનું ભાવિ આજે ઈવીએમમાં સીલ થયું હતું. ચૂંટણી દરમિયાન સુરક્ષા વ્યવસ્થા માટે એક એએસપી, એક પીઆઈ, ત્રણ પીએસઆઈ સહિત ૬૫ પોલીસ કર્મચારીઓ અને ૪૪ હોમગાર્ડના જવાનો તેમજ ૨ એસ.આર.પી જવાનો તૈનાત કરાયા હતા. મતદાન પ્રક્રિયા માટે મુખ્ય ચૂંટણી અધિકારી સહિત ૨૨૯ કર્મચારીઓ, ૨૯ પ્રીસાઈડીંગ ઓફિસર, ૧૫૬ પોલીંગ સ્ટાફ તેમજ અન્ય ૩૯ કર્મચારીએ ફરજ બજાવી હતી. આરોગ્યકર્મીઓ દ્વારા વૃધ્ધોને વ્હીલચેર પર બેસાડીને મત કુટીર સુધી લઈ જઈને મતદાન કરાવવામાં આવ્યું હતુ.

# ચાવડીગેટ નજીકથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સ ઝબ્બે

### લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂ, કાર, મોબાઈલ મળી કુલ રૂા. 7.81 લાખનો મુદ્દામાલ કબજે લીધો

(એજન્સી) ભાવનગર । તા. 17

શહેરના ચાવડીગેટ નજીકથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગત અનુસાર ભાવનગર, એલસીબીનો સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. તે દરમ્યાન બાતમી મળેલ કે કાર રજી નંબર જીજે-૦૪-ઈઈ-૨૨૩૯ માં બહારથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી ચાવડીગેઈટ થી નિલમબાગ તરફ જનાર છે. જે બાતમી આધારે ચાવડીગેટ નજીક વોચમાં રહેતા આવી રહેલી કારને



અટકાવી તલાસી લેતા ભારતીય બનાવટ તથા ફોરેન મેડનાં ઈંગ્લીશ દારૂની કંપની સીલપેક બોટલો ૧૬૮ મળી આવતા પોલીસે કાર ચાલક રાજદિપસિંહ ઘનશ્યામસિંહ ગોહીલ (ઉ.વ.૩૫, રહે.કુમારશાળા પાસે, ગામ અવાણીયા, તા. ઘોઘા જી. ભાવનગર હાલ રહે. ગૃપ-૦૮, ગોંડલ)ને દારૂ,મોબાઈલ કાર મળી કુલ રૂ.૭,૮૧,૮૩૨ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.


દરમિયાનમાં, પકડાયેલા રાજદિપસિંહ નામના શખ્સની પૂછપરછ કરતા ભાવનગર, ઘોઘારોડ, શીતળામાતાના મંદિર સામે રહેતા રામદેવસિંહ ગુમાનસિંહ ગોહીલને આ દારૂનો જથ્થો આપવાનો હતો. તેમજ આ દારૂનો જથ્થો મંગાવનાર તથા ચંડીગઢ ખાતે સાથે દારૂ લેવા જનાર મુકેશ ઉર્ફે મેક્સી બુધાભાઈ બારૈયા હોવાની કબૂલાત કરતાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે ત્રણ શખ્સ વિરૂધ્ધ નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

સંઘર્ષ ટાળો કેમ કે એનાથી તમારી બીમારી ઓર વકરી શકે છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે.



**વૃષભ (બ,વ,ઉ)**

રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



**મિથુન (ક,છ,ઘ)**

તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે.



**કર્ક (ડ,હ)**

તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો.



**સિંહ (મ,ટ)**

તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો.



**કન્યા (પ,ઠ,ણ)**

અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે.



**તુલા (ર,ત)**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારો ભાઈ તમારી જરૂરિયાતો પ્રત્યે તમારી ધારણા કરતાં વધુ સહકાર આપશે.



**વૃશ્ચિક (ન,ય)**

એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો.




**ધન (ભ,ધ,ફ)**

તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. પ્રપોઝ કર્યા બાદ તમને કદાચ જબરજસ્ત અનુભૂતિ થશે કેમ કે તેનાથી તમારા પરનો બોજો ઉતરી ગયાનું તમે અનુભવશો.



**મકર (ખ,જ)**

તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશો ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.



**કુંભ (ગ,શ,સ)**

તમારા સ્વાસ્થ્ય ખાતર બૂમાબૂમ કરશો નહીં. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

## રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો રેપો રેટ ઘટાડવાનો નિર્ણય

# FIIની ભારતીય ઈક્વિટી કેશમાં વેચવાલીનો આંક ફેબ્રુઆરીમાં જ રૂપિયા 1 લાખ કરોડની પાર પહોંચી ગયો

(એજન્સી) નવી દિલ્હી તા. 17

મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે ગત સપ્તાહે ભારતીય શેરબજારમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. વૈશ્વિક સ્તરે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં થતી તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર 25% ડ્યુટી લાદવાની જાહેરાતની અસર વિશ્વભરના શેરબજારો પર સ્પષ્ટપણે દેખાઈ હતી અને જાપાન, દક્ષિણ કોરિયા અને તાઈવાનના બજારોમાં પણ ઘટાડો નોંધાયો હતો. સ્થાનિક સ્તરે બજેટમાં મોટી જાહેરાતો, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો રેપો રેટ ઘટાડવાનો નિર્ણય તેમજ દિલ્હી ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીનો બહુમતી સાથે વિજયને બજારે ડિસ્કાઉન્ટ કરી કોર્પોરેટ પરિણામોની નેગેટીવ અસર અને




ફુગાવો - મોંઘવારીના જોખમી પરિબળે બજારનું સેન્ટીમેન્ટ ફરી ડહોળાઈ રહ્યું હોઈ સાવચેતીમાં ફંડો, ઓપરેટરો, ખેલંદાઓ મિડકેપ, સ્મોલ કેપ શેરોમાં સતત ઓફલોડિંગ કરતાં માર્કેટબ્રેડ્થ નેગેટીવ રહી હતી. વૈશ્વિક સ્તરે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં થતી તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર 25% ડ્યુટી લાદવાની જાહેરાતની અસર વિશ્વભરના શેરબજારો પર સ્પષ્ટપણે દેખાઈ હતી અને જાપાન, દક્ષિણ કોરિયા અને તાઈવાનના બજારોમાં પણ ઘટાડો નોંધાયો હતો.

કરન્સી માર્કેટની વાત કરીએ તો, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હજુ આ સપ્તાહમાં ટેરિફ મામલે નવા આકરાં નિર્ણયો જાહેર કરે એવી શકયતાએ વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાની સાથે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયા મૂલ્યમાં ઘટાડો યથાવત્ રહ્યો હતો અને રૂપિયો 87.96ના નવા સર્વકાલીન નીચલા સ્તરે પહોંચ્યો હતો, જો કે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયાના પતનને અટકાવવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા મોટાપાયે સક્રિય બનતા અંદાજીત પાંચ અબજ ડોલરનું વેચાણ કરતા રૂપિયો ઝડપી રિકવર થયો હતો.વર્ષ 2025માં FII દ્વારા વેચવાલીની ગતિ જળવાઈ રહેશે તો 2024ના સંપૂર્ણ વર્ષના રૂ.304217 કરોડની વેચવાલીનો આંક ટૂંકા ગાળામાં જ પાર થઈ જવાનું માની રહ્યા છે. ડોલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ તથા અમેરિકન બોન્ડ યીલ્ડસમાં વૃદ્ધિને કારણે વિદેશી રોકાણકારો ભારતીય ઈક્વિટીસમાંથી રોકાણ પાછા ખેંચી રહ્યા છે. જો કે ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડ ઘટવા લાગતા આગળ જતા એફઆઈઆઈની વેચવાલી પણ ધીમી પડવા શકયતા છે. આગામી નાણાં વર્ષના બજેટમાં આકર્ષક દરખાસ્તો અને રિઝર્વ બેન્ક દ્વારા વ્યાજ દરમાં કપાતને જોતા શેરબજારમાં તબક્કાવાર સુધારો જોવા મળવાની અપેક્ષા છે. જો કે આર્થિક વિકાસ દર તથા કંપનીઓના પરિણામો બજારની લાંબા ગાળાની દિશા નિશ્ચિત કરનારા પરિબળો બની રહેશે.

## મેસેચ્યુસેટ્સના ગવર્નરે નીતા અંબાણીનું સન્માન કર્યું

(એજન્સી) નવી દિલ્હી તા 17

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અધ્યક્ષ નીતા અંબાણીને મેસેચ્યુસેટ્સના ગવર્નર મૌરા હીલીએ પ્રતિષ્ઠિત ગવર્નર પ્રશસ્તિપત્રથી નવાજ્યા છે. આ પ્રશસ્તિપત્ર નીતા અંબાણીને એક સ્વપ્નદ્રષ્ટા નેતા, દયાળુ પરોપકારી અને સાચા વૈશ્વિક પરિવર્તનકર્તા તરીકે ઓળખાવે છે. શિક્ષણ, આરોગ્યસંભાળ, રમતગમત, કલા, સંસ્કૃતિ અને મહિલા સશક્તિકરણ જેવા ક્ષેત્રોમાં પરિવર્તનશીલ કાર્ય પ્રત્યેના તેમના જીવનભરના સમર્પણને માન્યતા આપવા માટે નીતા અંબાણીને આ પ્રશસ્તિપત્ર આપવામાં આવ્યું છે. અંબાણીએ ભારત અને અન્યત્ર લાખો લોકોના જીવનને પ્રભાવિત કર્યું છે. બોસ્ટનમાં આ પ્રસંગે નીતા અંબાણીએ હાથથી બનાવેલી શિકારગાહ બનારસી સાડી પહેરી હતી.



તાજેતરમાં, નીતા અંબાણીને ઇન્ડિયા બિઝનેસ લીડર એવોર્ડ્સ (IBLA)ના 20મા સંસ્કરણમાં 'બ્રાન્ડ ઇન્ડિયામાં ઉત્કૃષ્ટ યોગદાન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (USISPF)એ નીતા અંબાણીને 2023 ગ્લોબલ લીડરશીપ એવોર્ડ ફોર પરોપકાર અને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટીથી પણ સન્માનિત કર્યા.

## સસ્તા પેની સ્ટોકે બોનસ શેરની કરી જાહેરાત

નવી દિલ્હી તા 17

એક્સચેન્જને આપવામાં આવેલી માહિતીમાં, કંપનીએ કહ્યું છે કે 1 રૂપિયાના ફેસ વેલ્યુવાળા એક શેર પર એક શેર બોનસ આપવામાં આવશે. કંપની દ્વારા હજુ સુધી બોનસ શેર માટેની રેકોર્ડ ડેટ જાહેર કરવામાં આવી નથી. પરંતુ કંપની સમગ્ર પ્રક્રિયા 60 દિવસમાં પૂર્ણ કરશે.પેની સ્ટોકે બોનસ શેરની જાહેરાત કરી છે. કંપનીએ આ માહિતી શેરબજારો સાથે શેર કરી છે. એક્સચેન્જને આપવામાં આવેલી માહિતીમાં, કંપનીએ કહ્યું છે કે દરેક શેર માટે એક શેર મફત આપવામાં આવશે. એક્સચેન્જને આપવામાં આવેલી માહિતીમાં, કંપનીએ કહ્યું છે કે 1 રૂપિયાના ફેસ વેલ્યુવાળા એક શેર માટે એક શેર બોનસ આપવામાં આવશે. કંપની દ્વારા હજુ સુધી બોનસ શેર માટેની રેકોર્ડ ડેટ જાહેર કરવામાં આવી નથી. પરંતુ કંપની સમગ્ર પ્રક્રિયા 60 દિવસમાં પૂર્ણ કરશે. કંપનીએ અગાઉ 2021 માં તેના રોકાણકારોને બોનસ શેર આપ્યા હતા. ત્યારે કંપનીએ એક શેર પર બોનસ તરીકે 4 શેર આપ્યા હતા. તે જ સમયે, KBC ગ્લોબલના શેર બે વાર વિભાજિત કરવામાં આવ્યા હતા. 2020માં પહેલી વાર પેની સ્ટોકના શેર વિભાજીત થયા હતા. પછી કંપનીના શેર 5 ભાગમાં વહેંચાયા. જે પછી શેરની ફેસ વેલ્યુ ઘટીને ર રૂપિયા પ્રતિ શેર થઈ ગઈ હતી. 2021 માં કંપનીના શેર બીજી વખત વિભાજિત થયા હતા. પછી કંપનીના શેરને 2 ભાગમાં વહેંચવામાં આવ્યા. આ વિભાજન પછી ફેસ વેલ્યુ પ્રતિ શેર 1 રૂપિયા થઈ ગઈ છે.શુક્રવારે અને 14 ફેબ્રુઆરીના રોજ કંપનીના શેર 0.89 ટકા ઘટીને 1.11 રૂપિયા પર બંધ થયા હતા. છેલ્લા 6 મહિનામાં કંપનીના શેરના ઘટાડો થયો છે. તે જ સમયે, જે રોકાણકારોએ કંપનીના શેર એક વર્ષ સુધી રાખ્યા છે તેમને અત્યાર સુધીમાં 46 ટકાથી વધુનું નુકસાન થયું છે.

## શેરબજાર લીલા નિશાનમાં બંધ થયું, સેન્સેક્સ 76,000 ની નીચે બંધ થયો

(એજન્સી) મુંબઇ તા 17

ટ્રેડિંગ દરમિયાન, BSE મિડકેપ ઈન્ડેક્સમાં 0.4 ટકાનો વધારો જોવા મળ્યો. ગયા અઠવાડિયે શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. રોકાણકારોને ભારે નુકસાન થયું હતું. સોમવારે અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ સત્રમાં ઘરેલુ શેરબજાર આખરે લીલા નિશાન સાથે બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) નો સેન્સેક્સ 57.65 પોઈન્ટના વધારા પછી 75996.86 પોઈન્ટના સ્તરે બંધ થયો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નો નિફ્ટી પણ 30.25 પોઈન્ટના વધારા સાથે 22,959.50 ના સ્તરે બંધ થયો. ટ્રેડિંગ સેશન દરમિયાન, BSE મિડકેપ ઈન્ડેક્સ 0.4 ટકા વધ્યો. સ્મોલકેપ ઈન્ડેક્સ 0.6 ટકા ઘટ્યો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો, ઓટો, આઈટી, ટેલિકોમ, મીડિયામાં 0.5-1 ટકાનો ઘટાડો નોંધાયો છે. જોકે, ફાર્મા, પીએસયુ બેંક, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, મેટલ ઈન્ડેક્સમાં 0.5-1 ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.



### આ શેર સૌથી વધુ નફાકારક છે

આજના કારોબારમાં નિફ્ટી ૫૦ માં અદાણી એન્ટરપ્રાઇઝ (૩.૯૩%) સૌથી વધુ વધ્યો હતો. આ પછી બજાજ ફિનસર્વ (2.65%), ઈન્ડસઈન્ડ બેંક (2.5%), પાવર ગ્રીડ કોર્પ (2.23%) અને અદાણી પોર્ટ્સ (2.11%)નો સમાવેશ થાય છે. નિફ્ટી ૫૦ માં પાંચ મુખ્ય ઘટાડાવાળા શેરોમાં એમ એન્ડ એમ, ભારતી એરટેલ, ઈન્ફોસિસ, ટીસીએસ અને આઈસીઆઈસીઆઈ બેંકનો સમાવેશ થાય છે.

### આજે વિશ્વ બજારમાં

સોમવારે વૈશ્વિક શેરબજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું. રોકાણકારો યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આર્થિક ડેટા અને નીતિગત પગલાં પર નજીકથી નજર રાખી રહ્યા છે, જે બંને સેન્ટ્રલ બેંકના આગામી પગલાંને પ્રભાવિત કરી શકે છે. usnews અનુસાર, ફ્રાન્સનો CAC 40 શરૂઆતના વેપારમાં લગભગ 0.1% ઘટીને 8,171.59 પર પહોંચ્યો, જ્યારે જર્મનીનો DAX 0.4% વધીને 22,560.00 પર પહોંચ્યો. બ્રિટનનો FTSE 100 0.1% વધીને 8,742.97 પર બંધ રહ્યો. એશિયામાં, જાપાનનો બેન્ચમાર્ક નિક્કી 225 શરૂઆતના વેપારમાં વધ્યો, પરંતુ બેન્ચમાર્ક ઝડપથી પાછો પડ્યો અને પછી થોડો ફેરફાર કરીને 39,174.25 પર બંધ થયો, જે 0.1% કરતા ઓછો હતો. ઓસ્ટ્રેલિયાનો S&P/ASX 200 0.2% ઘટીને 8,537.10 પર બંધ રહ્યો. દક્ષિણ કોરિયાનો કોસ્પી 0.8% વધીને 2,610.42 પર બંધ રહ્યો. હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 0.1% થી ઓછો ઘટીને 22,616.23 પર પહોંચ્યો, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.3% વધીને 3,355.83 પર પહોંચ્યો.

### Dev IT એ Q3 FY25માં મજબૂત પ્રદર્શન કર્યું, કુલ આવકમાં 51%નો વધારો

મુંબઈ : Dev Information Technology Limited, એક વૈશ્વિક IT સેવા કંપની જે ક્લાઉડ સેવાઓ, ડિજિટલ રૂપાંતર, ઉદ્યોગ જોખમ સાહસ એપ્લિકેશન્સ અને મેનેજ્ડ IT સેવાઓ પૂરી પાડે છે, જેમાં Talligence અને ByteSigner જેવા ઉત્પાદનોનો સમાવેશ થાય છે, તેણે Q3 FY25 માટે તેના ઓડિટ વગરનું નાણાકીય પરિણામો જાહેર કર્યા છે.કામગીરી પર ટિપ્પણી કરતા, શ્રી પ્રણવ પંડ્યાના સ્થાપક અને ચેરમેને જણાવ્યું હતું કે, "અમે અમારા Q3 FY25 ના પ્રદર્શનથી ખુશ છીએ, જે સતત વૃદ્ધિને પ્રતિબિંબિત કરે છે, જે અમારા ચાલુ વિસ્તરણ અને ગ્રાહક સંપાદન દ્વારા સમર્થિત છે.

## Audiએ ભારતમાં નવી Audi RS Q8 Performance લોન્ચ કરી

(એજન્સી) મુંબઇ તા 17

જર્મન લક્ઝરી કાર ઉત્પાદક Audiએ તેની ઊંચુ પર્ફોમન્સ ધરાવતી લક્ઝરી SUV, Audiએ Q8 પર્ફોમન્સ ભારતમાં લોન્ચ કરી હોવાની ઘોષણા કરી છે. નવી Audi RS Q8 Performance શક્તિ અને અદ્યતન લક્ઝરીનું સંપૂર્ણ મિશ્રણ રજૂ કરે છે, જે તેની અપવાદરૂપ ક્ષમતાઓ અને ધ્યાનકર્ષક ડિઝાઇન સાથે પર્ફોમન્સ SUVમાં નવા માપદંડો સ્થાપિત કરે છે. નવી Audi RS Q8 Performance ભારતમાં હવે એક્સશોરૂમ કિંમત રૂ. 2,49,00,000ની કિંમતે ઉપલબ્ધ છે. આ કાર 10 વર્ષના મફત રોડ સાઇડ આસિસ્ટન્સ અને આકર્,ક વ્યાપક નિભાવ



અને સર્વિસ પેકેજ સાથેના માલિકીપણાના ફાયદા સાથે ઉપલબ્ધ છે. Audi ઈન્ડિયાના વડા શ્રી બલબીર સિંઘએ જણાવ્યું હતુ કે,"Audi RS Q8 પર્ફોમન્સનું લોન્ચીંગ ભારતમાં અત્યંત શ્રેષ્ઠ Audi પર્ફોમન્સ કાર ભારતમાં લાવવાની અમારી પ્રતિબદ્ધતામા નોંધપાત્ર સીમાચિહ્નનું પ્રતીક છે. તેની શક્તિ, અદ્યતનતા અને દૈનિક ઉપયોગિતાના આકર્ષક મિશ્રણ સાથે નવી Audi RS Q8 પર્ફોમન્સની ડિઝાઇન એવા ગ્રાહકો માટે તૈયાર કરવામાં આવી છે જેઓ લક્ઝરીમાં સમાધાન કર્યા વિના આખરી પર્ફોમન્સની માંગ કરે છે. ભારતમાં અમારા RS મોડેલ્સને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદે અમને અમારા પર્ફોમન્સ કાર પોર્ટફોલિયોને વિસ્તૃત કરવાનું સતત રાખવાનુ પ્રોત્સાહન આપ્યુ છે, તેમાં ખાસ કરીને અમારા યુવા ગ્રાહકોનો સમાવેશ થાય છે જેઓ અમારા Audi RS Q8ના ગ્રાહકોમાં આશરે અર્ધી સંખ્યા ધરાવે છે."

**ડ્રાઇવ અને પર્ફોમન્સ:** કમાન્ડિંગ 4.0L V8 TFSI એન્જિન દ્વારા સંચાલિત, જે અસાધારણ પ્રદર્શન માટે 640 hp અને 850 Nm ટોર્ક ઉત્પન્ન કરે છે. અંતરાયમુક્ત પાવર ડિલિવરી અને ગતિશીલ પ્રતિભાવ માટે સ્મૂથ-શિફ્ટિંગ આઠ-સ્પીડ ટિપટ્રોનિક ટ્રાન્સમિશન ધરાવે છે. 305 કિમી/કલાકની વૈકલ્પિક ટોચની ગતિ સાથે, પ્રભાવશાળી 3.6 સેકન્ડમાં 0 થી 100 કિમી/કલાક સુધી વેગ આપે છે, જે રોમાંચક ગતિ પ્રદાન કરે છે. અજોડ હેન્ડલિંગ અને નિયંત્રણ માટે સ્પોર્ટ ડિફરન્શિયલ સાથે ક્વાટ્રો કાયમી ઓલ-વ્હીલ ડ્રાઇવથી સજ્જ. અનુકૂલનશીલ એર સસ્પેન્શન - ઑપ્ટિમાઇઝ્ડ રાઇડ અનુભવ માટે સક્રિય રોલ સ્ટેબિલાઇઝેશન સાથે સ્પોર્ટ ધરાવે છે. ઉન્નત સ્ટોપિંગ પાવર માટે વાદળી, લાલ અથવા એન્થ્રાસાઈટ બ્રેક કેલિપર્સનો વિકલ્પ સાથે RS સિરામિક બ્રેક્સ ઉપલબ્ધ છે RS-સ્પોર્ટ એક્ઝોસ્ટ સિસ્ટમ આકર્ષિત કરવા માટે રચાયેલ છે, સમૃદ્ધ, ડાયનેમિક ટોન પ્રદાન કરે છે જે રસ્તાના રોમાંચને વધારે છે. ઓલ-વ્હીલ સ્ટીયરિંગ ઉચ્ચ ગતિએ પણ સરળ મેનયુવરીંગ, સ્પોર્ટી હેન્ડલિંગ, આત્મવિશ્વાસપૂર્ણ અને આરામદાયક ડ્રાઈવિંગ સુનિશ્ચિત કરે છે.

## ડિઝની ક્રૂઝ લાઇન ડિઝની એડવેન્ચરમાં આવનારા નવા અદભુત અનુભવોની શ્રેણી રજૂ કરી



(એજન્સી) નવી દિલ્હી તા 17

મહેમાનો એપ્રિલથી સપ્ટેમ્બર 2026 દરમિયાન નવી દરિયાઈ સફર માટેની તારીખો બુક કરાવી શકે છે. ડિઝની ક્રૂઝ લાઈને આજે ડિઝની એડવેન્ચરમાં આવનારા નવા અનેઅદ્ભૂત અનુભવોની શ્રેણી રજૂ કરી છે. જેમાંથી કેટલીક પ્રથમ વખત જોવા મળશે. જે મહેમાનોને બુકિંગકરવા અને દરિયામાં જાદુઈ વેકેશનનો આનંદ માણવા માટે વધુ એક તત્પરતા બતાવશે.ડિઝની ક્રૂઝ લાઇનમાં આવનારા માટે ખાસ અનુભવોમાં માર્વેલ સ્ટાઇલ સ્ટુડિયો, બિબ્બીડી બોબ્બીડીબુટિક અને રોયલ સોસાયટી ફોર ફ્રેન્ડશિપ એન્ડ ટી દ્વારા ડિઝની એડવેન્ચરમાં લોકપ્રિય ડિઝની વાર્તાઓઅને પાત્રો જીવંત થશે. આ સાથે ક્રૂઝ પર પહેલી વખત જોવા મળશે ડફી અને ફ્રેન્ડ્સનો નવો શો;ડફીએન્ડ ધ ફ્રેન્ડશિપ સહિત અન્ય ઘણા મનોરંજન અનુભવોની શ્રેણી જોવા મળશે. ડિઝની એડવેન્ચર 15 ડિસેમ્બર, 2025ના રોજ સિંગાપોરથી તેની પ્રથમ સફર પર નીકળશે.મહેમાનોએપ્રિલ અને સપ્ટેમ્બર 2026 દરમિયાન ડિઝની ક્રૂઝ લાઇન વેબસાઇટ પરથી, સંપર્ક કેન્દ્ર દ્વારા અથવાતેમના પસંદગીના ટ્રાવેલ એજન્ટો પાસેથી નવી સફરની તારીખો બુક કરાવી શકશે.ક્રૂઝ પર સવાર દરેક વ્યક્તિ માટે એક અદભૂત દુનિયાડિઝની ક્રૂઝ લાઇન માટે સૌપ્રથમ વખત ડિઝની એડવેન્ચરમાં સવાર મહેમાનો માર્વેલ સ્ટાઇલ સ્ટુડિયોખાતે માર્વેલથી પ્રેરિત હેયર, મેકઅપ અને કપડાંના વિકલ્પો સાથે ચાહકોના મનપસંદ સુપર હીરોનીઉજવણી કરશે. સ્ટાઈલિંગ પેકેજોની શ્રેણી દ્વારા બાળકો અને પુખ્ત વયના લોકો માર્વેલ યુનિવર્સ- જેમાંઆયર્ન મેન, સ્પાઇડર-મેન, ઘોસ્ટ-સ્પાઇડર, કેપ્ટન અમેરિકા, કેપ્ટન માર્વેલ અને થોર તરીકે સ્ટાઇલકરવાની તકનો આનંદ માણી શકશો. ક્રૂઝની સફર દરમિયાન પસંદગીના સમયે આકર્ષક સલૂન માત્રપુખ્તો માટે લાઉન્જમાં પરિવર્તિત થશે, જ્યાં ડ્રિંક્સનો એક અલગ અનુભવ મેળવી શકશે.

## આંદામાનથી લઇને અરૂણાચલ સુધી : એમેઝોન ફાર્મસી સમગ્ર ભારતમાં દવાઓ ઉપલબ્ધ કરાવશે

બેંગાલુરુ : એમેઝોન ફાર્મસી તેના માર્કેટ પ્લેસ થકી ગ્રાહકોને લાઇસન્સ ધરાવતા વિક્રેતાઓ સાથે જોડીને એક સુવિધાયુક્ત અનુભવ પૂરો પાડવાના સખત પ્રયાસ કરી રહ્યું છે. એમેઝોન ફાર્મસી બચત અને ભારતમાં સેવા હેઠળ આવરી લેવાયેલા 100% પિનકોડ પર વિશ્વસનીય ઘર આંગણે ડિલિવરીના સમન્વય દ્વારા ઘર બેઠા આરામદાયક રીતે ઑનલાઇન દવાઓ ઓર્ડર કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવી રહ્યું છે. અમારા પ્રમાણિત કરાયેલા વિક્રેતાઓ મારફતે તમે પ્રિસ્ક્રાઇબ કરેલી દવાઓ, OTC દવાઓ, મેડિકલ ડિવાઇસ, સપ્લિમેન્ટ્સ અને હેલ્થ પ્રોડક્ટનો વિશાળ પસંદગી મેળવી શકો છો. એમેઝોનના રાષ્ટ્રવ્યાપી લોજિસ્ટિક નેટવર્કનો ઉપયોગ કરીને ગ્રાહકો હવે ટોપ મેટ્રો અને ટિયર 2 શહેરો સહિત 23 શહેરોમાં ઉપલબ્ધ સેમ-ડે ડિલિવરી વિકલ્પ સાથે વિશાળ શ્રેણીની દવાઓ પ્રાપ્ત કરી શકે છે. એમેઝોન ઈન્ડિયા, ફાર્મસીના ડિરેક્ટર હર્ષ ગોયલે જણાવ્યું હતું કે, 'એમેઝોન ખાતે અમે ભારતમાં હેલ્થકેર ઉપલબ્ધતાની સુવિધા પૂરી પાડવા માટે લાઇસન્સ ધરાવતા વિક્રેતાઓ સાથે કામગીરી કરીને અમારા ગ્રાહકો માટે ઑનલાઇન શોપિંગ વધુ સુવિધાયુક્ત બનાવીએ છીએ. એમેઝોન ફાર્મસી મારફતે, દેશના દૂરસ્થ વિસ્તારોમાં પણ ગ્રાહકના ઘરઆંગણે જ પ્રિસ્ક્રાઇબ કરેલી દવાઓ, OTC દવાઓ અને આરોગ્ય સંભાળની હજારો આવશ્યક ચીજ-વસ્તુઓ ઉપલબ્ધ કરાવવા માટે અમારા વિક્રેતાઓને રાષ્ટ્રવ્યાપી લોજિસ્ટિક નેટવર્કનો ઈષ્ટતમ લાભ પૂરો પાડીએ છીએ.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'તેવા ગ્રાહકો જે એમેઝોન પરથી ચીજ-વસ્તુઓનો ઓર્ડર આપે છે તેમના માટે અમે આ અનુભવ ખૂબ જ સરળ અને સુવિધાયુક્ત રાખ્યો છે જેથી તેઓ Amazon.in પરથી જે રીતે તેમની અન્ય આવશ્યક ચીજ-વસ્તુઓની ખરીદી કરે છે તે જ રીતે દવાઓની ખરીદી કરી શકે.

## ધ ટાઈમ્સ ગ્રુપ ઈટી નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટ 2025

(એજન્સી) નવી દિલ્હી તા 17

"ડિજિટલ ક્રાંતિમાં ભારત આગેવાની કરી રહ્યો છે તેની સાથે બીએસએનએલ દ્વારા 17 વર્ષ પછી રૂ. 262 કરોડનો નફો નોંધાવ્યો છે,'' એમ ધ ટાઈમ્સ ગ્રુપ ઈટી નાઉ ગ્લોબલ બિઝનેસ સમિટ 2025 ખાતે સંદેશવ્યવહાર અને ભારતના ઈશાન પ્રદેશના વિકાસ વિકાસ માટેના કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ જણાવ્યું હતું.નવી દિલ્હી ખાતે તાજ પેલેસમાં આયોજિત સત્રના પહેલા દિવસે બોલતાં જ્યોતિરાદિત્ય સિંધિયાએ માહિતી આપી હતી કે, ''આજે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ફિઝિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જગ્યા લીધી છે અને ભારત અત્યાધુનિક ડિજિટલ ઈકોસિસ્ટમ સાથે દુનિયાની આગેવાની




કરી રહ્યો છે, જેણે વૈશ્વિક ડિજિટલ લેણદેણના 46 ટકાને શક્તિ આપી છે. આ પ્રગતિનો ચમકતો દાખલો બીએસએનએલ છે, જેણે 17 વર્ષમાં પહેલી વાર નફો હાંસલ કર્યો છે.'' વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ભારતના પરિવર્તનને પ્રદર્શિત કરતાં માંડવિયાએ દેશની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને નોંધપાત્ર રીતે વિસ્તારનાર સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મેક ઈન ઈન્ડિયા જેવી પહેલોની સફળતા પર ભાર મૂક્યો હતો. ''એક દાયકા પૂર્વે આપણી પાસે ફક્ત ચાર યુનિકોર્ન હતી. આજે આપણી પાસે 118 છે.

## તેમની લોનની મુદત ઘટાડી શકે છે. જોકે, જે ગ્રાહકોની લોન MCLR પર આધારિત છે તેમને આ ઘટાડાનો લાભ મળશે નહીં.

# કેન્દ્રીય કર્મચારીઓને બખ્ખા! 51480 રૂપિયા થઇ શકે છે મિનિમમ બેસિક સેલેરી

(એજન્સી) નવી દિલ્હી તા 17

સરકારે એ પણ જણાવ્યું નથી કે કેટલા ટકા પગારમાં વધારો કરવામાં આવશે. જો કે, આ ફિટમેન્ટ ફેક્ટર દ્વારા નક્કી કરવામાં આવે છે. જુદા જુદા અહેવાલો અનુસાર તે 2.57 થી 2.86 હોઈ શકે છે. જો આવું થાય છે, તો ફિટમેન્ટ ફેક્ટર 2.86 અનુસાર, લઘુત્તમ બેઝિક પગાર 18000 રૂપિયાથી વધીને 51480 રૂપિયા થઈ શકે છે.લગ્નની રાત્રે ભૂલમાં પણ ન કરો આ કામ, આજીવન રહી જશે પસ્તાવો

આ રાશિઓ માટે આર્થિક દ્રષ્ટિકોણથી અઠવાડિયું શુભ, સુખ સમૃદ્ધિમાં વધારો થશે, વાંચો સાપ્તાહિક રાશિફળ બોલીવુડનો આ અભિનેતા કિસિંગ સીન આપતા થઈ ગયો બેકાબૂ, કાપી લીધા હતા અભિનેત્રીના હોંઠ, 37 વર્ષ પહેલા આવી હતી ફિલ્મ 8th Pay Commission: કેન્દ્રીય કર્મચારીઓને બખ્ખા! 51480 રૂપિયા થઈ શકે છે મિનિમમ બેસિક સેલેરી, જાણો વિગત 8th Pay Commission: સરકારી કર્મચારીઓને સરકારે મોટી ભેટ આપી છે. સરકારે 8મા નાણાપંચની રચનાને મંજૂરી આપી દીધી છે. સરકારી કર્મચારીઓ અને પગારદારો લાંબા સમયથી આની માંગ કરી રહ્યા હતા. ચાલો જાણીએ કે આ પગારપંચના અમલથી સરકારી કર્મચારીઓના પગાર પર શું અસર પડશે. અને તેનો અમલ ક્યારે કરી શકાય. 8મું નાણાપંચ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને મળતા પેન્શન, ભથ્થા અને પગારમાં ફેરફાર કરશે. એક તરફ પગાર પંચ લાગુ થયા બાદ સરકારી કર્મચારીઓના પગારમાં





વધારો થશે તો બીજી તરફ મોંઘવારી ભથ્થામાં પણ સુધારો થશે. તમને જણાવી દઈએ કે, પગાર પંચ કેન્દ્ર સરકારને સરકારી કર્મચારીઓના પગારમાં સુધારો કરવાની સલાહ આપે છે. આ પ્રક્રિયા દર 10 વર્ષે કરવામાં આવે છે.સરકાર તરફથી તે જણાવવામાં આવ્યું નથી કે પગારમાં કેટલા ટકા વધારો થશે. પરંતુ તે ફિટમેન્ટ ફેક્ટરથી નક્કી થાય છે. અલગ-અલગ રિપોર્ટ્સ અનુસાર ફિટમેન્ટ ફેક્ટર 2.57થી 2.86 કરી શકાય છે. જો આમ થયું તો ફિટમેન્ટ ફેક્ટર 2.86 અનુસાર મિનિમમ બેસિક સેલેરી 18000 રૂપિયાથી વધી 51480 રૂપિયા થઈ શકે છે. પગાર પંચ આ ફિટમેન્ટ ફેક્ટર દ્વારા પગાર, પેન્શન અને ભથ્થામાં સુધારો કરે છે. આ તે પદ્ધતિ છે જેના દ્વારા સરકારી કર્મચારીઓના પગાર અને પેન્શનની ગણતરી કરવામાં આવે છે. મોંઘવારી, કર્મચારીઓની જરૂરિયાત વગેરે જેવા પરિબળો આમાં સામેલ છે. 50 લાખ સરકારી કર્મચારીઓને આ પગારપંચનો લાભ મળી શકે છે. 60 લાખ પેન્શનધારકોને પણ લાભ મળી શકે છે. તમને જણાવી દઈએ કે, અહેવાલો અનુસાર, આ પગાર પંચ 1 જાન્યુઆરી, 2026થી લાગુ થઈ શકે છે. અમલથી સરકારી કર્મચારીઓના પગાર પર શું અસર પડશે. અને તેનો પેન્શન અને ભથ્થામાં સુધારો કરે છે. ચાલો જાણીએ કે આ પગારપંચના અમલથી સરકારી કર્મચારીઓના પગાર પર શું અસર પડશે. અને તેનો અમલ ક્યારે કરી શકાય. 8મું નાણાપંચ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને મળતા પેન્શન, ભથ્થા અને પગારમાં ફેરફાર કરશે. એક તરફ પગાર પંચ લાગુ થયા બાદ સરકારી કર્મચારીઓના પગારમાં વધારો થશે તો બીજી તરફ મોંઘવારી ભથ્થામાં પણ સુધારો થશે. તમને જણાવી દઈએ આ તે પદ્ધતિ છે જેના દ્વારા સરકારી કર્મચારીઓના પગાર અને પેન્શનની ગણતરી કરવામાં આવે છે. મોંઘવારી, કર્મચારીઓની જરૂરિયાત વગેરે જેવા પરિબળો આમાં સામેલ છે. 50 લાખ સરકારી કર્મચારીઓને આ પગારપંચનો લાભ મળી શકે છે. 60 લાખ પેન્શનધારકોને પણ લાભ મળી શકે છે. તમને જણાવી દઈએ અમલ ક્યારે કરી શકાય. 8મું નાણાપંચ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને મળતા પેન્શન, ભથ્થા અને પગારમાં ફેરફાર કરશે. એક તરફ પગાર પંચ લાગુ થયા બાદ સરકારી કર્મચારીઓના પગારમાં વધારો થશે તો બીજી તરફ મોંઘવારી ભથ્થામાં પણ સુધારો થશે. તમને જણાવી દઈએ કે, પગાર પંચ કેન્દ્ર સરકારને સરકારી કર્મચારીઓના પગારમાં સુધારો કરવાની સલાહ આપે છે. આ પ્રક્રિયા દર 10 વર્ષે કરવામાં આવે છે.સરકાર તરફથી તે જણાવવામાં આવ્યું નથી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-6

# દંભને સાચો ઠેરવવા વૈજ્ઞાનિક ઉપકરણોનો ઉપયોગ...



જે રીતની ઘટનાઓ દેશ-દુનિયામાં બને છે, તેનાં પર નજર નાખતાં, સાધારણ માણસો જે રીતે વર્તે છે તેનું દુઃખદ આશ્ચર્ય થાય છે. એમના વિચારોમાં ઊંડાણ નથી હોતું, ઉતાવળ હોય છે. પરિણામોમાં ઘણી વાર હિંસા ડોકાતી રહે છે. એમાં પણ સ્ત્રીઓ સંદર્ભે છેડતી, બળાત્કાર, હત્યાના જે બનાવો બને છે, તેમાં પ્રવેશેલું વિકૃત ને વૈચારિક દારિદ્રય ચિંતા ઉપજાવનારું છે, વળી વાત, સામાન્ય વાત પૂરતી જ સીમિત ન રહેતાં ઘાતક પરિણામો સુધી વિસ્તરે છે ને તે વધારે દુઃખદ છે. ઘણાં કુટુંબોમાં માબાપ સચવાઈ જાય છે, એમ જ ઘણાં કુટુંબોમાં નથી પણ સચવાતાં ને એવાં તો એક કહેતાં અનેક કુટુંબો નીકળે એમ છે. માબાપને દીકરાઓ ક્યારેય ભારે નથી પડયા, પણ દીકરાઓને માબાપ ભારે પડતા હોય છે. ક્યારેક મા એક દીકરા પાસે તો બાપ બીજા દીકરા પાસે ઊછરે છે. એ ઉછેર માબાપે, દીકરાઓનો કર્યો હોય એવો ભાગ્યે જ હોય છે. માબાપમાંથી કોઈ એક જ રહી ગયું હોય તો છ મહિના એક દીકરાને ત્યાં ને છ મહિના બીજા દીકરાને ત્યાં આયખું ઓશિયાળું કરતાં રહે છે. એવું પણ બને છે કે દીકરાઓ છતાં, માબાપને કે બેમાંથી જે હયાત હોય તેને, પરિણીત દીકરી પોતાને સાસરે લઈ આવે છે ને વર્ષો સુધી તેમનું પાલન પોષણ કરે છે. દીકરાઓની આર્થિક સ્થિતિ સારી ન હોય ને માબાપ કે કોઈ એક, ભારે પડે એ સમજી શકાય એવું છે, પણ આજકાલ દીકરાઓમાં જ નહીં, આખા સમાજમાં જે વૈચારિક દારિદ્રય ફેલાયું છે તે બધી રીતે શરમજનક છે. આપણે માનવતા ચુકી જઈ વસ્તુ અને વ્યક્તિ વચ્ચેનો ફરક જ ભૂલી ગયા છીએ. એક તરફ દંભ અને નિષ્ઠુરતા, દેખાડાની દુનિયા વિસ્તરી રહી છે, તો બીજી તરફ ધાર્મિક લાગણીવેડા ને રાજકીય સ્વાર્થનો એવો મારો ચાલે છે કે સાચી લાગણી ક્યાંક અધવચ્ચે જ લુપ્ત થઈ ગઈ છે. શિક્ષણ છે, વિદ્યા નથી. અસત્ય જ એટલું વ્યાપક છે કે એ જ હવે સત્ય તરીકે પ્રતિષ્ઠિત થઈ ગયું છે. આજકાલ શિક્ષણનો તો સ્વાર્થ, સત્તા અને સંપત્તિ માટે જ ઉપયોગ થાય છે. આ દેશને શિક્ષિતોથી થયું છે એટલું નુકસાન અભણોથી થયું નથી. આપણે સૂર્ય સુધી પહોંચવા મથી રહ્યાં છીએ, પણ નજીકના માણસો સુધી પહોંચી શકતા નથી. આપણા ઘરમાં, મોબાઈલ દ્વારા બહારની દુનિયા લાવવામાં ઘરનાં માણસોને બહાર મૂકી દેવાયા છે ને બહારનાં માણસોને ઘરમાં લાવી દેવાયા છે. એટલા લાગણી શૂન્ય થઈ ગયાં છીએ કે આપણે રડીએ પણ બીજાની આંખોથી છીએ, કારણ આપણને અસલી આંસુ પણ બહુ આવતાં નથી એવું કહેવામાં કશું ખોટું નથી. બધું જ છે આપણી પાસે. નથી તો કેવળ સચ્ચાઈ ! આપણો દંભ પણ વૈજ્ઞાનિક છે. તેને સાચો ઠેરવવા આપણે ઉપયોગ વૈજ્ઞાનિક ઉપકરણોનો ઉપયોગ કરીએ છીએ. આપણી ગંદકી પણ ચોખ્ખી છે. એમ લાગે છે કે એક પણ ચહેરો મેકઅપ વગરનો નથી. મહોરાં જ હવે ચહેરા થઈ ગયાં છે. વિકાસ, પ્રગતિ, ઝાકઝમાળ અને વરવી ગરવાઈમાં સચ્ચાઈ શોધી જડતી નથી. આ જ જો જીવન હોય તો તે ઈચ્છવા જેવું છે? બધે બધું જ ખરાબ છે, એવું નથી, પણ બધે બધું સારું જ છે એવું પણ નથી. એવું ક્યારેય હતું નહીં ને હશે પણ નહીં. સત-અસત, સુર-અસુર વચ્ચે અંતર રહ્યું છે ને રહેશે, પણ આજનું હવામાન એ અંતર મિટાવવા મથે છે. લોભ, લાલચ દરેક સમયમાં હતાં, પણ અત્યારે એ કદાચ ચરમસીમાએ છે. જગતમાં સારું પણ છે જ, છતાં એમ લાગે છે કે બાળકો, યુવાનો ને પરિપક્વ વ્યક્તિઓમાં દેખાડો, છીછરાપણું, આક્રમકતા તો જાણે રાજરોગની હદે વકર્યાં છે. આજે બાળકોથી માંડીને વડીલો સુધી તમામ વ્યક્તિઓમાં ધીરજ, શાંતિ બહુ બચ્યાં હોય એવું લાગતું નથી. વૈચારિક ધોરણ ઉત્તરોત્તર કથળતું જાય છે. ઉતાવળના, ઉશ્કેરાટના પડઘા જ પડતા રહે છે. એમ પણ લાગે છે કે મીડિયા હત્યા, આત્મહત્યા, છેડતી, બળાત્કારની એટલી વિગતો આપે છે કે તે જાણીને વ્યક્તિ ડિપ્રેશનનો, નકારાત્મકતાનો ભોગ થયા વગર ભાગ્યે જ રહે. આવી વિગતો પ્રચાર માટે અપાય છે કે તેવી ઘટનાને રોકવા માટે? ઘણીવાર તો એ નક્કી કરવાનું મુશ્કેલ થઈ પડે છે કે વિચારો વિકૃતિના પોષક છે કે વિકૃતિ વિચારોને પોષે છે? દેશમાં સારું પણ ચાલતું જ હશે, પણ યંગ કહી શકાય એવા લોકપ્રિય ચહેરાઓ એટલા છીછરા છે કે તે ગમે ત્યારે ફાટીને ધુમાડે જઈ શકે એમ છે.

# સાવરકુંડલાના વિજપડી ગામે આહીર સમાજનો ૨૪મો સમૂહલગ્નોત્સવ યોજાયો

ભાવેશ ડોલર । સાવરકુંડલા





સાવરકુંડલા નાં વિજપડી ગામે આહીર સમાજનો ૨૪મો સમૂહલગ્નોત્સવ યોજાયો હતો જેમાં ૪૪ જેટલા નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડી પોતાની નવી સફરનો આરંભ કર્યો હતો. ભગવાન શ્રી દ્વારકાધીશના અધ્યક્ષ સ્થાને આ સમારોહ માં રાજસ્વી મહાનુભાવો, સમાજના મોભીઓ,સમાજ અગ્રણીઓ, સમાજના સરકારી સેવા આપતા અધિકારીઓ તથા વિવિધ ક્ષેત્રના આગેવાનો અને આઠ હજાર જેટલા આહીર સમાજ ના ભાઈઓ બહેનો એ હાજરી આપી હતી તથા આ સમારોહ નાં સંપૂર્ણ ખર્ચનાં દાતા તરીકે હરિભાઈ નકુમ,ડાયાભાઈ ગુંદરાસિયા અને મનુભાઈ બલદાણીયા સૌભાગ્ય પ્રાપ્ત કર્યું તથા ભોજનખર્ચ નાં મુખ્ય દાતા સ્વ.કાનજીભાઈ ગોવિંદભાઈ ગુર્જર પરીવાર અને કરિયાવર નાં મુખ્ય દાતા સ્વ. ભાયાલાલભાઈ હકાભાઈ પરડવા પરીવાર એ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું.સમારોહના દાતાશ્રીઓ ને સ્મૃતિભેટ સાથે વિશિષ્ટ સન્માન આપી સત્કરવામાં આવ્યા હતા. આ સમારોહ દર વર્ષની જેમ આ વર્ષે રક્તદાન કેમ્પ નું આયોજન કર્યું હતું અને ૧૦૧ જેટલી રકત બોટલ એકત્ર કરી હતી. સૌ મહાનુભવોએ પોતાના વક્તવ્યમાં શિક્ષણ અને આરોગ્ય અને સમાજનો વિકાસ વિશે સંદેશ આપ્યો હતો તથા સમાજના આઠ હજાર કરતાં વધુ લોકોએ સ્વરુચિ ભોજન લીધું હતું.

## શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે વિજ્ઞાન પ્રદર્શન યોજાયો



દિપક રાવલ । દાહોદ લીમખેડા

શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે શાળાના બાળકો દ્વારા વિજ્ઞાન ના વિવિધ પ્રોજેક્ટ બનાવમાં આવ્યા હતા જેનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું શાળાના બાળકો દ્વારા પવનચક્કી , જ્વાળામુખી, સોલર વોટર ફિલ્ટર જેવા વિવિધ પ્રોજેક્ટો રજૂ કર્યા હતા જેમાં શાળાના બાળકો દ્વારા વિશેષ સમજૂતી અને માહિતી આપવામાં આવી હતી સંસ્થા મંત્રી ભરતભાઈ ભરવાડે વડીલ પ્રોજેક્ટોનું નિરીક્ષણ કરી વિજ્ઞાન શિક્ષકો અને બાળકોને અભિનંદન પાઠવ્યા હતા.

# એકલવ્ય કોલેજ કલારાણીના રાષ્ટ્રીય સેવા યોજના એકમ NSSના વાર્ષિક શિબિરનું કોસુમ ગામમાં આયોજન

કમલેશ પટેલ । સંખેડા





એકલવ્ય કોલેજ કલારાણીના રાષ્ટ્રીય સેવા યોજના એકમ NSSના વાર્ષિક શિબિરનું કોસુમ ગામમાં આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું ઉદ્દઘાટન શ્રી હરિ મહારાજ તેમજ મહેમનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

આ શિબિર દરમિયાન કોલેજના સ્વયં સેવકોએ સમાજ સેવા અને લોક જાગૃતિના કાર્યક્રમો કરવામાં હતા. જેમાં શાળાની સ્વચ્છતા, શેરી સફાઇ, લોક સંપર્ક, ખેડૂત, પશુપાલકો સાથે મુલાકાત કરીને માર્ગદર્શન મેળવ્યું હતું. કોસુમ ગ્રામ પંચાયતની વીસી.ઈ દ્વારા ઈ-સેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, કોસુમ હેલ્થ સબ સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી. ત્યાં ફરજ બજાવતા કોકિલાબેન રાઠવાએ રોગો વિશે જાણકારી આપી હતી. ગામમાં સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિવિધ વિષય પર વ્યાખ્યાન અને સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યા, ડેરિયા ગામે આવેલ સામાજિક વનીકરણ રેન્જ-પાવી જેતપુર નર્સરીની મુલાકાત કરી વિવિધ જાતના છોડ અને વૃક્ષો તથા ડ્રીપ પધ્ધતિ અંગે ફૉરેસ્ટર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્વયં સેવકો દ્વારા શાળાના બાળકો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ શિબિરમાં રાજ્યપાલ દ્વારા સન્માનિત પ્રાકૃતિક કૃષિના તજજ્ઞ રમેશભાઈ રાઠવા દ્વારા વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું "પ્રાકૃતિક કૃષિ જીવન અમૃત" વિષય પર ગામના ખેડૂતો અને સ્વયં સેવકો શાળા વિધ્યાર્થીઓએ જેનો લાભ લીધો હતો. જેના છેલ્લા દિવસ સમાપન સમારંભ યોજાયો હતો. જેમાં કોલેજના આચાર્યશ્રી રઘુભાઈ બારૈયા તથા શાળાના આચાર્યશ્રી વિનાબેન રાઠવા કોલેજના સ્વયં સેવકો, કોલેજનો સમગ્ર સ્ટાફ, શાળાના બાળકો આગેવાનશ્રીઓ હાજર રહ્યા હતા.





## સુબિર ગાય ગોઠણ નજીક સર્જાયો અકસ્માત

ડાંગ જિલ્લા ના સુબિર જતાં ગાયગોઠણ ગામ નજીક ના વળાંક માં આઈસર ટેમ્પો નંબર GJ 06 AV 7105 માં રૂ. 32,21,44 ના કિંમત ના પપૈયા ના રોપા ભરેલ હતા જે આઈસર ટેમ્પો નું વળાંક માં અચાનક ટાયર ફાટતા ટેમ્પો વળાંક માં પલ્ટી થતા ટેમ્પા માં ભરેલ રોપા વેર વિખેર થયા હતા માલિક ને લાખો નું નુકસાન થયુ હતું માહિતી અનુસાર આઈસર ટેમ્પો પપૈયા ના રોપા આંણદ થી મહારાષ્ટ્ર ના પીમ્પલનેર લઈ જતા હતા અકસ્માત માં ડ્રાંઈવર અને ક્લીનર નો આબાદ બચાવ થયો હતો.

# મોડાસા દ્વારકાપુરીમાં 11 કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાયો

રાકેશ મહેતા । ધનસુરા



ગાયત્રી પરિવાર શુભારંભને ૨૦૨૬માં ૧૦૦ વર્ષ થવા જઈ રહ્યાં છે. ત્યારે આ શતાબ્દિ મહોત્સવના ભાગરૂપે ગાયત્રી ચેતના કેન્દ્ર, મોડાસા દ્વારા ઠેર ઠેર યજ્ઞોની શ્રૃંખલા ચાલી રહી છે. ૧૬ ફેબ્રુઆરી રવિવારે મોડાસાના મેઘરજ રોડ પર આવેલ દ્વારકાપુરી સોસાયટી ખાતે અગિયાર કુંડી ગાયત્રી મહાયજ્ઞ આયોજન કરવામાં આવ્યું. ગાયત્રી પરિવારના અરવલ્લી જિલ્લા સંયોજક હરેશભાઈ કંસારા તેમજ મહેમાનો દ્વારા દિપપ્રાગટ્ય કરી શુભારંભ કરાયો. સોસાયટીના અનેક રહીશો આ પવિત્ર મહાયજ્ઞમાં યજમાન તરીકે પૂજનમાં જોડાયા. આ મહાયજ્ઞમાં ઔષધીય જડીબુટ્ટીઓની આહુતિઓ અર્પણ કરાઈ. સાથે સાથે સહભાગી થનાર સૌએ શ્રેષ્ઠ માનવીય જીવન માટે વ્યસનોથી મુક્ત રહેવા તેમજ માનવતાની સેવાના સંકલ્પ લીધા. સમગ્ર યજ્ઞ કર્મકાંડ સંચાલન રશ્મિભાઈ પંડ્યા તેમજ અરવિંદભાઈ કંસારાએ કર્યું. ગાયત્રી પરિવારના અનેક સ્વયંસેવકોએ સેવાકિય સહકાર આપ્યો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા દ્વારકાપુરીના ભરતભાઈ જયસ્વાલ, ધનશ્યામભાઈ ઉપાધ્યાય તેમજ અનેક ભાઈઓ બહેનોએ જહેમત ઉઠાવી હતી.

## ખાંભાના ભાડ ગામે શિકાર અર્થે 6 સિંહો રહેણાક વિસ્તારમાં ઘૂસ્યા

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

શિકારની શોધમાં સિંહ ઓભાડ ગામની શેરીમાં એક ગાયની પાછળ શિકાર અર્થે ૬ સિંહ પાછળ દોડ્યા. ૬ સિંહ નો વિડીયો સીસીટીવી કેમેરામાં કેદ થયો મિતયાળા અભ્યારણ બોર્ડર ભાડ ગામની નજીક હોવાથી અવારનવાર સિંહો શિકાર અર્થે ગામમાં આવી ચડે છે. ભાડ ગામમાં જ ૬ સિંહોએ ગત રાત્રે બે પશુનો કર્યું મારણ ભાડ ગામમાં ૬ સિંહના આટા ફેરાનો સીસીટીવી વિડીયો સોશિયલ મીડિયામાં થયો વાયરલ.



# ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ રાજ્યપાલ દેવવ્રતજી સાથે હરિયાણામાં તેમના ફાર્મનું અવલોકન કર્યું

### રાજ્યપાલશ્રીએ ગુરુકુલ ફાર્મમાં વિકસાવેલું પ્રાકૃતિક ખેતીનું મિશ્ર પાક મૉડલ ભારતીય કૃષિ માટે પ્રેરણાદાયક છે : વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

(એજન્સી) ગાંધીનગર । તા. 17



હરિયાણાની ધરતી પર હવે ખજૂર, અંજીર, સફરજન અને ડ્રેગન ફ્રૂટ જેવી ખેતી હકીકત બની રહી છે. આ અશક્ય લાગતું કાર્ય ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રયોગો અને પ્રયાસોથી શક્ય બન્યું છે, જે સંપૂર્ણપણે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું પરિણામ છે. આ અનન્ય મૉડલના અવલોકન માટે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી રવિવારે ગુરુકુલ ફાર્મની મુલાકાતે પધાર્યા હતા. તેમણે આ પદ્ધતિને ખેતીમાં નવી ક્રાંતિ ગણાવી હતી.

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ હરિયાણાના કુરુક્ષેત્રમાં ગુરુકુલ ફાર્મના વિસ્તૃત નિરીક્ષણ પછી જણાવ્યું કે, અહીં વિકસાવાયેલ પ્રાકૃતિક ખેતીનું મિશ્ર પાક મૉડલ ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવશે અને પાક વાવેતરના ચક્રમાં વૈવિધ્ય લાવી જમીનની ફળદ્રુપતા પણ વધારશે. તેમણે આ પહેલને ભારતીય કૃષિ માટે પ્રેરણાદાયક ગણાવી અને જણાવ્યું કે, શ્રી આચાર્ય દેવવ્રતજી પ્રાકૃતિક ખેતી મિશન દ્વારા વિશ્વમાં એક નવી ક્રાંતિ આણવા જઈ રહ્યા છે. પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત દરમિયાન રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીથી ઉગાયેલું 4.5 કિલો વજનનું વિશાળ શલગમ (ગાજર પ્રકારનું એક કંદ) બતાવ્યું, જેને જોઈને તમામ મહેમાનો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. રાજ્યપાલશ્રીએ ફાર્મ પર પ્રાકૃતિક ઉપચારના પ્રભાવશાળી પરિણામો અંગે જણાવ્યું કે, થોડા દિવસો પહેલાં ડ્રેગન ફ્રૂટમાં ફંગસની સમસ્યા આવી હતી, જેને ગૌમૂત્ર છાંટવાથી તાત્કાલિક નિયંત્રણમાં લઈ શકાયું. તેમણે આ ઉદાહરણ દ્વારા કૃષિમાં ગૌમૂત્રની મહત્ત્વતા દર્શાવી હતી. વિલુપ્ત થતી ઘઉંની અનેક જાતિઓ ગુરુકુલ પ્રાકૃતિક કૃષિ ફાર્મમાં ઉગાડવામાં આવી રહી છે, જેમાં ઘઉં સાથે ચણાને મિશ્રિત રીતે ઉગાડવામાં આવ્યા છે. એ ઉપરાંત, શેરડી સાથે સરસવ અને દાળની મિશ્રિત ખેતીનું મૉડલ પણ વિકસાવવામાં આવ્યું છે. કૃષિ વૈજ્ઞાનિક ડૉ. હરિઓમ એ ચણાના છોડને ઉખેડી નાઈટ્રોજન અને અન્ય પોષક તત્વોના અસરકારક અભ્યાસ વિશે વિસ્તૃત સમજ આપી હતી. વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ પ્રાકૃતિક બોરનો સ્વાદ માણ્યો અને ક્રશર પર ગોળ, સાકર અને ખાંડ બનાવવા માટેની પ્રક્રિયાને નિહાળી હતી. શનિવાર સાંજે ગુજરાત વિધાનસભા અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ ગુરુકુલ કેમ્પસમાં ગૌશાળા, અશ્વશાળા, નિશાનેબાજી તાલીમ કેન્દ્ર, આર્ષ મહાવિદ્યાલય, એનડીએ બ્લોક, દેવયાન વિદ્યાલય ભવન, પ્રાકૃતિક ચિકિત્સાલય વગેરે સ્થળોનું અવલોકન કર્યું હતું. તેમણે ગુરુકુલ ગૌશાળાને ભારતની સર્વશ્રેષ્ઠ ગૌશાળાઓમાંની એક ગણાવી અને દેશી ગાયો તથા નંદી પર વિશેષ ચર્ચા કરી હતી. આ અવસરે ઓએસડી ટુ ગવર્નર ડૉ. રાજેન્દ્ર વિદ્યાલંકાર, ગુરુકુલ પ્રમુખ રાજકુમાર ગર્ગ, પદ્મશ્રી ડૉ. હરિઓમ, ડૉ. બલજીત સહારન, રામનિવાસ આર્ય સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા.

## વર્માનગરના ત્રિવેણી સંગમમાં સ્નાન કરી પરત આવેલા યુવાનોનું સન્માન કરવામાં આવ્યું



મહેશ એલ.સોની નખત્રાણા

૧૪૪ વર્ષ બાદ યોજાઈ રહેલા તા.૧૩ જાન્યુઆરી થી તા.૨૬ જાન્યુઆરી સુધી ૪૪ દિવસ ચાલનારા પ્રયાગરાજ ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા દેશ વિદેશમાંથી કરોડોની સંખ્યામાં સાધુ સંતો તેમજ ભાવિકો ઉમટી રહ્યા છે ત્યારે કચ્છના છેવાડાના સરહદી વિસ્તારના વર્માનગર ખાતે ત્રિવેણી સંગમમાં સ્નાન કરીને પરત આવતા વર્માનગરના અશ્વિનભાઈ કોટડિયા ,કેવલ કોટડિયા, પ્રેમ ઠક્કર, હિત ઠક્કરનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સોના ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા અશ્વિનભાઈ કોટડિયા સહિત ત્રણેય યુવાનોનું એકતાનગર વેપારી મંડળના પ્રમુખ શક્તિસિંહ ઝાલાએ શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

## દાહોદ સનાતન વર્લ્ડ પરિવારના સદસ્યો રામાનંદ પાર્ક દાહોદથી પ્રયાગરાજ જવા પ્રસ્થાન કર્યું



દિપક રાવલ । દાહોદ લીમખેડા

આજ રોજ સનાતન વર્લ્ડ પરિવાર દાહોદ જિલ્લા ના સદસ્યો એ રામાનંદ પાર્ક દાહોદ થી પુર્ણ મહાકુંભ પ્રયાગરાજ કુંભમેળા માં જવા પ્રસ્થાન કર્યું. આ પ્રસંગે રામાનંદ પાર્ક દાહોદ ના આદરણીય મહામંડલેશ્વર ૧૦૦૮ શ્રી જગદીશદાસજી મહારાજ, દાહોદ જિલ્લાના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી પંચમુખી હનુમાનજી મંદિર પાલ્લી લીમખેડાના આદરણીય મહંત શ્રી સુરેશદાશ મહારાજ, વડિલ શ્રી નરેશભાઈ ચાવડા, શ્રી અરવિંદભાઈ રાજપૂત, સનાતન વર્લ્ડ પરિવાર ગુજરાત ના પ્રદેશ પ્રચારક શ્રી રિકેશભાઈ પ્રજાપતિ વિગેરે દ્વારા ૧૧ સદસ્યોનું ફુલહાર, શ્રીફળ આપી, ખેસ પહેરાવી યાત્રાની મંગલ કામના કરવામાં આવી.

# વટામણ પીપળી રોડ પર સર્જાયો અકસ્માત આઈસર અને ડમ્પર વચ્ચે જોરદાર અકસ્માત ડ્રાઈવ ગંભીર ઈજાગ્રસ્ત

કિશોર આર. સોલંકી । જાફરાબાદ





વટામણ પીપળી રોડ પર ગંભીર અકસ્માત સર્જાયો ડમ્પર અને આઈસર વચ્ચે સર્જાયો ગંભીર અકસ્માત સૂત્રો અનુસાર ઓવરલોડ ડમ્પર નું ટાયર ફાટતા આ અકસ્માત સર્જાયો વટામણ પીપળી રોડ પર ડમ્પર અને આઈસર વચ્ચે અકસ્માતમાં એક વ્યક્તિને ગંભીર ઈજાગ્રસ્ત આઈસર ગાડીના ડ્રાઈવરને અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત અકસ્માત થતાં લોકોનો ટોળા એકઠા થયા અકસ્માત ની જાણ 108 ને કરાતા 108 ઘટના સ્થળે પહોંચી 108 દ્વારા ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં ઘટના સ્થળે પોલીસ દોડી અકસ્માતને લઈ તપાસ હાથ ધરી.

# ધારાસભ્ય હાર્દિક પટેલ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંસવા અને પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોરી મુબારકનું ભૂમિ પૂજન કરાયું




વિરમગામ : અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના વાંસવા ખાતે ધારાસભ્ય હાર્દિક પટેલના વરદ હસ્તે પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર - આરોગ્ય પરમ ધનમ્ ના નવિન મકાનનું ભુમિ પૂજન કરવામાં આવ્યુ અને સાથે સાથે પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોડી મુબારકના નવીન મકાનનું પણ ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું.

અંદાજીત રૂપીયા 2 કરોડના ખર્ચે વાંસવા ખાતે આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવિન મકાનનું નિર્માણ કરવામાં આવશે અને રૂપિયા 90 લાખના ખર્ચે પેટા આરોગ્ય કેન્દ્ર ઓગણ તથા થોરી મુબારક ના નવીન મકાનનું નિર્માણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્ય હાર્દિકભાઇ પટેલ, જગદીશભાઇ વડલાણી, વિષ્ણુભાઇ જાદવ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેશ પરમાર, આરસીએચઓ, સરપંચ, તાલુકા સદસ્યો, પદાધિકારીઓ, આગેવાનો સહિત રાજકીય હોદ્દેદારો - કાર્યકર્તાઓ, આરોગ્યના અધિકારીઓ કર્મચારીઓ સહિત વિસ્તારના લોકો ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે, કાર્યરત તેમજ નવીન મકાનમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મેડીકલ ઓફિસર, ફાર્માશિષ્ટ, લેબોરેટરી ટેકનિશિયન, સ્ટાફનર્સ, મલ્ટીપરપઝ હેલ્થ સુપરવાઈઝર, ફિમેલ હેલ્થ સુપરવાઈઝર, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર દ્વારા આરોગ્ય સેવાઓ પુરા પાડવામાં આવે છે. જેમાં દર્દીઓને નિઃશુલ્ક નિદાન-સારવાર, દવાઓ, લેબોરેટરી તપાસ સહિતની આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. આ ઉપરાંત 24 કલાક ડિલેવરી સહિતની આવશ્યક સેવાઓ પણ આપવામાં આવે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંસવા ખાતે એમ્બ્યુલન્સની સુવીધા પણ ઉપલબ્ધ છે.

વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે જણાવ્યુ હતુ કે, નળકાંઠા વિસ્તારમાં આરોગ્ય સેવા વધુ મજબૂત અને સરળ બને તે દિશામાં ભાજપની સરકાર કામ કરી રહી છે. આરોગ્યની સેવાઓ એ લોકોની પ્રાથમિક જરૂરિયાતનો ભાગ છે. ભાજપ સરકાર લોકોને પોતાના જ વિસ્તારમાં સારામાં સારી આરોગ્યની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે વિસ્તાર મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર જેવી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

# મહાશિવરાત્રી પહેલા આ શુભ વસ્તુઓ ઘરે લાવો, ભગવાન શિવ પોતાના આશીર્વાદ વરસાવશે!

**દર વર્ષે મહાશિવરાત્રી ફાગણ મહિનાના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિએ ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ તિથિએ ભગવાન શિવ અને માતા પાર્વતીના લગ્ન થયા હતા. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર મહાશિવરાત્રી પહેલા ઘરમાં કેટલીક વસ્તુઓ લાવવી શુભ માનવામાં આવે છે. હિન્દુ ધર્મમાં મહાશિવરાત્રીના તહેવારનું ખૂબ જ વિશેષ મહત્વ છે. શિવભક્તો આખું વર્ષ મહાશિવરાત્રીની આતુરતાથી રાહ જોતા હોય છે. દર વર્ષે મહાશિવરાત્રી ફાગણ મહિનાના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિએ ઉજવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે આ તિથિએ ભગવાન શિવ અને માતા પાર્વતીના લગ્ન થયા હતા. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર મહાશિવરાત્રી પહેલા ઘરમાં કેટલીક વસ્તુઓ લાવવી શુભ માનવામાં આવે છે. આ વસ્તુઓ લાવવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ રહે છે અને ભગવાન શિવના આશીર્વાદ વરસે છે.**



મહાશિવરાત્રીનો શુભ મુહૂર્ત ફાગણ મહિનાના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિ 26 ફેબ્રુઆરીએ સવારે 11:08 વાગ્યે શરૂ થઈ રહી છે. તેમજ આ તારીખ 27 ફેબ્રુઆરીએ સવારે 08:54 વાગ્યે સમાપ્ત થશે. આવી સ્થિતિમાં મહાશિવરાત્રી 26 ફેબ્રુઆરીએ ઉજવવામાં આવશે. આ દિવસે ભગવાન શિવની પૂજાનું મુહૂર્ત આ રીતે રહેશે. મહાશિવરાત્રી પૂજાનો સમય - 27 ફેબ્રુઆરીના રોજ રાત્રે 12.09 વાગ્યાથી 27 ફેબ્રુઆરીના રોજ રાત્રે 12.59 વાગ્યા સુધીનો રહેશે.

**ભગવાન શિવના આશીર્વાદ વરસશે :** રુદ્રાક્ષને ભગવાન શિવ સાથે સંબંધિત માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર રુદ્રાક્ષની ઉત્પત્તિ ભગવાન શિવના આંસુમાંથી થઈ હતી. આવી સ્થિતિમાં જો તમે મહાશિવરાત્રી પહેલા તમારા ઘરે



રુદ્રાક્ષ લાવો છો તો તે તમારા પરિવાર પર ભોલેનાથના અનંત આશીર્વાદ વરસાવે છે. વધુમાં તેને ઘરમાં રાખવાથી રોગો દોષો અને દુ:ખ પણ દૂર થાય છે.

**આ વસ્તુઓ ઘરે લાવો :** મહાશિવરાત્રી પહેલા તમે પારદ



શિવલિંગને તમારા ઘરે લાવી શકો છો. પછી આ શિવલિંગની દરરોજ પૂજા કરો. આમ કરવાથી વાસ્તુ દોષ અને પિતૃ દોષ જેવી ઘણી સમસ્યાઓથી રાહત મળી શકે છે. વધુમાં મહાશિવરાત્રી પહેલા અથવા મહાશિવરાત્રીના દિવસે તમે આખા શિવ પરિવારનો ફોટો તમારા ઘરે પણ લાવી શકો છો.



**ઘરમાં આવા છોડ વાવો :** ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે તમે મહાશિવરાત્રી પહેલા તમારા ઘરમાં કેટલાક છોડ પણ લગાવી શકો છો. આનાથી સમગ્ર શિવ પરિવારના આશીર્વાદ તમારા ઘર પર રહેશે. તમે તમારા ઘરમાં બિલિપત્ર અને શમી જેવા છોડ વાવી શકો છો. આ છોડ લગાવવાથી ઘરમાં પોઝિટિવ એનર્જી રહે છે.

# મચ્છરનો ત્રાસ વધી ગયો છે?

## રૂમમાં આ સૂકા પાન મૂકી દો, ઘરના ખુણે-ખૂણેથી ભાગશે; આસપાસ પણ નહીં ફરકે!

જેમ જેમ ઠંડી ઓછી થાય છે તેમ તેમ મચ્છરોની સંખ્યા વધવા લાગે છે. રાત્રે કાન પાસે ગુંજતા મચ્છરો હવે રાતની ઊંઘમાં ખલેલ પહોંચાડવા લાગ્યા છે. ત્યારે અમે તમને એક દેશી ઉપાય બતાવીએ છીએ, જેનાથી આસાનીથી ઘરમાંથી મચ્છરો ભાગી જશે.મચ્છરનો આતંક સૌથી વધુ ઉનાળામાં જોવા મળે છે. જેમ કે ફેબ્રુઆરીનો અડધો મહિનો પસાર થઈ ગયો છે, હવે મચ્છર વધવા લાગ્યા છે. કારણ કે ધીમે ધીમે ઠંડી ઘટી રહી છે અને ગરમી વધી રહી છે. હવે મચ્છરનું આપણી આસપાસ મચ્છરનું ગણગણવું એ સ્વાભાવિક છે. પરંતુ આ મચ્છરનો ઉપદ્રવ એટલો વધી જતો હોય છે કે, જ્યારે તે રાતની ઊંઘ બગાડે છે, ત્યારે કોઈનું પણ મગજ ખરાબ થઈ જાય છે. જો કે લોકો મચ્છર ભગાડવા માટે બજારમાંથી પ્રોડક્ટ લઈ આવે છે, પણ તે આપણને નુકસાન કરે છે અને ખાસ કરીને જો તમારા ઘરમાં નાના બાળકો હોય તો તેમને આ કેમિકલ વાળા પ્રોડક્ટ્સ નુકસાન કરી શકે છે. મચ્છરથી બચવા માટે મોટાભાગના લોકો કેમિકલ અગરબત્તી અથવા કોઈલનો ઉપયોગ કરે છે, આ પ્રોડક્ટ્સ બજારમાં સરળતાથી મળી જાય છે. તેથી કોઈ વિચાર્યા વિના દરેક જણ ખરીદી લે છે. પરંતુ આ પ્રોડક્ટ્સ ખૂબ જ હાર્ડ કેમિકલથી બનેલા હોય છે, જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ પણ થઈ શકે છે. ત્યારે અમે, તમને કુદરતી રીતે મચ્છર ભગાડવા માટેનો એક ઉપાય જણાવીએ છીએ. જે ખુબ જ ઉપયોગી છે અને અસરકારક છે. કન્ટેન્ટ ક્રિએટર શશાંક અલશીની ટ્રીક જણાવી રહ્યા છીએ.




**કેમ ઉપયોગ કરવો? |** આ તમામ વસ્તુઓનો ઉપયોગ કરવામાં તમારે કોઈ વધુ મહેનત કરવાની જરૂર નથી. બસ, એક દીવો લઈને તેમાં સૂકા લીમડાના પાન, તેજ પતા અને કપૂર નાખી જલાવો. કપૂર ખૂબ જલદી આગ પકડી લે છે, તેથી આસાનીથી સળગી જશે. હવે જેમ જ ધુમાડો થવા લાગે ત્યારે આ દીવાને ત્યાં લઈ જાઓ જ્યાં મચ્છર સૌથી વધુ દેખાય છે. આ વસ્તુઓની સુગંધ મચ્છરને બિલકુલ પસંદ નથી, તેથી તે તરત જ તમારા ઘરમાંથી બહાર નીકળી જશે.

» મચ્છર ભગાડવા માટે કઈ- કઈ વસ્તુ જોશે?
» સૂકા લીમડાના પાન
» તેજ પતા (તમાલપત્ર)
» કપૂર
» એક દીવો



» મચ્છરને લસણની સુગંધ પસંદ નથી, તેથી પાણીમાં લસણ મિક્સ કરીને છાંટવાથી પણ મચ્છરની સમસ્યા દૂર થાય છે.
» લીંબુ અને લવિંગનો ઉપાય પણ મચ્છરને ઘરમાંથી દૂર રાખવામાં મદદ કરે છે.
» પાણી સાથે વિનેગર મિક્સ કરીને છાંટવાથી પણ મચ્છર આસપાસ ભટકવાનું બંધ કરી દે છે.
» મચ્છરને ઘરમાંથી દૂર રાખવા માટે છોડનો ઉપયોગ કરી શકો છો, સિટ્રોનેલા અને તુલસી જેવા છોડોથી મચ્છર દૂર રહે છે.

## સડસડાટ જવાબ લખી શકશો!

# બોર્ડ એક્ઝામનો સ્ટ્રેસ દૂર કરવા બાળકોને ખવડાવો આ 3 ફૂડ્સ,

બોર્ડની એક્ઝામ શરૂ થઈ ગઈ છે. આ સમયે પેરેન્ટ્સ અને બાળકો એમ બંને સતત ચિંતામાં રહેતા હોય છે. આ દિવસોમાં બાળકો દિવસ-રાત વાંચતા હોય છે. પરંતુ ક્યારેક સ્ટ્રેસ લેવલ એટલું વધી જાય છે કે વાંચેલું યાદ આવતું નથી અને જવાબ લખી શકતા નથી, જેની અસર પરિણામ પર પણ પડે છે. આમ, આ સમયે ખાવાપીવાની બાબતમાં ધ્યાન આપવું ખૂબ જરૂરી છે. પરીક્ષા સમયે બાળકોને એવા ન્યુટ્રિશન આપો જેનાથી માઈન્ડ ફ્રેશ રહે. તો જાણો બાળકોના માઈન્ડમાંથી સ્ટ્રેસ દૂર કરવા માટે કયા ફૂડ્સનું સેવન કરાવશો.



### મગફળી

અનેક પ્રકારની સ્ટડીમાં એ વાત જાણવા મળી છે કે મગફળી દરરોજ થોડી માત્રામાં ખાવામાં આવે તો મેમરી પાવર વધે છે. આ સાથે મૂડ પણ સારો થાય છે. મગફળીનું સેવન કરવાથી સ્ટ્રેસ દૂર રહે છે. આમ, તમે બોર્ડની પરીક્ષા સમયે બાળકોને મગફળી ખવડાવો છો તો અનેક ઘણો ફાયદો થાય છે.

### કેળા

કેળા બાળકોની હાઈટ વધારવાનું કામ કરે છે. કેળા કેલ્શિયમથી ભરપૂર હોય છે. આ સાથે કેળામાં જરૂરી ન્યુટ્રિશન હોય છે જે ઓવરઓલ હેલ્થને ફાયદો પહોંચાડે છે. કેળાનું સેવન કરવાથી લાંબા સમય સુધી પેટ ભરેલું રહે છે. કેળામાં ટ્રિપ્ટોફેન એમીનો એસિડ સેરોટોનિનમાં બદલે છે જેના કારણે મૂડ સારું રહે છે. આમ, તમે બોર્ડ એક્ઝામ દરમિયાન બાળકોને ચિંતા અને સ્ટ્રેસથી દૂર રાખવા માટે કેળા ખવડાવો. આ અનેક રીતે ગુણકારી છે.



### ચોખા



બોર્ડ એક્ઝામના સ્ટ્રેસથી દૂર રાખવા માટે તમે બાળકોને ચોખા ખવડાવી શકો છો. ચોખામાં રહેલું કાર્બોહાઈડ્રેટ મૂડ સારો કરે છે. આ સાથે સ્ટ્રેસ ઓછું કરવાનું કામ કરે છે. એક્ઝામ દરમિયાન તમે બાળકોને ચોખા ખવડાવો છો તો સ્લીપ ક્વોલિટીમાં પણ સુધારો થાય છે.

# યુદ્ધ નાનું કે મોટું લડવું ફરજિયાત....

**जब तक न सफल हो, नींद चैन को त्यागो तुम
संघर्ष का मैदान छोड़ मत भागो तुम
कुछ किये बिना ही जय जय कार नहीं होती
कोशिश करने वालों की हार नहीं होती**



**બોર્ડની પરીક્ષાઓ**

**- રુપાલી દવે**

સોહન લાલ દ્વેવેદી નું "કોશિશ કરને વાલે" કાવ્ય પ્રત્યેક પરીક્ષાર્થીઓ એ મનમાં ઊંડે ઉતારી લેવું જોઈએ.યુદ્ધ નાનું કે મોટું લડવું ફરજિયાત છે એમાં નિષ્ફળતા કે સફળતા વિશે વિચારવું મતલબ યુદ્ધ લડ્યા વગર રણમેદાન છોડવું. સામન્ય રીતે પરીક્ષાનો અર્થ એ થાય કે તક માટે કરવામાં આવતા પ્રયત્ન,પ્રયત્ન સફળ થયા તો તથાસ્તુ. ભાર વગર ના ભણતર ની મોટા માં મોટી ઉપલબ્ધિ "નાપાસ" શબ્દો નું નામોનિશાન મટી ગયું ને ૯૦+ ની રેસ માં માબાપ સહિત શિક્ષણ પદ્ધતિ દોડવા ભાગવા લાગી. ૯૦+ ટકા આવ્યા તો કેરિયર,૯૦% થી ઓછા ટકા આવ્યા તો કેરિયર પર અંધકાર સમજો.આ પ્રકાર ની ખાસ બોગસ વિચારસરણી માં ફસાઈ ગયેલા માબાપ ની દશા કળણ ખૂંપી ગયા જેવી છે. અંધકાર માં દીવો લઈને શોધો તો શું નથી મળતું? પરંતુ વર્તમાન સમયમાં પ્રાઈવેટ સ્કૂલની દાદાગીરી માં કોચિંગ ફરજિયાત ની નીતિમાં બાળકો ના મગજમાં ભણતર સાથે સ્પર્ધાનો ભાર પણ જાણ્યે અજાણ્યે મુકાઈ જતો હોય છે. "સ્પર્ધા" શબ્દ વરસો પહેલા ઘોડા ની રેસ માટે ફેમસ હતો અત્યારે ઘોડાની રેસ કરતા પણ વધારે ફેમસ ૧0th અને ૧૨th ની બોર્ડ ની પરીક્ષાઓ છે.પેરેન્ટ્સ એના રેસ માં ઊતરેલા બાળકો પાછળ મન મૂકીને અધધધ રૂપિયા ખર્ચ કરતા અચકાતા નથી. કેમ? દીકરા દીકરી ને ૯૦અપ આવ્યા તો સમજો કેરિયર બની જશે. એકવાર કેરિયર બની ગઈ તો એની લાઈફ સેટ સમજો.પરંતુ બાળકો ની લાઈફ સેટ ના ગોલ માં પેરેન્ટ્સ ભૂલે છે કે એણે "સ્પર્ધા ની રેસમાં મુકેલ બાળકો" થી શું ગુમાવ્યું છે?

મોટાભાગ ના ૧0th ની બોર્ડ ની પરીક્ષા આપતા વિદ્યાર્થી વિદ્યાર્થીની ઓ પંદર સોળ વર્ષની આસપાસ ના હોય છે.સાયન્સ અનુસાર માણસ પંદર સોળ વર્ષની આયુ એ બાળક મટી ને યુવાનીમાં પ્રવેશતા હોય છે. આ આયુ માં વિદ્યાર્થી સાથે જે કઈ ઘટના બને છે એના પડઘા લાઈફ ટાઈમ રહેતા હોય છે. સારા ખરાબ પરિણામ ની અસર ને લાગણીઓ થી લઈને અંતિમ સ્ટેપ લેતા અચકાતા નથી. અમારા સમય માં ફેલ થવાની ઘટના ને આકસ્મિક એક્સિડન્ટ માનવામાં આવતા હતા,કેમ? બેશક ભારી દફ્તર ઉઠાવીને નિશાળે જતા હતા પણ ભણતર ભાર વગર નું હતું. દિવસ ની મુખ્ય દિનચર્યા સ્કૂલે જવાનું અને પાંચ વાગ્યે છૂટવા નો ઘંટ થતાંજ ઘર ભેગા થવાનું. ઘરે પ્રવેશતા જ દફ્તર નો ઘા કરીને ભાઈબંધ બહેનપણીઓ સાથે રમવા ભેગા થવાનું. ટ્યુશન ક્લાસ ની સંખ્યા ઓછી હતી ને માબાપ ના ખિસ્સા ને ટ્યુશન ક્લાસ નો ખર્ચ પરવડે એમ નહતા.આ કારણોસર લાઈફ બિન્દાસ પાસ થયા તો દસ વિશ રૂપિયા બક્ષિશ મળતી હતી અને નાપાસ થયા તો પ્રેમભર્યો ઠપકો આપતા હતા. તમારા માન્યતા માં આવશે જ નહિ અમારા વખતે પાંચમાં સાતમાં ધોરણમાં પણ બે ત્રણ વખત નાપાસ થયેલાની ફોજ હતી. અમારા ક્લાસ શિક્ષક તોફાની ટોળકીની નોટબુક તપાસતા તપાસતા હસતા હસતાં બોલતા હતા કે એલા!!ઓ બોઘાઓ,રામ લંકા ના નહી અયોધ્યા ના રાજા હતા, લંકા નો રાજા રાવણ હતો.ત્યારે તોફાની ટોળી બોલતી હતી કે સર,શું ફર્ક પડે છે? રાવણ ને યુદ્ધ મા રામે તો હરાવ્યો એટલે જો જીતા વહી સિકંદર. શું આવર નવાર નાપાસ થયેલા આ બધા વિદ્યાર્થીઓની લાઈફ અટકી ગઈ હતી? ના બિલકુલ નહી વર્તમાનમાં આ બધા પચાસ પંચાવન ઉંમરે ફુલ્લી પાસ થયેલા કરતા પણ ચાર પાંચ સ્ટેપ આગળ કેરિયર ની ટોચ પર છે.

લાઈફ ના તો નાની મોટી ઘટનાઓ થી અટકે કે ભટકે છે એને ફાસ્ટ ટ્રેન માફક સમજો,લાસ્ટ સ્ટેશન આવતા જ અટકી જાય છે.વિદ્યાર્થીઓ લાઈફ માં રેસ નો ઘોડો બનવા કરતા લાઈફ ને સમજો. પ્રત્યેક માટે "લાઈફ" નું મહત્વ વિશેષ મહત્વ નું છે, લાઈફ અત્યંત કિંમતી છે નાનકડી ઘટના ના લીધે એની સાથે છેડછાડ કરતા નહી.તમારા પિતા કે શિક્ષકના જીવનને નજીક થી અનુભવશો તો સમજશે કે ૧0th કે ૧૨thની પરીક્ષાઓ જ મહત્વની નથી હોતી લાઈફ માં નાની મોટી અસંખ્ય પરીક્ષાઓનો સામનો કરવો પડતો હોય છે.આ બધી પરીક્ષાઓ માં પ્રશ્ન પત્ર કે ઉત્તરવહીની નો નથી હોતી, માનસિક લડાઈઓ વધારે સમજો. "પ્રયત્નો અને વિશ્વાસ" નો મૂળ મંત્ર ધારણ કરીને લાઈફની પ્રત્યેક પરીક્ષાઓ આપશો તો સફળતા તમારા કદમ ચૂમશે એટલું નક્કી.

ગુરૂ એ એના શિષ્ય ને કીધું કે નાળિયેરી માં પુષ્કળ નાળિયેર છે તો બધા તોડી આપ.શિષ્ય એ ગુરુદેવ ના આશીર્વાદ લઈને નાળિયેરી ના ઝાડ પર ચડવાનું શરૂ કર્યું. આમ પણ નાળિયેરી ના ઝાડ પર ચડવું એ જોખમ ભરેલું અને અત્યંત મુશ્કેલ કામ હોય છે.જે આ ઝાડ પર ચડવામાં નિષ્ણાત હોય એજ ચડી શકે,એની લાઈફ માં પ્રથમ વખત શિષ્ય નાળિયેરી ના ઝાડ પર ચડતો હતો એટલે એ ખૂબ ભયભીત હતો પરંતુ ગુરુદેવ પર પૂરેપૂરો વિશ્વાસ અને શ્રદ્ધા હતી એટલે જેમ તેમ કરીને એ નાળિયેરી ની ટોચ પર પોહચી ગયો. ટોચ પરથી જેવો નીચે ઉતરવા જતો હતો ત્યાં ગુરુદેવ એ શિષ્ય ને સતત સલાહ આપવાનું શરૂ કરી દીધું "ધ્યાન થી પગ મૂકજે,જો ત્યાં થડ નો ભાગ થોડો લીસો છે લસરી પાડશે,ધ્યાન રાખ ત્યાં પગ મૂકીશ તો તને થડ નો ખૂણો પગ માં ખૂંચી જશે વગેરે વગેરે વગેરે અસંખ્ય સલાહો આપી" શિષ્ય એ ગુરુ નું કાર્ય પૂર્ણ કર્યા બાદ નત મસ્તક નમસ્કાર કરતા પૂછ્યું કે ગુરુદેવ,મારા મનમાં પ્રશ્ન છે કે ઝાડ પર ચડવું ખુબ મુશ્કેલ હતું છતાંય તમે મને કેમ સલાહ ન આપી? ગુરુદેવ એ શિષ્ય સામે જોઈને સ્મિત કરતા કહ્યું કે બેટા,પરીક્ષામાં ઉતીર્ણ થયા બાદ ભૂલ થવાના ચાન્સ વધારે હોય છે, તુ ભૂલ થી પણ ભૂલ ના કરે એ માટે તારે સતર્ક રહેવું જરૂરી હતું.

વિદ્યાર્થી મિત્રો,તમારા પેરન્ટ્સ કે શિક્ષક તમારા દુશ્મન નથી,બોર્ડની પરીક્ષાઓમાં એ સતત સતર્ક રહેવાનું સૂચવતા હોય છે. તમારા પેરન્ટ્સને તમારા ભવિષ્યની ચિંતા સાથે વર્ષભર તમે કરેલી મહેનત નિષ્ફળ ન જાય એની ચિંતા સતાવતી હોય છે.નાનકડી આળસ કે ભૂલ માં વર્ષભર કરેલી તમારી મહેનત પર પાણી ફરી શકે છે. લાસ્ટ સમયે તમારું સ્ટેશન છૂટી નાં જાય એટલે સલાહ સુચના આપ્યા કરતા હોય છે.ભગવાન શ્રી કૃષ્ણ નું વચન "મહેનત કરવાની મહેનતનું ફળ તારા કર્મ પર છોડવાનું" નિષ્ફળતા સફળતાનું વિચારવા કરતા "લાઈફ" વિશે વધારે વિચારવાનું. કદાચ ઓછું મળ્યું તો એમાં પણ ઈશ્વર ના આશીર્વાદ છુપાયેલા હશે,કેમ?તમારા જીવન માં તમારે ક્યારે કેટલું વધારે કે ઓછું જોઈએ છે એની ખબર ઈશ્વર સિવાઈ અન્ય માટે અશક્ય છે. ફેમસ ફૂટ બોલ પ્લેયર જોર્ડન નું વાક્ય "જે વ્યક્તિ સતત એની નિષ્ફળતા ને યાદ રાખીને સફળ થવાના પ્રયત્નો કરે એ વ્યક્તિ ક્યારેય નિષ્ફળ નથી જતી. સફળતા એના કદમ ચૂમે છે.." લોકશાહી ના પ્રણેતા અબ્રાહમ લિંકન એ લાઈફ માં પારાવાર નિષ્ફળતા નો સામનો કર્યો છતાંય ખુદ પરના આત્મ વિશ્વાસ ના લીધે અમેરિકા ના પ્રમુખ બન્યા હતા."ફેલ્યોર ઇઝ ધ પ્રાઈમરી વ્હીલ ઓફ સક્સેસ" ને અનુસરી ને અબ્રાહમ લિંકન ધંધા માં નિષ્ફળ ગયા,વિધાન સભાની ચૂંટણી હાર્યા,નર્વસ બ્રેક ડાઉન ના શિકાર થયા,સેનેટ માં પરાજય થયા વગેરે વગેરે અનેક સમસ્યા ઓનો સામનો કર્યા બાદ હાર માની નહતી.

બધા પરીક્ષાર્થીઓને "બેસ્ટ ઓફ લક" ફોક્સ ઓન પરીક્ષા..
હારી બાજી કો જીતના હમે આતા હૈ,
યહા કે હમ સિકંદર

# મહારાષ્ટ્ર રાજ્યના વાહન વ્યવહાર મંત્રી પ્રતાપ સરનાયક ગુજરાત મુલાકાતે



■ **ગુજરાતમાં પીપીપી મોડલ હેઠળ તૈયાર કરવામાં આવેલા આધુનિક વડોદરા બસપોર્ટની પણ મુલાકાત લીધી**

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મહારાષ્ટ્ર રાજ્યના વાહન વ્યવહાર મંત્રી પ્રતાપ સરનાઈક ગુજરાતની મુલાકાતે આવ્યા છે. ગુજરાતના વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવી સાથે તેમણે ગુજરાત એસ.ટી. નિગમની મધ્યસ્થ કચેરીની મુલાકાત લઇ નિગમની મહત્વની કામગીરી અંગે માહિતી મેળવી હતી. ત્યારબાદ, એસ. ટી. નિગમના કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટરની મુલાકાત લઇ, વાહન વ્યવહાર વિભાગ તેમજ નિગમ દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ સેવાઓ અને સંચાલન પદ્ધતિઓથી તેઓ અવગત થયા હતા. આ મુલાકાત દરમિયાન મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચેના વાહન વ્યવહાર ક્ષેત્રે સહકાર વધારવા તેમજ પ્રગતિશીલ માળખાગત સુવિધાઓ અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. આ મુલાકાત દરમિયાન ગુજરાત રાજ્યના વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવી, વાહન વ્યવહાર કમિશનર અનુપમ આનંદ. એસ.ટી. નિગમના મેનેજિંગ ડિરેક્ટર નાગરાજન અને સચિવ શ્રી રવિ નિર્મલ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાં પીપીપી (પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપ) મોડલ હેઠળ તૈયાર કરવામાં આવેલા આધુનિક બસપોર્ટ વડોદરા બસપોર્ટની મુલાકાત મહારાષ્ટ્રના મંત્રીએ લીધી હતી.મહારાષ્ટ્ર રાજ્યના વાહન વ્યવહાર મંત્રી પ્રતાપ સરનાઈક ગુજરાતની મુલાકાતે આવ્યા છે.



# ‘ફ્રી સમય રૈના...’ : વડોદરાના કોન્સર્ટમાં બાદશાહનો યુટ્યૂબરને સ્પોર્ટ, ઓડિયન્સે હૂટિંગ અને ફેન્સે ટ્રોલ કર્યો

(એજન્સી) મુંબઈ | તા.17

બોલિવૂડ સિંગર અને રેપર બાદશાહે ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ના હોસ્ટ અને કોમેડિયન સમય રૈનાને પોતાનો સ્પોર્ટ આપ્યો છે. ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ના એક એપિસોડ બાદ લોકો સમય રૈના અને રણવીર અલ્હાબાદિયાનો ખૂબ વિરોધ કરી રહ્યા છે. રણવીરે માતા-પિતા વિશે અશ્લીલ કોમેન્ટ કરી હતી જેનો લોકોએ તેનો અને આ શોનો ભારે વિરોધ કર્યો હતો.

ઓડિયન્સે હૂટિંગ અને ફેન્સે ટ્રોલ કર્યો હવે રેપર બાદશાહે ઈન્ડિયા’ઝ ગોટ લેટેન્ટ કોમેડિયન સમય રૈનાને ઓપન સ્પોર્ટ કર્યો છે. શનિવારે સાંજે વડોદરાની પારુલ યુનિવર્સિટીમાં બાદશાહનો કોન્સર્ટ યોજાયો હતો. તેના મ્યુઝિક કોન્સર્ટની એક વીડિયો ક્લિપ ખૂબ વાઈરલ થઈ રહી છે. જેમાં તેને પર્ફોર્મન્સ બાદ યુટ્યૂબરને સ્પોર્ટ કરતા બૂમ પાડી કે, ‘ફ્રી સમય રૈના...’. આટલું કહેતા જ ઓડિયન્સે હૂટિંગ શરૂ કર્યું હતું, તો બીજી તરફ સોશિયલ મીડિયા પર આ વીડિયો વાઈરલ થતા લોકોએ રેપરને ટ્રોલ પણ કર્યો હતો.

આ વિડીયો પર યૂઝર જબરદસ્ત કોમેન્ટો કરી રહ્યાં છે. એક યુઝરે લખ્યું કે સમય રૈનાને સપોર્ટ તો કરીએ છીએ, પરંતુ બાદશાહ જી તેને હજુ સુધી પકડ્યો નથી. બીજાએ લખ્યું કે સમય રૈના અત્યારે ફ્રી જ છે, તેને પકડ્યો નથી. આ રીતે સ્પોર્ટ કરવાના ચક્કરમાં બાદશાહને સોશિયલ મીડિયા પર ટ્રોલ થવું પડ્યું હતું. સમય રૈનાનો શો રદ થવા લાગ્યા ‘ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ’ વિવાદ બાદ ગુજરાતમાં કોમેડિયનના ઘણા શો રદ થયાના છે. રાજ્યમાં તેમના ચાર શોનું આયોજન હતું - એક 17 એપ્રિલે સુરતમાં અને બીજો 18 એપ્રિલે વડોદરામાં અને આ પછી 19 અને 20 એપ્રિલે અમદાવાદમાં બે શો હતા. જોકે, વિવાદમાં આવતા જ આ તમામ શો રદ્દ થઈ ગયા છે. રણવીરે શોમાં એક કન્ટેસ્ટન્ટને વાંધાજનક પ્રશ્નો પૂછ્યા હતા. રણવીરે એક સ્પર્ધકને એવો ગંદો સવાલ પૂછી નાખ્યો, જેનો અર્થ એવો થતો હતો કે ‘શું તમે તમારાં માતા-પિતા સાથે અંગત પળો માણશો?’ આ અને આ સિવાય પણ શોમાં ભરપૂર ગંદી કમેન્ટ્સ હતી. એને લીધે ખાસ કરીને યંગસ્ટર્સમાં આ સુપરહિટ શો અત્યારે વિવાદમાં આવ્યો છે.

**શું છે આખો મામલો ?** : સમય રૈનાનો શો રદ થવા લાગ્યા ‘ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ’ વિવાદ બાદ ગુજરાતમાં કોમેડિયનના ઘણા શો રદ થયાના છે. રાજ્યમાં તેમના ચાર શોનું આયોજન હતું - એક 17 એપ્રિલે સુરતમાં અને બીજો 18 એપ્રિલે વડોદરામાં અને આ પછી 19 અને 20 એપ્રિલે અમદાવાદમાં બે શો હતા. જોકે, વિવાદમાં આવતા જ આ તમામ શો રદ થઈ ગયા છે. ‘બિયર બાઈસેપ્સ’ તરીકે જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને પોડકાસ્ટર રણવીર અલ્લાહબાદિયા તાજેતરમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાના શો ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’માં દેખાયો હતો. આ શો તેના વિવાદાસ્પદ અને બોલ્ડ કોમેડી કન્ટેન્ટ માટે જાણીતો છે, પરંતુ આ વખતે શોમાં કંઈક એવું બન્યું, જેનાથી સોશિયલ મીડિયા પર લોકો ગુસ્સે થયા. રણવીરે શોમાં એક કન્ટેસ્ટન્ટને વાંધાજનક પ્રશ્નો પૂછ્યા હતા. રણવીરે એક સ્પર્ધકને એવો ગંદો સવાલ પૂછી નાખ્યો, જેનો અર્થ એવો થતો હતો કે ‘શું તમે તમારાં માતા-પિતા સાથે અંગત પળો માણશો?’ આ અને આ સિવાય પણ શોમાં ભરપૂર ગંદી કમેન્ટ્સ હતી. એને લીધે ખાસ કરીને યંગસ્ટર્સમાં આ સુપરહિટ શો અત્યારે વિવાદમાં આવ્યો છે.

# ભારતીય સૈનિકને અનૈતિક સંબંધ બાંધતો કેમ બતાવ્યો?

## ALT બાલાજી સિરીઝ મુદ્દે ‘હિન્દુસ્તાની ભાઉ’ને એકતા કપૂરે ₹100 કરોડની નોટિસ ફટકારી

(એજન્સી) મુંબઈ | તા.17

ફિલ્મમેકર એકતા કપૂર પર ભારતીય સૈનિકોનું અપમાન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ કેસમાં, શનિવારે મુંબઈ સ્થાનિક કોર્ટે પોલીસ તપાસનો આદેશ આપ્યો અને 9 મે સુધીમાં રિપોર્ટ રજૂ કરવા કહ્યું. યુટ્યૂબર વિકાસ પાઠક ઉર્ફે ‘હિન્દુસ્તાની ભાઉ’ એ ફરિયાદ નોંધાવી હતી. હવે એકતાના વકીલે પણ આ મામલે નોટિસ જારી કરી છે. એકતાનાં વકીલે નોટિસ ફટકારી એકતા કપૂરના વકીલ રિઝવાન સિદ્દીકીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ શેર કરી છે. આ નોટિસમાં તેમણે લખ્યું છે કે કેટલાક લોકો તેમના ક્લાયન્ટ એટલે કે એકતા કપૂરને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આવું કરવા પાછળ તેના કેટલાક હેતુઓ છે. તેઓ એકતા કપૂર વિશે ખોટી માહિતી ફેલાવી રહ્યા છે અને જે પોલીસ ફરિયાદની વાત થઈ રહી છે તે વર્ષ 2020માં બંધ થઈ ગઈ હતી. આ માહિતી પોલીસ વિભાગ દ્વારા આપવામાં આવી છે.

100 કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરશે - વકીલ એકતાના વકીલે નોટિસમાં કહ્યું છે કે તેઓ તેના વતી માનહાનિનો કેસ દાખલ કરશે. તેમણે કહ્યું કે ખોટી માહિતી ફેલાવનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને 100 કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરવામાં આવશે. શું છે આખો મામલો? 2020માં, યુટ્યૂબર વિકાસ પાઠક ઉર્ફે ‘હિન્દુસ્તાની ભાઉ’ એ એકતા કપૂર, તેના પિતા જીતેન્દ્ર, માતા શોભા અને એકતાનાં OTT પ્લેટફોર્મ ALT બાલાજી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. વકીલ અલી કાશિફ ખાન દેશમુખ દ્વારા દાખલ કરાયેલી FIR મુજબ, ALT બાલાજી વેબ સિરીઝના એક એપિસોડમાં એક સૈન્ય જવાનને ગેરકાયદેસર જાતીય પ્રવૃત્તિમાં સંડોવતો દર્શાવવામાં આવ્યો હતો. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે વિકાસ પાઠક ઉર્ફે ‘હિન્દુસ્તાની ભાઉ’ ને મે 2020માં આ વિશે ખબર પડી. જે બાદ તેણે ફરિયાદ નોંધાવી.

ભારતીય સેનાનું અપમાન કરવાનો આરોપ ફરિયાદ મુજબ, નિર્માતાએ શ્રેણીમાં ગેરકાયદેસર જાતીય કૃત્યમાં રાષ્ટ્રીય પ્રતીક સાથે ભારતીય સેનાનો ગણવેશ બતાવીને આપણા દેશની ગરિમા અને ગૌરવને ખોટી રીતે રજૂ કર્યું છે. ALT બાલાજી પર પહેલા પણ આવા જ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. ઘણી વખત સોશિયલ મીડિયા અને અન્ય લોકોએ ALT બાલાજીની સામગ્રીની ટીકા કરી છે. હિન્દુસ્તાની ભાઉ કોણ છે? વિકાસ પાઠક મુંબઈના ખારનો રહેવાસી છે. તેમને ‘હિન્દુસ્તાની ભાઉ’ તરીકે ઓળખવામાં આવે છે. તેઓ કારમાં બેસીને વીડિયો રેકોર્ડ કરે છે. તેમના વીડિયોમાં ઘણીવાર અપશબ્દોનો ઉપયોગ થાય છે. વિકાસ 2019 માં રિયાલિટી ટીવી શો બિગ બોસનો ભાગ બન્યો.



# બબ્બરના લગ્નમાં ન આવવા પર પ્રિયાએ કરી વાત

## પરિવારનો દરેક વ્યક્તિ લગ્નમાં હાજર હતો, મને ખબર નથી આવી અફવાઓ કોણ ફેલાવે છે

(એજન્સી) મુંબઈ | તા.17


એક્ટર પ્રતીક બબ્બરે 14 ફેબ્રુઆરીએ ગર્લફ્રેન્ડ પ્રિયા બેનર્જી સાથે બીજા લગ્ન કર્યા. એવી અફવા ફેલાઈ હતી કે પ્રતીકે તેના પિતા અને એક્ટર રાજ બબ્બરને આ લગ્નમાં આમંત્રણ આપ્યું ન હતું. હવે એક્ટરની પત્ની પ્રિયાએ આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેણે કહ્યું કે આ ખોટી વાતો છે, લગ્નમાં બધા મહત્વપૂર્ણ લોકો હાજર હતા.

રાજ બબ્બરના લગ્નમાં ન આવવા પર પ્રિયા બેનર્જીએ કરી વાત લગ્ન પછી પહેલી વાર પ્રિયા બેનર્જીએ હિન્દુસ્તાન ટાઈમ્સ સાથે વાત કરી. અફવાઓનું ખંડન કરતા તેણે કહ્યું, લગ્નમાં પરિવારના બધા સભ્યો હાજર હતા. એવું કોઈ વ્યક્તિ નહોતું જે પરિવારનો હિસ્સો હોય અને લગ્નમાં હાજર ન હોય. મને ખબર નથી કે લગ્નમાં પરિવારના સભ્યો હાજર ન હતા તેવી અફવાઓ કેમ ફેલાય. અમારા પરિવારના સભ્યો આ કાર્યક્રમમાં હાજર હતા, જેમાં મારા માતા-પિતા, તેની માસી, તેના નાના-નાની અને તે દરેક વ્યક્તિ જે અમારા માટે મહત્વપૂર્ણ અને અમારા પરિવારનો ભાગ છે.

પ્રિયા અને પ્રતીક પાંચ વર્ષથી સાથે રહે છે આ કપલ હંમેશા પોતાના સંબંધો વિશે ખુલ્લેઆમ વાત કરે છે. જોકે, બંનેએ અચાનક લગ્ન કરી લીધા. પ્રિયાને પૂછવામાં આવ્યું કે લગ્ન પછી તેના જીવનમાં કોઈ ફેરફાર થયા છે? જેના જવાબમાં તેણે કહ્યું- સાચું કહું તો, પ્રતીક સાથે લગ્ન કરવા અને પરણિત થવું એ કોઈ અલગ લાગણી નહોતી. અમે બંને ઘણા સમયથી સાથે રહીએ છીએ. અમે લગભગ પાંચ વર્ષથી એક જ ઘરમાં રહીએ છીએ. મને એવું લાગ્યું કે હું તેને હંમેશાથી ઓળખું છું.

સાવકા ભાઈએ કહ્યું- પિતાને આમંત્રણ નહોતું પ્રતીકના સાવકા ભાઈ અને સ્ટેન્ડ-અપ કોમેડિયન આર્ય બબ્બરે કહ્યું હતું કે બબ્બર પરિવારને આ લગ્નમાં આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. મને લાગે છે કે કોઈ તેના મગજને વધારે કંટ્રોલ કરી રહ્યું. તે પરિવારના કોઈ પણ સભ્ય સાથે સંબંધ રાખવા માગતો નથી. તેણે કોઈને ફોન કર્યો નહીં. આર્યએ આ વાતો E ટાઈમ્સ સાથેની મુલાકાતમાં કહી હતી. આર્યએ કહ્યું હતું- મને આ વાતનું દુઃખ છે. મને લાગ્યું કે અમારો સંબંધ મજબૂત હતો. તેણે પપ્પાને લગ્નમાં આમંત્રણ પણ આપ્યું ન હતું. પપ્પાને આમંત્રણ આપવું જોઈતું હતું. જીવન કોઈ ફિલ્મથી વધારે નથી. ઘરમાં કોઈ તેને ઉશ્કેરી રહ્યું છે.

**કોણ છે પ્રિયા બેનર્જી ?** : પ્રિયા બેનર્જી એક સાઉથ ઈન્ડિયન એક્ટ્રેસ છે. તેણે સાઉથ સિનેમામાં પોતાની કારકિર્દી ‘કિસ’ ફિલ્મથી શરૂ કરી હતી. આ ઉપરાંત, તે ઐશ્વર્યા રાય બચ્ચનની ફિલ્મ ‘જઝબા’માં જોવા મળી હતી. તેણે ‘બેકાબૂ’, ‘રાણા નાયડુ’ અને ‘હેલો મિની’ જેવી સિરીઝમાં પણ કામ કર્યું છે. પહેલા લગ્ન સાન્યા સાગર સાથે થયા હતા પ્રતીક બબ્બરે ઘણા વર્ષો સુધી ડેટ કર્યા બાદ 2019 માં ફિલ્મ પ્રોડ્યુસર સાન્યા સાગર સાથે લગ્ન કર્યા. પરંતુ માત્ર એક વર્ષ પછી, 2020 માં, બંને મતભેદોને કારણે અલગ થઈ ગયા. પછી, જાન્યુઆરી 2023 માં કપલે સત્તાવાર રીતે છૂટાછેડા લીધા. આ પછી, નવેમ્બર 2023 માં, પ્રતીકે પ્રિયા બેનર્જી સાથે સગાઈ કરી.



# ક્રિતી લગ્નની તારીખ નક્કી કરવા કબીરના ઘરે દિલ્હી પહોંચી...

મુંબઈ: ક્રિતી સેનન અને તેનો બોયફ્રેન્ડ કબીર બહિયા આ વર્ષમાં હવે કોઈપણ સમયે લગ્ન કરી લેશે તેવી અટકળો છે. ક્રિતી કબીરનાં દિલ્હીનાં ઘરે પહોંચી હતી અને તેના માતાપિતાને મળી હતી. આ દરમિયાન લગ્નની તારીખોની ચર્ચા થઈ હોવાનું કહેવાય છે. કબીર મૂળ લંડનનો બિઝનેસમેન છે. જોકે, તેના માતાપિતા દિલ્હીમાં રહે છે. ક્રિતીનો પરિવાર પણ મૂળ દિલ્હીનો છે. ક્રિતી અને કબીર છેલ્લા કેટલાંય સમયથી સાથે સાથે જ પ્રવાસે જાય છે અને બંને નિયમિત રીતે એકબીજાનાં પારિવારિક પ્રસંગોમાં પણ હાજરી આપી રહ્યાં છે. જોકે, તેમણે હજુ સુધી રિલેશનશિપની ઓફિશિયલ ઘોષણા કરી નથી. ક્રિતી હાલ ધનુષ સાથેની ‘તેરે ઈશ્ક મેં’ ફિલ્મ કરી રહી છે. સૂત્રોના મતે આ ફિલ્મનું કામ પૂર્ણ થયા બાદ ક્રિતી અને કબીરનાં લગ્નની તારીખ નક્કી થઈ શકે છે. આ ફિલ્મ આ વર્ષના અંતે રીલિઝ થવાની છે. તે જોતાં આ વર્ષમાં જ ક્રિતી અને કબીરનાં લગ્ન થઈ જાય તેવી ચર્ચાઓ છે.

# ‘ડાકુ મહારાજ’ હવે OTT પર ધૂમ મચાવશે!

## પોસ્ટરમાંથી લીડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા ગાયબ; યુઝર્સે કહ્યું- હિરોઈન ક્યાં ગઈ?

(એજન્સી) મુંબઈ | તા.17

તેલુગુ એક્શન થ્રિલર ફિલ્મ ‘ડાકુ મહારાજ’ 21 ફેબ્રુઆરીએ નેટફ્લિક્સ પર રિલીઝ થશે. તાજેતરમાં નેટફ્લિક્સે ફિલ્મનું એક પોસ્ટર રિલીઝ કર્યું હતું, જેમાં ઉર્વશી રૌતેલા ગાયબ દેખાય. આ પોસ્ટર જોઈને યુઝર્સ આશ્ચર્યચકિત થઈ ગયા અને પ્રશ્ન ઉઠાવ્યો કે પોસ્ટરમાં ઉર્વશી રૌતેલા કેમ નથી?

નેટફ્લિક્સે તેના ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મ ‘ડાકુ મહારાજ’નું પોસ્ટર શેર કર્યું છે. એક તરફ ફિલ્મના કેપ્શનમાં તેની રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી હતી, તો બીજી તરફ, ફિલ્મની લીડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા પોસ્ટરમાંથી ગાયબ હતી.

આ પછી, યુઝર્સે સોશિયલ મીડિયા પર વિવિધ કોમેન્ટ્સ કરવાનું શરૂ કર્યું. એકે લખ્યું, ભારતની પહેલી મહિલા જેમને 105 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરતી ફિલ્મના પોસ્ટરમાંથી હટાવી દેવામાં આવી છે’, બીજીએ લખ્યું, ‘ફિલ્મનાં પોસ્ટરમાંથી ઉર્વશી કેમ ગાયબ છે?’, જ્યારે અન્યએ લખ્યું, લીડ એક્ટ્રેસ ક્યાં ગઈ? જેનાં કારણે આ ફિલ્મે 105 કરોડ રૂપિયા કમાયા.’



ઉર્વશી રૌતેલા સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ હતી ઉર્વશી રૌતેલાને સૈફ અલી ખાન પર થયેલા હુમલા અંગે પૂછપરછ કરવામાં આવી હતી. આના જવાબમાં, અભિનેત્રીએ ફિલ્મ ડાકુ મહારાજના કલેક્શન વિશે વાત કરી. તેમણે કહ્યું કે ફિલ્મના કલેક્શન અને તેની સફળતાને ધ્યાનમાં રાખીને, તેમના પિતાએ તેમને રિંગ, ઘડિયાળ ગિફ્ટમાં આપી હતી અને તેમની માતાએ તેમને હીરા જડિત રોલેક્સ ગિફ્ટ કરી હતી. આ પછી તેને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવી હતી. આ ફિલ્મ 12 જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી ‘ડાકુ મહારાજ’ ફિલ્મ 12 જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી. આ ફિલ્મ હિન્દી બેલ્ટ સિવાય બધી ભાષાઓમાં રિલીઝ થઈ હતી. જોકે, 24 જાન્યુઆરીએ, આ ફિલ્મ તેના હિન્દી વર્ઝનમાં પણ રિલીઝ થઈ હતી.

આ ફિલ્મમાં નંદમુરી બાલકૃષ્ણ, ઉર્વશી રૌતેલા, બોબી દેઓલ અને દુલ્કર સલમાન મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળ્યા હતા. પરંતુ આ ફિલ્મના ગીત “દબિડી દિબિડી” ને ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો.

# હિંમત અને પ્રતિબદ્ધતાની શક્તિને અનુભવો કાર્તિક આર્યનના ચંદુ ચેમ્પિયનની સાથે એન્ડપિક્ચર્સ પર!




(એજન્સી) મુંબઈ | તા.17

મુંબઈ : એક સાચા ચેમ્પિયન ફક્ત જીતથી નહીં પણ જીવનમાં જ્યારે તમે પછડાટ ખાઓ ત્યારે દર વખતે જે ઉભા થવાની હિંમત હોય તેનાથી ઓળખાય છે! જબ ફૂલ ઓન હો ડટર્મિનેશન, તબ રૂકના ઈઝ નોટ ઈવન એન ઓપ્શન આ જ શક્તિશાળી ભાવના તેના દર્શકો માટે લઈને આવ્યું છે, એન્ડપિક્ચર્સ, જે ચંદુ ચેમ્પિયનના ચેનલ પ્રિમિયર માટે તૈયાર છે, બુધવાર, 18મી ફેબ્રુઆરી, સાંજે 8 વાગે. કાર્તિક આર્યન અભિનિત આ મૂવી એ મુરલીકાંત પેટકરની સત્ય ઘટના પર આધારીત છે, જે ભારતના સર્વપ્રથમ પેરાઓલમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ છે, જેમની પ્રતિબદ્ધતા તેમને દરેક મુશ્કેલીઓ સામે લડવાની શક્તિ આપે છે. ચંદુ ચેમ્પિયન આ જ ભાવનાને દર્શાવે છે કે, ધીરજ અને ખંતથી કોઈપણ મુશ્કેલમાં મુશ્કેલ અવરોધો દૂર કરી શકાય છે. વિઝનરી ડિરેક્ટર કબિર ખાન દ્વારા ડિરેક્ટ આ ફિલ્મ પેટકરની પ્રેરણાદાયી યાત્રાને સુંદર રીતે રજૂ કરી છે, તેમા ફક્ત તેમની સફળતાની જ ઉજવણી નથી, પરંતુ માનવીય ભાવના તથા દ્રઢતાની અસાધારણ શક્તિને પણ પ્રદર્શિત કરે છે. એન્ડપિક્ચર્સ પર ચંદુ ચેમ્પિયનના ચેનલ પ્રિમિયરના પ્રસંગે, ડિરેક્ટર કબિર ખાન કહે છે, “મુરલીકાંત પેટકરની વાર્તા ખૂબ જ જોરદાર છે, જે માનવીય ભાવના પર પ્રકાશ ફેંકે છે. હું એક એવી વાર્તા રજૂ કરવા ઈચ્છતો હતો, જે પ્રેક્ષકોને સ્પર્શે, તેમના મન અને હૃદયને આશાઓથી ભરી દે તેવો જાદુ સિનેમા દ્વારા ઉભો કરે. ચંદુ માટે સ્ક્રિપ્ટ લખતી વખતે, મેં સ્વાભાવિક રીતે જ મારા મનમાં પાત્રની કલ્પના કરી હતી.

# શીબા આકાશદીપનો આદિત્ય પંચોલી સાથે થયો હતો ઝઘડો : એક્ટ્રેસે કહ્યું- અડધી રાતે સેટ પર ગાળા ગાળી કરી, મેં તેની સાથે શૂટ કરવાનું જ છોડી દીધું

(એજન્સી) મુંબઈ | તા.17

1995માં આવેલી ફિલ્મ ‘સુરક્ષા’માં જોવા મળેલી એક્ટ્રેસ શીબા આકાશદીપે તાજેતરમાં જ ફિલ્મના સેટ પર કો-એક્ટર આદિત્ય પંચોલી સાથેનાં પોતાનાં ઝઘડા વિશે વાત કરી. એક્ટ્રેસે જણાવ્યું કે એક દિવસ સેટ પર એટલો મોટો ઝઘડો થયો કે આદિત્ય પંચોલી અડધી રાતે રસ્તા વચ્ચે તેની સાથે ગાળા ગાળી કરવાનું શરૂ કરી દીધું, જેના કારણે તે શૂટિંગ છોડીને ચાલી ગઈ.



શીબા આકાશદીપને તેમના અને આદિત્ય પંચોલી વચ્ચેના ઝઘડા વિશે પૂછવામાં આવ્યું. આ અંગે એક્ટ્રેસે કહ્યું, હું બે શિફ્ટમાં કામ કરતી હતી એટલે અડધી રાતે ‘સુરક્ષા’નાં સેટ પર પહોંચી હતી. હું મારી બ્લેન્કેટ ઓઢીને સૂઈ રહી હતી. તે સમયે વેનિટી વેન નહોતી. હું મારા શોટ માટે કારમાંથી બહાર આવી. ડિરેક્ટર અમને બંનેને કેટલાક શોટ્સ સમજાવી રહ્યાં હતાં. તેણે ફરીને મને કહ્યું કે આ રીતે કર. મને ખૂબ ઊંઘ આવતી હતી તેથી મેં કહ્યું કે તમે તમારું કામ કરો, મને મારું કામ કરવા દો. એક્ટ્રેસે આગળ કહ્યું કે, તે ખૂબ જ ઉગ્રહ થઈ ગયો. તેને અડધી રાતે મારી સાથે ખૂબ જ દુર્વ્યવહાર, બૂમો અને ચીસો પાડી. હું ડરી ગઈ હતી. હું રડતી રડતી પ્રોડ્યૂસર તરફ જોઈ રહી હતી પણ પ્રોડ્યૂસરે મારી તરફ જોયું પણ નહીં. કારણ કે તે સમજી જ ન શક્યા કે હીરો અને હિરોઈન આ રીતે સેટ પર લડી રહ્યાં છે. હું ગાડીમાં બેઠી, જોરથી દરવાજો બંધ કરી ત્યાંથી નીકળી ગઈ. આ પહેલી વાર હતું જ્યારે હું આવી રીતે સેટ પરથી અધવચ્ચે જતી રહી હોય. મેં કહી દીધું કે હું કામ નહીં કરું. મારી સાથે ખૂબ દુર્વ્યવહાર થયો અને તમે ઊભા રહીને તમાશો જોઈ રહ્યાં હતાં, હું સેટ પર નહીં આવું.

શીબા આકાશદીપે એમ પણ કહ્યું કે આ લડાઈ પછી તેણે આદિત્ય પંચોલી સાથે શૂટિંગ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. તેણે ફિલ્મ માટે એકલા એક ગીત શૂટ કર્યું.

શીબા ‘સૂર્યવંશી’, ‘લહુ કે દો રંગ’, ‘કાલિયા’ જેવી ઉત્તમ ફિલ્મોમાં જોવા મળી છે. આ એક્ટ્રેસ છેલ્લે 2023માં ‘રોકી ઔર રાની કી પ્રેમ’ કહાનીમાં જોવા મળશે. એક સમયે શીબાનું નામ અક્ષય કુમાર સાથે પણ જોડાયું હતું.

# 6 પેરામીટર્સમાં સૌથી મજબૂત ટીમ કોણ તે સમજો : ભારત-ઓસ્ટ્રેલિયા પાસે 2-2 ટાઇટલ

(એજન્સી) નવી દિલ્હી તા 17

ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. ભારત સહિત વિશ્વની ટોચની 8 ODI ટીમ આમાં ભાગ લેશે, પરંતુ તેમાંથી સૌથી મજબૂત ટીમ કઈ છે? આ સવાલનો જવાબ આપણે ચેમ્પિયન્સ ટ્રોફી સિરીઝ પાર્ટ-1માં જાણીશું. અમે સૌથી મજબૂત ટીમને ઓળખવા માટે 6 પેરામીટર્સ નક્કી કર્યા છે. આમાં... સૌથી મજબૂત ટીમની શોધમાં, અમને જાણવા મળ્યું કે કોણે સૌથી વધુ ટાઇટલ જીત્યા છે અને મેચ જીતવાની બાબતમાં કોણ સૌથી આગળ છે. કઈ ટીમે સૌથી વધુ રન બનાવ્યા છે અને કઈ ટીમે સૌથી વધુ વિકેટ લીધી છે. એટલું જ નહીં, ટુર્નામેન્ટના ટોપ-5 બેટર્સ અને બોલર્સમાં કઈ ટીમના કેટલા ખેલાડીઓનો સમાવેશ થાય છે.

ટૉપ 5 વિકેટ-ટેકર્સમાં શ્રીલંકાના 2 બોલર ટુર્નામેન્ટના ટૉપ 5 વિકેટ-ટેકર્સ બોલરોમાં કોઈ પણ ભારતીય બોલરનો સમાવેશ થતો નથી. ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી વધુ વિકેટો ન્યૂઝીલેન્ડના કાઈલ મિલ્સે લીધી છે. તેણે 15 મેચમાં 28 વિકેટ લીધી છે. શ્રીલંકાના લસિથ મલિંગા 25 વિકેટ સાથે બીજા અને મુથૈયા મુરલીધર 24 વિકેટ સાથે ત્રીજા સ્થાને છે. ચેમ્પિયન્સ ટ્રોફીના ટૉપ-૫ સ્કોરર્સની યાદીમાં 2 ભારતીય અને શ્રીલંકાના બેટર્સના નામ સામેલ છે. એક બેટર વેસ્ટ ઈન્ડીઝનો છે. આ યાદીમાં ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, પાકિસ્તાન, સાઉથ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડના કોઈપણ બેટર્સનો સમાવેશ નથી. ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી વેસ્ટ ઈન્ડીઝનો ક્રિસ ગેલ છે. ભારતનો શિખર ધવન 701 રન સાથે ત્રીજા સ્થાને છે અને ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી 665 રન સાથે પાંચમા સ્થાને છે.



**ભારત સૌથી મજબૂત ટીમ :** ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સૌથી મજબૂત ટીમ છે. ટીમે ઑસ્ટ્રેલિયાની બરાબર 2 ટાઇટલ જીત્યા છે, પરંતુ મેચ જીતવા, સ્કોર કરવા અને વિકેટ લેવાની ક્ષમતાના સંદર્ભમાં, ભારતીય ટીમ કાંગારૂઓને પાછળ છોડી દીધી છે. ભારતે ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી વધુ મેચ જીતી છે, સૌથી વધુ રન બનાવ્યા છે અને સૌથી વધુ વિકેટ લીધી છે. એટલું જ નહીં, ટૉપ-5 બેટર્સમાં ભારતના 2 ખેલાડીઓ છે, જ્યારે ઓસ્ટ્રેલિયાનો કોઈ બેટર નથી.

**ભારતે 62% મેચ જીતી, ઇંગ્લેન્ડે 56% મેચ જીતી :** ભારતીય ટીમ સૌથી વધુ મેચ જીતવાના મામલે ટોચ પર છે. તેણે ટુર્નામેન્ટમાં અત્યાર સુધીમાં 29 મેચ રમી છે, જેમાંથી 18 મેચ જીતી છે, જેનો અર્થ એ થયો કે ભારતે 62% મેચ જીતી છે. ભારત ઉપરાંત, ઇંગ્લેન્ડ, વેસ્ટ ઇન્ડીઝ અને શ્રીલંકાએ અડધાથી વધુ મેચ જીતી છે.  વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડ ફક્ત અડધી મેચ જીતી શક્યા છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશની જીતની ટકાવારી 50 કરતા ઓછી રહી છે. ઝિમ્બાબ્વે બધી મેચ હારી ગયું છે.

**ભારતે સૌથી વધુ રન બનાવ્યા, ઇંગ્લેન્ડ બીજા ક્રમે :** ચેમ્પિયન્સ ટ્રોફીમાં અત્યાર સુધીમાં 4 ટીમે 5 હજારથી વધુ રન બનાવ્યા છે, જેમાંથી ભારત ટોચ પર છે. ટીમે 29 મેચમાં 5815 રન બનાવ્યા છે. જેમાં 10 સદી અને 35 અડધી સદીનો સમાવેશ થાય છે. ભારતીય બેટર્સે 601 ચોગ્ગા અને 64 છગ્ગા ફટકાર્યા છે. ભારતીય ટીમ ઉપરાંત, ઇંગ્લેન્ડ (5555 રન), શ્રીલંકા (5452 રન) અને સાઉથઆફ્રિકા (5175 રન)ની ટીમ 5000 થી વધુ રન બનાવવામાં સફળ રહી છે. ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, વેસ્ટ ઈન્ડિઝ અને પાકિસ્તાને 4 હજારથી વધુ રન બનાવ્યા છે.

## ભારત અને ઓસ્ટ્રેલિયાએ ચેમ્પિયન્સ ટ્રોફીમાં સૌથી વધુ ટાઇટલ જીત્યા

ભારતીય ટીમે 2013માં એમએસ ધોનીની કેપ્ટનશીપ હેઠળ ઇંગ્લેન્ડને 5 રને હરાવીને તેનું બીજું ટાઇટલ જીત્યું હતું. આ પહેલાં, ટીમ 2002માં સૌરવ ગાંગુલીની કેપ્ટનશીપમાં શ્રીલંકા સાથે સંયુક્ત વિજેતા બની હતી. ત્યારે 110 ઓવરની ફાઈનલ મેચ રમાઈ હતી પરંતુ કોઈ પરિણામ આવ્યું ન હતું. ઓસ્ટ્રેલિયાએ રિકી પોન્ટિંગની કેપ્ટનશીપ હેઠળ 2006 અને 2009માં સતત બે ટાઇટલ જીત્યા હતા. ઓસ્ટ્રેલિયન ટીમ 2006માં વેસ્ટ ઈન્ડિઝને 8 વિકેટથી હરાવીને પ્રથમ વખત ચેમ્પિયન બની હતી. પછી 2009માં, ન્યૂઝીલેન્ડને 6 વિકેટથી હરાવ્યું. આ બંને મેચમાં શેન વોટ્સનને પ્લેયર ઓફ ધ ફાઈનલ તરીકે પસંદ કર્યો હતો. ભારત અને ઓસ્ટ્રેલિયા ઉપરાંત, પાકિસ્તાન, શ્રીલંકા, વેસ્ટ ઈન્ડિઝ, સાઉથ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડે એક-એક વખત આ ખિતાબ જીત્યો છે. તે જ સમયે, ઇંગ્લિશ ટીમ 2013 અને 2004માં બે ફાઈનલ રમી છે, પરંતુ અત્યાર સુધી ચેમ્પિયન બની શકી નથી.

### ભારત નંબર-1, શ્રીલંકા બીજા અને ન્યૂઝીલેન્ડ ત્રીજા

ટુર્નામેન્ટમાં સૌથી વધુ વિકેટ લેવાની બાબતમાં પણ ભારત નંબર 1 છે. જ્યારે શ્રીલંકા બીજા સ્થાને છે અને ન્યૂઝીલેન્ડ ત્રીજા સ્થાને છે. ભારતીય ટીમે 29 મેચમાં 195 વિકેટ લીધી છે. જ્યારે શ્રીલંકાની 175 વિકેટ અને ન્યૂઝીલેન્ડની 172 વિકેટ છે. વિકેટ લેવાની ક્ષમતાની વાત કરીએ તો, ભારતીય બોલર્સ ટુર્નામેન્ટના દરેક 41મા બોલ પર વિકેટ લે છે. સાઉ આફ્રિકા અને ન્યૂઝીલેન્ડના બોલરો દર 35માં બોલ પર એક વિકેટ લે છે. શ્રીલંકાના બોલરોને દર 39માં બોલ પર વિકેટ મળે છે. તે જ સમયે, ટૉપ 5 વિકેટ-ટેકર્સમાં કોઈ ભારતીય બોલર નથી, ઓસ્ટ્રેલિયાનો બ્રેટ લી આ યાદીમાં સામેલ છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત સૌથી મજબૂત ટીમ છે. ટીમે ઓસ્ટ્રેલિયાની બરાબર 2 ટાઇટલ જીત્યા છે, પરંતુ મેચ જીતવા, સ્કોર કરવા અને વિકેટ લેવાની ક્ષમતાના સંદર્ભમાં, ભારતીય ટીમ કાંગારૂઓને પાછળ છોડી દીધી છે.

# સરખડી ખાતે બહેનોની સૌરાષ્ટ્ર ઝોન કક્ષા વૉલિબોલ સ્પર્ધા યોજાઈ



ગીર સોમનાથ : રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગુજરાત સરકાર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગીર સોમનાથ જિલ્લામાં ખેલ મહાકુંભ ૩.૦ યોજાઈ રહ્યો છે. જે અંતર્ગત કોડિનાર ખાતે અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એજ એમ દરેક વયજૂથમાં વિવિધ જિલ્લાઓની ભાઈઓ તથા બહેનોની વૉલીબોલ સ્પર્ધામાં ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કોડિનાર તાલુકાના સરખડી ખાતે જે.આર.વાળા માધ્યમિક શાળાના મેદાનમાં અંડર ૧૪, અંડર ૧૭ તથા ઓપન વયજૂથ બહેનોની વૉલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ ટૉસ ઉછાળી અને સ્પર્ધાની શરૂઆત કરાવી હતી અને ખેલાડીઓની રમત નિહાળી સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો. કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, સરખડી જેવા નાના એવા ગામમાંથી ઘણાં ખેલાડીઓ પોતાના કાંડાનું કૌવત બતાવી અને રમતગમત ક્ષેત્રે સમગ્ર ગુજરાતનું નામ રોશન કરી રહ્યાં છે. જે ગીર સોમનાથ જિલ્લા માટે ગર્વની વાત છે. સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ વધી ઘણાં ખેલાડીઓએ સરકારી નોકરી પણ મેળવી છે. આવી જ રીતે રમતના માધ્યમથી પોતાનું કૌશલ્ય નિખાર ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે એવી કામના કરી કલેક્ટરશ્રીએ ખેલાડીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. ઉલ્લેખનીય છે કે, સરખડી ખાતે યોજાયેલી વોલિબોલ સ્પર્ધામાં ભાવનગર, રાજકોટ, અમરેલી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, કચ્છ, સુરેન્દ્રનગર એમ વિવિધ જિલ્લાઓમાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત અંડર ૧૪, અંડર ૧૭ તથા ઓપન એજ ભાઈઓની સ્પર્ધા કોડિનાર શ્રી સોમનાથ એકેડમી સંકુલ ખાતે યોજાઈ હતી. આ તકે, નિવાસી અધિક કલેક્ટર શ્રી રાજેશ આલ, જિલ્લા પુરવઠા અધિકારી શ્રી પારસ વાંદા, જિલ્લા રમતગમત અધિકારી શ્રી વિશાલ દિહોરા, જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી કાનજીભાઈ ભાલિયા, પૂર્વ વ્યાયામ શિક્ષક સંઘ પ્રમુખ શ્રી વરજાંગભાઈ વાળા, સરપંચ શ્રી અસ્મિતાબહેન વાળા સહિતના ઉપસ્થિત રહ્યાં હતાં.

# WPLમાં ગુજરાત જાયન્ટ્સની પહેલી જીત

(એડન્સી)વડોદરા તા 17

ગુજરાત જાયન્ટ્સે મહિલા પ્રીમિયર લીગ (WPL)ની ત્રીજી સીઝનમાં પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો. રવિવારે ટીમે યુપી વોરિયર્સને 6 વિકેટથી હરાવી. ગુજરાતે વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં બોલિંગ કરવાનું પસંદ કર્યું. યુપીનો સ્કોર 9 વિકેટ ગુમાવ્યા બાદ 143 રન હતો. ગુજરાતે 18 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કર્યું.  ગુજરાત તરફથી પ્રિયા મિશ્રાએ 3 વિકેટ લીધી. ડિઆન્ડ્રા ડોટિન અને એશ્લે ગાર્ડનરે 2-2 વિકેટ લીધી. કેપ્ટન ગાર્ડનરે બેટિંગમાં અડધી સદી ફટકારી. ડોટિન 33 અને હરલીન દેઓલ 34 રન બનાવી અણનમ રહ્યા. યુપી તરફથી સોફી એક્લેસ્ટોને 2 વિકેટ લીધી. ગુજરાતે પહેલી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે હારી ગઈ હતી. જ્યારે યુપી વોરિયર્સ પહેલી જ મેચમાં હારી ગઈ હતી. રવિવારના પરિણામ પછી, ગુજરાત પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું. જ્યારે યુપી છેલ્લા સ્થાને છે. ગુજરાત જાયન્ટસે 18 ઓવરમાં 144 રન કરી યુપી વરિયર્સને હરાવ્યું હતું. હર્લીન દેઓલ અને દેયનદ્ર દોટટીને મેચ સંભાળતા ગુજરાત જાયન્ટસને જીત આપવી હતી. દેયનદ્ર 183ની રન રેટ સાથે 2 સિક્સ અને 3 ચોગ્ગા મારી 18 બૉલમાં 33 રન કર્યા હતા. તો હર્લીને 113ની સ્ટ્રાઈક રેટથી રમી 4 ચોગ્ગા સાથે 30 બૉલમાં 34 રન કરી હતા. તો આશ્લે ગાર્ડનરે 162ની સ્ટ્રાઈક રેટથી રમી 3 છગ્ગા અને 5 ચોગ્ગા 32 બૉલમાં 52 રન કર્યા હતા. તો લૌરાએ પણ 91ની સ્ટ્રાઈકરેટથી રમી 1 સિક્સ અને 2 ફોર સાથે 24 બૉલમાં 22 રન કરી મેચ ને આગળ વધારી આઉટ થઈ હતી.
144 રનનો આપ્યો હતો ટાર્ગેટ વડોદરાના કોટંબી સ્ટેડિયમ ખાતે WPL 2025 ની ત્રીજી મેચમાં ગુજરાત જાયન્ટ્સે યુપી વોરિયર્ઝ સામે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું.



**32 બૉલમાં 52 રન કર્યા 1 સિક્સ અને 2 ફોર**

## ઈજાગ્રસ્ત ગઝનફરની જગ્યાએ મુજીબ મુંબઈ સાથે જોડાયો

(એજન્સી) મુંબઈ તા 17

ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થયા બાદ, અફઘાન સ્પિનર  એએમ ગઝનફર પણ IPL 2025માંથી બહાર થઈ ગયો છે. ટીમે ગઝનફરની જગ્યાએ અફઘાનિસ્તાનના ઓફ સ્પિનર મુજીબ-ઉર-રહેમાનને સામેલ કર્યો છે. મુંબઈએ 24 વર્ષના મુજીબને 2 કરોડ રૂપિયામાં જોડ્યો છે. ટીમે મેગા ઓક્શનમાં 19 વર્ષીય ગઝનફરને 4.80 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. ત્યારે મુજીબુ અનસોલ્ડ રહ્યો હતો. અહેવાલો અનુસાર, IPLની વર્તમાન સીઝન 22 માર્ચથી શરૂ થઈ રહી છે. ઓપનિંગ મેચ કોલકાતા અને બેંગલુરુ વચ્ચે રમાશે. IPL 2025ની પહેલી મેચ 22 માર્ચે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રમાશે. મુજીબ-ઉર-



રહેમાનને છેલ્લા ચાર વર્ષથી કોઈ ખરીદનાર મળ્યો નથી. ગયા વર્ષે નવેમ્બરમાં થયેલા મેગા ઓક્શનમાં પણ તેને કોઈ પણ ટીમમાં સ્થાન મળ્યું ન હતું. મુજીબ 2018 થી 2021 દરમિયાન IPLનો ભાગ રહ્યો છે. તે IPLમાં પંજાબ કિંગ્સ (PBKS) માટે ત્રણ સીઝન અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) માટે એક સીઝન રમી ચૂક્યો છે. તેણે 19 IPL મેચમાં 19 વિકેટ ઝડપી છે. મુજીબ સાઉથ આફ્રિકન લીગ SA20 રમ્યા પછી આવી રહ્યો છે. તેણે પાર્લ રોયલ્સ માટે 12 મેચમાં માત્ર 6.77 ની ઈકોનોમી સાથે 14 વિકેટ લીધી. તે ટુર્નામેન્ટનો ટોપ-2 વિકેટ લેનાર બોલર છે. મુજીબે પોતાની છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ ડિસેમ્બર 2024માં ઝિમ્બાબ્વે સામે રમી હતી. 2018માં, મુજીબે પંજાબ માટે 11 મેચમાં 14 વિકેટ લીધી. 2021માં, તેને હૈદરાબાદ તરફથી માત્ર એક જ મેચ મળી. તેમાં તેણે 29 રન આપીને બે વિકેટ લીધી.

## 20 લાખ રૂપિયાના ખેલાડી સામે કરોડપતિ બલ્લેબાજોએ પાણી ભર્યા..



(એજન્સી) નવી દિલ્હી તા 17

WPL 2025નો પ્રથમ તબક્કો વડોદરામાં ચાલી રહ્યો છે. હાલમાં તેમાં ગ્રુપ સ્ટેજની મેચો રમાઈ રહી છે. આ ટુર્નામેન્ટ 16 ફેબ્રુઆરી રવિવારના રોજ યુપી વોરિયર્સ અને ગુજરાત જાયન્ટ્સ વચ્ચે રમાઈ હતી. આ સમય દરમિયાન, મહિલા પ્રીમિયર લીગમાં માત્ર 20 લાખ રૂપિયામાં વેચાયેલી એક ખેલાડીએ તબાહી મચાવી હતી. કરોડોમાં વેચાયેલા ખેલાડીઓએ પણ આ 20 વર્ષના યુવા લેગ સ્પિનર સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. વાત છે પ્રિયા મિશ્રાની, જે WPLમાં ગુજરાતની ટીમ તરફથી રમે છે. પ્રિયાએ યુપી સામે દીપ્તિ શર્મા, તાહલિયા મેકગ્રા અને ગ્રેસ હેરિસ જેવા 3 ખેલાડીઓનો શિકાર કર્યો હતો. તમને જણાવી દઈએ કે પ્રિયાની સેલેરી માત્ર 20 લાખ રૂપિયા છે, જ્યારે દીપ્તિને 2.6 કરોડ રૂપિયામાં, તાહલિયાને 1.4 કરોડ રૂપિયામાં અને ગ્રેસને 75 લાખ રૂપિયામાં રિટેન કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે પ્રિયા ડોમેસ્ટિક ક્રિકેટમાં દિલ્હી તરફથી રમે છે.ગુજરાતના કેપ્ટન એશ્લે ગાર્ડનરે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આ પછી તેની ટીમે શાનદાર શરૂઆત કરી અને પ્રથમ 3 ઓવરમાં 2 વિકેટ ઝડપી. પરંતુ યુપીની કેપ્ટન દીપ્તિ શર્માએ ઉમા છેત્રી સાથે મળીને ઈનિંગની જવાબદારી સંભાળી હતી. બંનેએ મળીને ત્રીજી વિકેટ માટે 51 રન જોડ્યા હતા. જોકે, ઉમા 10મી ઓવરમાં આઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ 11મી ઓવરમાં પ્રિયાને બોલિંગ સોંપવામાં આવી અને તે આવતાની સાથે જ તેણે ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન તાહલિયા મેકગ્રા અને ગ્રેસ હેરિસનો કેચ પકડ્યો. તાહલિયા જહાં ડઝાઈ ગઈ અને LBW બની ગઈ. જ્યારે ગ્રેસ આ ઓવરના 5માં બોલ પર બોલ્ડ થયો હતો. ત્યારબાદ 15મી ઓવરમાં તેણે ખતરનાક દેખાઈ રહેલી દીપ્તિને પણ પેવેલિયન મોકલી દીધી હતી. ભારતીય ડોમેસ્ટિક ક્રિકેટમાં દિલ્હી તરફથી રમતી પ્રિયાને ગત સિઝનમાં ગુજરાતે 20 લાખ રૂપિયામાં ખરીદી હતી. પરંતુ તેને એક પણ મેચ રમવાની તક મળી ન હતી.

## 'હું દીકરાને મળીશ તો સૌથી પહેલા ગળે લગાવીશ:શિખર ધવન

(એજન્સી) નવી દિલ્હી તા 17

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ક્રિકેટર શિખર ધવન ખૂબ જ મન-મોજીલો વ્યક્તિ છે, આ વાત તેની સોશિયલ મીડિયા પોસ્ટ પરથી સ્પષ્ટ થાય છે. પણ કહેવાય છે ને કે ‘વ્યક્તિ જેટલી ખુશ છે, તેટલો જ અંદરથી દુઃખી હોય છે.‘ આ વાત શિખર ધવન પર એકદમ ફિટ બેસે છે. ક્રિકેટરની પર્સનલ લાઈફ વિશે ભાગ્યે જ કોઈ વાત કરે છે. પણ ધવન સાથે જે કંઈ બન્યું તે બધા જાણે છે. તમને જણાવી દઈએ કે ધવન બે વર્ષથી તેના પુત્રને મળ્યો નથી અને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે જ્યારે તેણે તેના પુત્ર સાથે વાત કરી નથી. આ વાતનો ખુલાસો તેમણે પોતે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કર્યો હતો. આમ છતાં, તે પોતાને ખુશ બતાવવાનો પ્રયાસ કરે છે. તાજેતરમાં શિખર ધવને ANIને આપેલા ઈન્ટરવ્યૂમાં વાત કરી હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. જેમાં તે પોતાના પુત્ર વિશે વાત કરતી વખતે ઈમોશનલ જોવા મળે છે. આ સમય દરમિયાન તેની આંખોમાં ઘણી વાર આંસુ પણ આવી ગયાં, પણ તેણે તેને બતાવ્યા નહોતા. ઈન્ટરવ્યૂ દરમિયાન એન્કરે ધવનને પૂછ્યું કે સાથે કેવી રીતે મેનેજ કર્યું?’ આ અંગે તેણે જવાબ આપ્યો કે, ‘મારો દીકરો ઓસ્ટ્રેલિયામાં રહેતો હતો.



**દીકરો હવે અગિયાર વર્ષનો છે, પણ હું તેને કુલ અઢી વર્ષથી મળી શક્યો નથી.**

## અગસ્ત્યની બેટ ફેરવવાની સ્ટાઈલ પિતા હાર્દિક પંડ્યા જેવી

(એજન્સી) મુંબઈ તા 17

જૈસા બાપ વૈસા બેટા એવું કહેવામાં તો આવે છ પરંતુ હાર્દિક પંડ્યાનો દીકરો પિતાના રસ્તે ચાલશે. તેવું જોવા મળી રહ્યું છે. ભલે તેમણે અત્યારસુધી બોલિંગ કરતો જોવા મળ્યો નથી પરંતુ તેની બોલિંગની સ્ટાઈલ પિતા જેવી લાગી રહી છે. હવે પિતા હાર્દિક પંડ્યા તો હાલમાં દેશ માટે ચેમ્પિયન ટ્રોફી રમવા માટે દુબઈ છે. પરંતુ ભારતમાં તેના દીકરા અગસ્તયનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે. જે વીડિયો સામે આવ્યો છે. તેમાં અગસ્તય પોતાની માતા નતાશાની સાથે જોવા મળી રહ્યો છે. આ દરમિયાન તેના હાથમાં બેટ નથી પરંતુ ચાલતી વખતે તે બેટ ફેરવવાની પ્રેક્ટિસ કરતો જોવા મળે છે. તેની સ્ટાઈલ તેના પિતાની સ્ટાઈલ સાથે મેળ ખાય છે. આમ તો અગસ્તયની બેટિંગ સ્કિલ્સ આટલી ડેવલપ કેમ ન હોય કારણ કે, તેના લોહીમાં ક્રિકેટ છે. અગસ્તયના પિતા જ નહિ પરંતુ તેના કાકા કૃણાલ પંડ્યા પણ ઓલરાઉન્ડર છે. એટલે કે, કાકા-પિતા બંન્ને ઈન્ડિયાની ટીમમાંથી રમે છે. તો દીકરા અગસ્તયના લોહીમાં ક્રિકેટ કેમ ન આવે. હાર્દિક પંડ્યા હંમેશા સોશિયલ મીડિયા પર પોતાની ટ્રેનિંગના ફોટો અને વીડિયો શેર મળે છે. જેનાથી બાપ-દીકરા વચ્ચેની બોન્ડિગનો પણ ખ્યાલ આવે છે. અગસ્તયના માતા-પિતા હાર્દિક પંડ્યા અને નતાશા સ્ટોનકોવિચના છૂટાછેડા થઈ ચૂક્યા છે. છૂટાછેડા બાદ અગસ્તય ક્યારેક માતા તો ક્યારેક પિતા સાથે રહે છે.

## બ્રાઈટન સામે ચેલ્સીનો 3-0થી શરમજનક પરાજય,સિઝનમાં સૌથી ખરાબ પ્રદર્શન કર્યું

(એજન્સી) લંડન તા 17

બ્રાઈટન સામે ચેલ્સીનો શરમજનક પરાજય

એમેક્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં બ્રાઈટને 3-0થી વિજય હાંસલ કરતાં ચેલ્સીએ ઈંગ્લિશ પ્રીમિયર લીગની વર્તમાન સિઝનમાં પોતાના ફૂટબોલ ઈતિહાસનું સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે. રિધમવિહોણી ચેલ્સીની ટીમ ટાર્ગેટ ઉપર એક પણ શોટ મારી શકી નહોતી. સપ્તાહની અંદર તેનો આ બીજો શરમજનક પરાજય છે. ગયા સપ્તાહે બ્રાઈટને જ એફએ કપ ફૂટબોલની મેચમાં ચેલ્સીને 2-1થી પરાજય આપ્યો હતો. બ્રાઈટન માટે કાઓરુ મિતોમાએ 27મી મિનિટે પ્રથમ ગોલ નોંધાવ્યો હતો. યાનકુબા મિન્તેહે 38મી અને 63મી મિનિટે એક-એક ગોલ નોંધાવીને ટીમનો એકતરફી અંદાજમાં વિજય નિશ્ચિત કર્યો હતો. તમામ લીગમાં ચેલ્સીનો છેલ્લી ચાર મેચમાં ત્રીજો પરાજય થયો છે. લીગમાં એવરટન અને લિવરપૂલનો મુકાબલો ભારે રસાકસી બાદ 2-2થી ડ્રો રહ્યો હતો. બંને ટીમના એક-એક ખેલાડીને રેડ કાર્ડ મળ્યું મેચની કુલ 98મી મિનિટે ગોલ નોંધાવ્યો હતો. લિવરપૂલ માટે એલેક્સિ મેક એલિસ્ટરે 16મી તથા મોહમ્મદ સાલાહે 73મી મિનિટે ગોલ કર્યા હતા.

## માયસ મુંબઈ આઈએસપીએલ સીઝન-2નું ચેમ્પિયન બન્યું

(એજન્સી) મુંબઈ તા 17

ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL) સીઝન-2ની રોમાંચક ફાઈનલમાં મુંબઈએ શ્રીનગરને 3 વિકેટથી હરાવ્યું. આ સાથે, બીજી વખત ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચેલી મુંબઈની ટીમે ટ્રોફી જીતી લીધી. શનિવારે દાદોજી કોંડાદેવ સ્ટેડિયમ ખાતે પ્રથમ બેટિંગ કરતા શ્રીનગરે 10 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 120 રન બનાવ્યા હતા. જવાબમાં, મુંબઈએ 9.3 ઓવરમાં 121/7 રન બનાવ્યા અને 3 વિકેટે મેચ જીતીને ટાઇટલ જીત્યું. સાગર-આકાશની સદીની ભાગીદારી શ્રીનગર તરફથી સાગર અલી અને આકાશ તારેકર ઓપનિંગ કરવા આવ્યા. બંનેએ પ્રથમ વિકેટ માટે 108 રનની ભાગીદારી કરી. આકાશે 32 બોલમાં 59 રનની ઈનિંગ રમી. ઈનિંગમાં 3 છગ્ગા અને 5 ચોગ્ગા ફટકાર્યા. જ્યારે સાગરે 23 બોલમાં 40 રન બનાવ્યા. તેણે ઈનિંગ્સમાં 4 છગ્ગા પણ ફટકાર્યા. પ્રથમ બેટિંગ કરતા શ્રીનગરે 5 વિકેટે 120 રન બનાવ્યા. 108/0 રન બનાવ્યા બાદ ટીમે માત્ર 12 રનમાં 5 વિકેટ ગુમાવી દીધી હતી. સાગર અલીએ 173.91ના સ્ટ્રાઈક રેટથી 40 રન બનાવ્યા. સાગર અલીએ 173.91ના સ્ટ્રાઈક રેટથી 40 રન બનાવ્યા. અભિષેક અને રાજેન્દ્ર માટે 2-2 વિકેટ 108 રનની મજબૂત ભાગીદારીને ISPLના સૌથી મોંઘા ખેલાડી અભિષેકે તોડી નાખી. તેણે



ટુર્નામેન્ટના ટોપ સ્કોરર સાગર અલીને લોંગ ઓફ પર કેપ્ટન વિજય પાવલેના હાથે કેચ કરાવ્યો. આ પછી, તેણે બેટિંગ કરવા આવેલા સંસ્કાર ધ્યાનીને પણ શૂન્યના સ્કોર પર પેવેલિયન મોકલી દીધો. અભિષેકે 2 ઓવરમાં 18 રન આપીને 2 વિકેટ લીધી. શ્રીનગરની ઈનિંગની પહેલી અને છેલ્લી ઓવર ફેંકનાર રાજેન્દ્ર સિંહે 2 ઓવરમાં 16 રન આપીને 2 વિકેટ લીધી. તેણે લોકેશને 3 રન અને દિલીપ બિંજવાને 1 રન બનાવીને આઉટ કર્યા. આકાશે 59 રન બનાવ્યા અને 10મી ઓવરના છેલ્લા બોલ પર રન આઉટ થયો. મુંબઈની ઈનિંગની સાતમી ઓવર ફેંકવા આવેલા રાજેશે મેચ શ્રીનગરના પક્ષમાં ફેરવી દીધી. તેણે પોતાના પહેલા બે બોલમાં વિકેટ લીધી. અગાઉ, રાજેશે એક બાજુ બેટિંગ કરી રહેલા રજત મુંધેને 23 રનમાં આકાશના હાથે કેચ કરાવ્યો હતો.

### મુંબઈએ પહેલી 4 વિકેટ 64 રનમાં ગુમાવી દીધી

121 રનના ટાર્ગેટને ચેઝ કરતા મુંબઈના ઓપનર મોહમ્મદ નદીમે પ્રભજોતની પહેલી ઓવરમાં 12 રન બનાવ્યા. જોકે, ત્રીજી ઓવરમાં સુવરોનિલ રોયે તેને પેવેલિયન પાછો મોકલી દીધો. તેના પછી બેટિંગ કરવા આવેલા યોગેશ પેનકરે પહેલા બોલ પર જ સિક્સર ફટકારી. પરંતુ તે પણ 8 રન પર સુવરોનિલના હાથે કીપર દ્વારા કેચ આઉટ થયો. મુંબઈની ત્રીજી વિકેટ મહેન્દ્ર ચંદનના રૂપમાં પડી, અહીં સુવરોનિલે આઉટફિલ્ડમાં ડાઈવિંગ કેચ લીધો. મહેન્દ્રને રાજુ મુખિયાએ 13 રન બનાવીને આઉટ કર્યો.

# 1220 બોંબ, 850 ડ્રોન, 40 મિસાઈલથી યુક્રેન પર હુમલો

## રશિયાએ એક સપ્તાહમાં તબાહી મચાવી' યુદ્ધમાં ઉભા છીએ. યુક્રેનના લોકોનો જીવ બચાવવા અમે વધુ હથિયારોની જરૂર છે.'

(એજન્સી) રશિયા તા 17

રશિયા-યુક્રેનનું યુદ્ધ સમાપ્ત કરવાની વાતો વચ્ચે હજુ પણ બંને દેશો વચ્ચે ભયાનક યુદ્ધ ચાલી રહ્યું છે. યુક્રેને દાવો કર્યો છે કે, 'રશિયાએ એક સપ્તાહમાં અમારા અનેક વિસ્તારો પર બોંબમારો અને મિસાઈલો ઝીંકી છે. જેલેન્સ્કીએ દાવો કર્યો કે, 'રશિયાએ એક સપ્તાહમાં યુક્રેન પર 40થી વધુ મિસાઈલો અને 850થી વધુ ડ્રોનથી હુમલો કર્યો છે.' રશિયા યુદ્ધ ચાલુ રાખવા માંગે છે : જેલેન્સ્કી યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીએ દાવો કર્યો છે કે, 'રશિયાએ એક અઠવાડિયાની અંદર યુક્રેન પર 1220 બોંબ અને 850થી વધુ ડ્રોનથી હુમલો કર્યો છે. તેણે 40થી વધુ મિસાઈલો પણ ઝીંકી છે.' તેમણે આક્ષેપ કર્યો છે કે, રશિયા યુદ્ધ ચાલુ રાખવા માંગે છે.

## બોંબમારો કરી યુદ્ધ ચાલુ રાખવાનો ઈરાદો સાબિત કરી રહ્યા છે.'

### યુક્રેને માંગ્યા હથિયાર

જેલેન્સ્કીએ લખ્યું છે કે, 'રશિયાએ એક સપ્તાહની અંદર અમારા લોકો પર વિમાનોમાંથી 1200 બોંબ અને 40થી વધુ મિસાઈલો ઝીંકી છે. તેઓએ 850થી ડ્રોનથી પણ હુમલો કર્યો છે. યુક્રેન પોતાની સુરક્ષા કરી રહ્યું છે. અમે અમારા યૌદ્ધાઓની બહાદુરી તેમજ સભ્ય દેશોના સમર્થનના કારણે યુદ્ધમાં ઉભા છીએ. પરંતુ યુક્રેનના લોકોનો જીવ બચાવવા માટે અમે વધુ હથિયારોની જરૂર છે.' રશિયાને પોતાની વર્તમાન સ્થિતિ અને સત્તા પર કબજો યથાવત્ રાખવા માટે યુદ્ધની જરૂર છે



### જેલેન્સ્કીએ અમેરિકાને કરી અપીલ

જેલેન્સ્કીએ ટ્વિટ કરીને અમેરિકાને પણ એક થવાની અપીલ કરી છે. જોકે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ યુદ્ધનો અંત લાવવા રશિયા સાથે શાંતિ વાર્તા કરવા માટે સતત પગલા ભરી રહ્યા છે. ટ્રમ્પે આ સપ્તાહે યુરોપીય સંગઠનો અને યુક્રેનનો ચોંકાવી દીધા હતા. તેમણે જેલેન્સ્કી તેમજ કીવ સાથે પરામર્શ કર્યા વગર પુતિનને ફોન કર્યો અને તાત્કાલીક શાંતિ વાર્તાની શરૂઆત કરવાની જાહેરાત કરી હતી. ત્યારે ટ્રમ્પે કહ્યું હતું કે, 'યુક્રેન માટે શાંતિ વાર્તાની બેઠકમાં યુરોપને જગ્યા નહીં મળે.'. તેઓ દર દિવસે યુક્રેન પર બોંબમારો કરી યુદ્ધ ચાલુ રાખવાનો ઈરાદો સાબિત કરી રહ્યા છે.'

### પુતિન પર દબાણ કરવાની જરૂર, જેલેન્સ્કીની યુરોપને અપીલ

યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું કે, 'યુરોપ અને દુનિયાએ અમને આવી સ્થિતિમાંથી બચાવવું પડશે, તેનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. આ માટે એક મજબૂત, એક વિદેશ નીતિ અને પુતિન પર દબાણ લાવવાની જરૂર છે. તેઓએ આ યુદ્ધની શરૂઆત કરી છે અને વૈશ્વિક સ્તરે ફેલાવી રહ્યા છે.' તેમણે લખ્યું છે કે, 'જો યુરોપ, અમેરિકા અને અમારા તમામ સાથીદારો એક થશે, તો આપણે આ યુદ્ધને શાંતિપૂર્વક સમાપ્ત કરી શકીએ છીએ.' જો પહેલા તબક્કાના 16મા દિવસ સુધી એટલે કે 3 ફેબ્રુઆરી સુધી બધું બરાબર રહેશે, તો બીજા તબક્કાના આયોજન પર ચર્ચા શરૂ થશે. આ સમય દરમિયાન કોઈ હુમલા કરવામાં આવશે નહીં. બાકીના જે બંધકો જીવિત છે તેમને મુક્ત કરવામાં આવશે રશિયા યુદ્ધ ચાલુ રાખવા માંગે છે : જેલેન્સ્કી યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર જેલેન્સ્કીએ દાવો કર્યો છે કે, 'રશિયાએ એક અઠવાડિયાની અંદર યુક્રેન પર 1220 બોંબ અને 850થી વધુ ડ્રોનથી હુમલો કર્યો છે. તેણે 40થી વધુ મિસાઈલો પણ ઝીંકી છે.' તેમણે આક્ષેપ કર્યો છે કે, રશિયા યુદ્ધ ચાલુ રાખવા માંગે છે.

# અમેરિકાની ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર હવે બજેટ કાપ પર કડકાઈથી કામ કરી રહી છે

(એજન્સી) અમેરિકા તા 17

અમેરિકાની ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર બજેટ કાપ પર કડકાઈથી કામ કરી રહી છે. આ સંદર્ભમાં અમેરિકાએ ભારતને આપવામાં આવનાર કરોડો ડોલરની રકમ પર રોક લગાવી દીધી છે. ઈલોન મસ્કના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ રવિવારે જાહેરાત કરી કે અમેરિકાએ ભારતમાં મતદાન વધારવા માટે રચાયેલ 21 મિલિયન ડોલરના કાર્યક્રમમાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. ભારતને આપવામાં આવતી સહાયમાં મોટો કાપ નોંધનીય છે કે અમેરિકા દેશની ચૂંટણીઓમાં મતદારોની ભાગીદારીને પ્રોત્સાહન આપવા માટે ભારતને 1 અબજ 82 કરોડ રૂપિયા (21 મિલિયન ડોલર) આપતું હતું. પરંતુ હવે ભારતને આ ભંડોળ મળશે નહીં. ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પની ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની મુલાકાતના થોડા દિવસો પછી જ આ જાહેરાત કરવામાં આવી છે. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ અમેરિકા-ભારત સંબંધોને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. આ નિર્ણય બાદ ભારતમાં શાસક પક્ષ ભાજપે પણ પ્રતિક્રિયા આપી છે. ભાજપ આઈટી સેલના વડા અમિત માલવિયાએ દાવો કર્યો છે કે આ ભંડોળનો ઉપયોગ ભારતીય ચૂંટણીઓને પ્રભાવિત કરવા માટે કરવામાં આવ્યો હતો. માલવિયાએ કોંગ્રેસ પાર્ટી અને અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ પર ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો છે.ભાજપે ચૂંટણીમાં ભંડોળ પર સવાલ ઉઠાવ્યા DOGEના નિર્ણય પર ભાજપના નેતા અમિત માલવિયાએ પ્રતિક્રિયા આપી છે. આમાં તેમણે ભારતીય ચૂંટણીઓમાં 182 કરોડ રૂપિયાના ભંડોળ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. માલવિયાએ તેને ભારતની ચૂંટણીમાં બાહ્ય હસ્તક્ષેપ ગણાવ્યો. માલવિયાએ પ્રશ્ન ઉઠાવ્યો કે આ ભંડોળનો લાભ કોને મળશે. ભાજપના નેતાએ કહ્યું કે આનાથી શાસક પક્ષ (ભાજપ)ને ચોક્કસપણે ફાયદો થશે નહીં. બીજી એક પોસ્ટમાં, અમિત માલવિયાએ કોંગ્રેસ પાર્ટી અને જ્યોર્જ સોરોસ પર ભારતીય ચૂંટણીમાં દખલ કરવાનો આરોપ લગાવ્યો. માલવિયાએ સોરોસને ગાંધી પરિવારના જાણીતા સહયોગી ગણાવ્યા. માલવિયાએ X પર લખ્યું હતું કે એસવાય કુરેશીના નેતૃત્વમાં ચૂંટણી પંચે 2012માં ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન MOU પર હસ્તાક્ષર કર્યા હતા. આ IFES જ્યોર્જ સોરોસના ઓપન સોસાયટી ફાઉન્ડેશન સાથે જોડાયેલ છે.

# અમેરિકામાં કર્મચારીઓની છટણી અને ડીપોર્ટ કરવા કરોડોનો ધુમાડો

(એજન્સી) અમેરિકા તા 17

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં ગેરકાયદેસર રહેતાં લોકોને ડીપોર્ટ કરવા માટે મિલિટરી પ્લેનનો ઉપયોગ કરી રહ્યા છે તેના કારણે અમેરિકામાં જ વિવાદ થઈ ગયો છે. એક તરફ ટ્રમ્પ સરકારનો ખર્ચ બચાવવા માટે કર્મચારીઓને છૂટા કરી રહ્યા છે ત્યારે બીજી તરફ મિલિટરી પ્લેન વાપરીને સરકારનાં નાણાંનો બેફામ ધુમાડો કરી રહ્યા છે. ટ્રમ્પ મિલિટરી પ્લેન વાપરીને પ્રતિ પેસેન્જર ૫ હજાર ડોલર (લગભગ રૂપિયા ૪.૪૦ લાખ)ની આસપાસ ખર્ચ કરી રહ્યા છે જ્યારે સામાન્ય કોમર્શિયલ ફ્લાઈટમાં ખર્ચ ૫૦૦ ડોલરથી ૧૦૦૦ હજાર ડોલરની આસપાસ જ થાય છે. ભારત સહિતના અમેરિકાથી દૂર આવેલા કેટલાક દેશોમાં લોકોને મોકલવાનો ખર્ચ તો સામાન્ય ફ્લાઈટ કરતાં સાત-આઠ ગણો થઈ રહ્યો છે. અમેરિકાથી ભારતની મિલિટરી પ્લેનની સફર પાછળ ૧૦ લાખ ડોલરનો ખર્ચ થયો છે. અમૃતસરમાં શનિવારે રાત્રે ઉતરેલા યુએસ મિલિટરીના પ્લેનમાં ૧૦૪ ભારતીયો હતો એ જોતાં પ્રતિ ભારતીય ૯૬૧૫ ડોલર (લગભગ રૂપિયા ૮.૪૬ લાખ) ખર્ચાયા છે. અમેરિકાનું એક તરફનું ભાડું ૮૦ હજારથી એક લાખ રૂપિયાની વચ્ચે છે એ જોતાં લગભગ ૧૦ ગણો ખર્ચ કરાયો છે. ટ્રમ્પે એક તરફ સરકારી વિભાગોનો ખર્ચ ઘટાડવા માટે ડીપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ધંયૂઈ) બનાવ્યો છે ત્યારે બીજી તરફ ડીપોર્ટેશનની પોતાની સનક પૂરી કરવા મનફાવે તેમ ડોલર ઉડાવી રહ્યા છે. અમેરિકા ગેરકાયદેસર રહેતાં લોકોને સામાન્ય કોમર્શિયલ ફ્લાઈટમાં પોતપોતાના દેશમાં મોકલે તેના કરતાં મિલિટરી પ્લેનમાં મોકલવાનો ખર્ચ પાંચ ગણો થાય છે.

# માલીમાં બીજી ભયાનક દુર્ઘટના! સોનાની ખાણ ધસી પડતા 48ના મોત

(એજન્સી) માલી તા 17

માલીના પૂર્વ વિસ્તારમાં સોનાની ખાણ ધસી પડતા 48 લોકના મોત અને અનેક લોકોને ઈજા થઈ હોવાના અહેવાલો સામે આવ્યા છે. માલીના મીડિયા અને અધિકારીઓએ કેનિએબા જિલ્લામાં સોનાની ખાણ ધસી પડી હોવાની માહિતી આપી છે. અધિકારીઓએ મોતની પુષ્ટી કરી

માલીની ટેલિવિઝન ચેનલના રિપોર્ટમાં જણાવાયું છે કે, કેનિએબા જિલ્લા સ્થિત બિલાલી કોટો નામના સ્થળે ખાણ ધસી પડી છે, જેમાં 48 લોકોના મોત અને અનેક લોકો ઈજા થયા છે. માલીમાં આ વર્ષે આ બીજી ભયાનક દુર્ઘટના બની છે. કેનિએબા ક્ષેત્રના અધિકારી મોહમ્મદ ડિકોએ એસોસિએટેડ પ્રેસ પાસેથી ઘટનાની પુષ્ટી કરી છે અને કહ્યું કે, ઘટનામાં 48 લોકોના મોત થયા છે.ખાણ સંબંધીત નેતા ફલાય સિસોકોએ કહ્યું કે, 'બિલાવી કોટોમાં શનિવારે રાત્રે ખીણ ધસી પડી હતી. ચીનના નાગરિક દ્વારા સંચાલિત ખાણમાં ભૂસ્ખલન થયું.' ડિકોએ કહ્યું કે, 'અધિકારીઓ એવી પણ તપાસ કરી રહ્યા છે કે, ચીનના નાગરિક દ્વારા સંચાલિત ખાણમાં કાયદાકીય રીતે સંચાલન થઈ રહ્યું હતું કે નહીં.'માલીમાં ગત મહિને પણ ભૂસ્ખલનની ઘટા બની હતી, જેમાં અનેક લોકોના મોત થયા છે. 29 જાન્યુઆરીના રોજ કૂલિકોરો વિસ્તારમાં ભૂસ્ખલન થયું હતું, જેમાં સોનાની ખાણમાં કામ કરી રહેલા અનેક શ્રમિકોના મોત થયા હતા. આ દુર્ઘટનામાં મોટાભાગની મહિલાઓ હતી.

# હમાસે કેદ કર્યો, ત્યારે પત્ની ગર્ભવતી હતી:498 દિવસ પછી પુત્રીનું નામ ખબર પડી

(એજન્સી) તેલ અવીવ તા 17

હમાસની કેદમાં 498 દિવસ રહ્યા બાદ શનિવારે ત્રણ ઈઝરાયલી બંધકોને મુક્ત કરવામાં આવ્યા. હમાસે આ બંધકોને રેડ ક્રોસને સોંપી દીધા. આ પછી, ત્રણેય બંધકોને રેડ ક્રોસ વાહનમાં ઈઝરાયલ લાવવામાં આવ્યા અને સુરક્ષા દળોને સોંપવામાં આવ્યા. હોસ્પિટલમાં તેમની તપાસ બાદ તેઓને તેમના પરિવારો સાથે ફરીથી મિલન કરાવવામાં આવ્યું. આ બંધકોમાંથી એકને પહેલી વાર તેની નાની પુત્રીનું નામ ખબર પડી. પુત્રીના જન્મના બે મહિના પહેલા જ હમાસે તેને કેદ કર્યો હતો. બીજા બંધકે તેના પિતા ગુમાવ્યા છે. 7 ઓક્ટોબરના રોજ હમાસ દ્વારા તેના પિતાની હત્યા કરવામાં આવી હતી. ત્રીજા બંધકનો ભાઈ હજુ પણ હમાસની કસ્ટડીમાં છે. મુક્ત કરાયેલા બંધકોનો તેમના પ્રિયજનોને મળતા સમયનો વીડિયો ડેકેલ-ચેનની માતા હમાસની કેદમાંથી ભાગી હતી ડેકેલ ચેન હમાસની કેદમાંથી મુક્ત થનાર પ્રથમ બંધક છે. તે ઈઝરાયલી-અમેરિકન



નાગરિક છે. ડેકેલની સાથે હમાસે તેની માતા નિયોમિતને પણ પકડી લીધી હતી. જોકે, તેની માતા ભાગી જવામાં સફળ રહી હતી. છૂટ્યા પછી, ડેકેલને તેની માતા, પિતા જોનાથન અને પત્ની અવિટલ સાથે ફરીથી મિલન કરાવવામાં આવ્યું. ડેકેલને ત્રણ પુત્રીઓ છે: બાર, ગાલી અને શચર. શચર તેની નાની પુત્રી છે, જેને તે પહેલી વાર મળે છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ મુજબ ડેકેલને મળ્યા પછી એવિટલે કહ્યું, 'તમે એક ચેમ્પિયન છો,' આ પછી, એવિટલ ડેકેલના ખભા પર માથું રાખીને રડવા લાગે છે. હમાસની કેદમાંથી મુક્ત થનાર બીજો બંધક એર હોર્ન છે. એર હોર્નના ઘરે પાછા ફરવાથી પરિવારને થોડી રાહત મળી છે, પરંતુ તેનો ભાઈ ઈટન હજુ પણ હમાસની કસ્ટડીમાં છે. આ તસવીર આઈડીએફ કેમ્પમાં પાછા ફરતા એર હોર્નની છે. હમાસની કેદમાંથી મુક્ત થનાર ત્રીજો બંધક સાશા ટ્રોફાનોવ છે. 7 ઓક્ટોબરના રોજ ટ્રોફાનોવના પિતાની હમાસ દ્વારા તેની મુક્તિ પછી IDF કેમ્પમાં તેની ગર્લફ્રેન્ડ સપિર કોહેન અને માતા યેલેના સાથે તેને મળાવવામાં આવ્યો હતો. પરત ફર્યા પછી, ટ્રોફાનોવે તેમની અને અન્ય બંધકોની મુક્તિ માટે લડનારા દરેકનો આભાર માન્યો. ટ્રોફાનોવે બાકીના બંધકોને તાત્કાલિક મુક્ત કરવાની પણ માગ કરી હતી. ડેકેલ-ચેનને હોસ્પિટલમાં લઈ જતા સમયે તેની પત્ની એવિટલ પણ IDF હેલિકોપ્ટરમાં હાજર હતી.

# કેન્ટુકી-જ્યોર્જિયામાં ભારે તોફાનમાં 9નાં મોત

(એજન્સી) અમેરિકા તા 17

અમેરિકાના કેન્ટુકીમાં ભયંકર તોફાન આવ્યું છે, જેમાં 9 લોકોનાં મોત થયા છે. અહીં રસ્તાઓ દેખાતા નથી, દરેક જગ્યાએ પાણી ભરાઈ ગયા છે. મીડિયા રિપોર્ટ મુજબ, જ્યોર્જિયામાં એક વ્યક્તિનું મૃત્યુ થયું છે. રેસ્ક્યુ ટીમ શોધ અને બચાવ કાર્યમાં લાગેલી છે. છેલ્લા 24 કલાકમાં 1000થી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ વાવાઝોડાને એક દાયકાની સૌથી ગંભીર હવામાન ઘટનાઓમાંની એક માનવામાં આવે છે. પરંતુ ખતરો હજુ પણ યથાવત છે. ગ્રેટ લેક્સના ભાગો બરફ દ્વારા દફનાવવામાં આવી શકે છે.

# ઈયુ અમેરિકાના ખાદ્ય પદાર્થોની આયાત પર પ્રતિબંધ મૂકવાની તૈયારીમાં

(એજન્સી) અમેરિકા તા 17

ઈયુ સૌથી પહેલા સોયાબીન જેવા અમેરિકન પાકોને નિશાન બનાવી શકે : પોતાના ખેડૂતોને સુરક્ષા પૂરી પાડવાનો ઉદ્દેશ

બ્રસેલ્સ: યુરોપિયન યુનિયન (ઈયુ) પોતાના ખેડૂતોને સુરક્ષિત કરવા માટે અનેક આયાતિત ખાદ્ય પદાર્થો પર પ્રતિબંધ મૂકવાની યોજના બનાવી રહ્યું છે. આ નિર્ણય અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તાજેતરમાં જ લગાવવામાં આવેલ વેપાર ડ્યુટી જેવો જ છે.

એટલે કે ઈયુ ટ્રમ્પ સ્ટાઈલથી પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું છે. ફાઈનાન્સિયલ ટાઈમ્સના રિપોર્ટ અનુસાર ઈયુ આ ખાદ્ય પદાર્થો પર આગામી સપ્તાહમાં આયાત ડ્યુટી વધારવાની જાહેરાત કરી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ પર લગાવવામાં આવેલા તાજેતરના નિર્ણયોથી વેપાર જગતમાં તંગદિલી છે. આ સ્થિતિમાં ઈયુના આ નિર્ણયથી તંગદિલી વધી શકે છે. રિપોર્ટ અનુસાર ઈયુ સૌથી પહેલા સોયાબીન જેવી અમેરિકન પાકોને નિશાન બનાવી શકે છે. આ પાક એવા જંતુનાશકથી ઉગાડવામાં આવે છે જેનો ઉપયોગ ઈયુના ખેડૂત કરી શકતા નથી. ઈયુના ઓલિવર વરહેલીએ જણાવ્યું છે કે અમને ખેડૂતો પાસેથી સ્પષ્ટ સંકેત મળે છે કે ઈયુમાં જે પ્રતિબંધિત છે તેના પર પ્રતિબંધ મૂકાવો જોઈએ. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે તાજેતરમાં જ વેપાર ડ્યુટી લગાવી છે. તેમણે એ દેશોની પણ ટીકા કરી છે જે અમેરિકન ઉત્પાદનોને રોકે છે. તેમણે ઈયુનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેણે અમેરિકાના ૫૦માંથી ૪૮ રાજ્યોની શંખ માછલી પર પ્રતિબંધ મૂક્યો છે.

# રાત્રિના અંધારામાં આ દેશની બોર્ડરમાં જઇ ચડ્યું પાકિસ્તાની સૈન્ય વિમાન

(એજન્સી) પાકિસ્તાન તા 17

પાકિસ્તાની વાયુસેનાએ અફઘાનિસ્તાન અને પાકિસ્તાનના સરહદી વિસ્તારોમાં આતંકવાદી સંગઠન તહરીક-એ-તાલિબાન (TTP) ના ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. પાકિસ્તાની વાયુસેનાએ ઓછામાં ઓછા 3 અલગ અલગ સ્થળોએ આ હુમલાઓ કર્યા છે. આ હવાઈ હુમલામાં, પાકિસ્તાની વાયુસેનાએ 6 ફાઈટર જેટનો ઉપયોગ કર્યો છે, જેમાં F-17 અને JF-17 ફાઈટર પણ શામેલ છે. આ હવાઈ હુમલા અંગે પાકિસ્તાને હજુ સુધી કોઈ નિવેદન આપ્યું નથી.સુરતમાં કારચાલકે એમ્બ્યુલન્સને સાઈડ ન આપી , આ કારણે દર્દી હોસ્પિટલ મોડા પહોંચ્યાસુરતમાં કારચાલકે એમ્બ્યુલન્સને સાઈડ ન આપી , આ કારણે દર્દી હોસ્પિટલ મોડા પહોંચ્યા.

# પાકિસ્તાનમાં 15 હજાર અફઘાન નાગરિકો ફસાયેલા



## ટ્રમ્પે લોકોને અમેરિકા આવવા પર પ્રતિબંધ મૂક્યો, બાઈડેને આશ્રય આપવાનું વચન આપ્યું

(એજન્સી) કરાંચી તા 17

અફઘાનિસ્તાનમાં તાલિબાનના શાસનથી ડરીને અમેરિકા ગયેલા અફઘાન લોકો હવે પાકિસ્તાનમાં ફસાઈ ગયા છે. કારણ છે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરણાર્થીઓ અંગે જારી કરાયેલ એક્ઝિક્યુટિવ ઓર્ડર. આ આદેશ હેઠળ, કોઈપણ દેશના શરણાર્થીઓ આગામી 90 દિવસ સુધી અમેરિકા આવી શકશે નહીં.

પાકિસ્તાનમાં 15 હજારથી વધુ શરણાર્થીઓ છે, જેમને બાઈડેન વહીવટીતંત્ર દ્વારા તેમના દેશમાં આવવાની મંજૂરી આપવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે અમેરિકાએ 2021માં અફઘાનિસ્તાન છોડતા પહેલા દેશમાં હજારો શરણાર્થીઓને સ્થાન આપવાનું વચન આપ્યું હતું.

પરંતુ ટ્રમ્પના આદેશને કારણે, આ બધા શરણાર્થીઓનું ભવિષ્ય હવે જોખમમાં છે. તેમને ડર છે કે જો તેઓ પાછા ફરશે તો તાલિબાન સરકાર તેમને જીવતા નહીં છોડે. અફઘાનિસ્તાનમાંથી યુએસ સૈનિકોની પાછી ખેંચી લીધા બાદ, 15 ઓગસ્ટ 2021ના રોજ તાલિબાને દેશમાં સત્તા કબજે કરી. અફઘાનિસ્તાનમાંથી યુએસ સૈનિકોની પાછી ખેંચી લીધા બાદ, 15 ઓગસ્ટ 2021ના રોજ તાલિબાને દેશમાં સત્તા કબજે કરી. પાકિસ્તાનને 31 માર્ચ સુધીમાં દેશ છોડવાનો આદેશ આ દિવસોમાં અફઘાનિસ્તાનના લોકો ઈસ્લામાબાદ-રાવલપિંડીમાં રસ્તાઓ પર છે. તેમની માગ છે કે ટ્રમ્પ આ નિર્ણય પાછો ખેંચે નહીંતર તેમને મુશ્કેલીનો સામનો કરવો પડશે. દરમિયાન, પાકિસ્તાન સરકારે અફઘાન શરણાર્થીઓને દેશ છોડી દેવાનો આદેશ આપ્યો છે.

### 2025 પછી પાકિસ્તાન છોડવું પડશે.

શરણાર્થી જૂથોએ પાકિસ્તાનની શાહબાઝ સરકારની આ જાહેરાતની ટીકા કરી છે. તેઓ કહે છે કે જો તેઓ અફઘાનિસ્તાન પાછા ફરે તો તેમના જીવ જોખમમાં છે. ટ્રમ્પે નિર્ણય પર વિચાર કરવો જોઈએ. અફઘાન ઈવાક ગ્રુપના સ્થાપક સીન કહે છે કે આ કટોકટીના ઉકેલ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.તાલિબાન સત્તામાં આવ્યા પછી, લાખો અફઘાન નાગરિકો પડોશી દેશોમાં ભાગી ગયા, જેમાં સૌથી વધુ સંખ્યા પાકિસ્તાન અને ઈરાન ગઈ. પાકિસ્તાનમાં પહેલાથી જ લગભગ 30 લાખ અફઘાન શરણાર્થીઓ હતા, જેમાંથી મોટાભાગના 1980ના દાયકામાં સોવિયેત આક્રમણ દરમિયાન આવ્યા હતા.તાલિબાનના પુનરાગમન પછી પાકિસ્તાનમાં 6 લાખથી વધુ નવા શરણાર્થીઓ આવ્યા.

# રામમંદિરની આવક 700 કરોડ, સૌથી વધુ આવક કયા મંદિરની ?

## સિયાવર રામચંદ્ર કી જય... રોજના 4 લાખ લોકો આવે છે મંદિરમાં



અયોધ્યામાં ભક્તોએ કર્યું દિલ ખોલીને દાન

(એજન્સી) પ્રયાગરાજ । તા. 17

હાલમાં મહાકુંભ ચાલી રહ્યો છે. પરિણામે પ્રયાગરાજમાં તો કરોડોની સંખ્યામાં લોકો આવી પહોંચ્યા છે. પરંતુ અયોધ્યા અને વારાણસીમાં પણ ભક્તોનો ધસારો વધ્યો છે. અયોધ્યા અને વારાણસીમાં તો મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા છે. જો કે અયોધ્યા રામ જન્મભૂમિમાં રામલલ્લાની સ્થાપના થયા બાદથી જ અયોધ્યામાં ભક્તોનો અવિરત પ્રવાહ ચાલુ જ છે. પરિણામે અયોધ્યા હવે રોજ રોજ નવા કિર્તિમાન બનાવી રહી છે.

વાર્ષિક આવકની દ્રષ્ટિએ રામ મંદિર દેશનું ત્રીજું સૌથી મોટું મંદિર બની ગયું છે. રામલાલની મૂર્તિની સ્થાપના પછી અત્યાર સુધીમાં 13 કરોડથી વધુ ભક્તો અને પ્રવાસીઓ અયોધ્યા પહોંચી ચૂક્યા છે. મંદિરની વાર્ષિક આવક 700 કરોડ રૂપિયાથી વધુ થઈ ગઈ છે. વાર્ષિક આવકની દ્રષ્ટિએ, રામ મંદિરે સુવર્ણ મંદિર, વૈષ્ણો દેવી અને શ્રી સાંઈ મંદિરને પાછળ છોડી દીધું છે.

આ આંકડા જાન્યુઆરી 2024 અને જાન્યુઆરી 2025 વચ્ચેના છે. રામનગરીમાં આવનારા ભક્તોની ભીડે દાનના બધા રેકોર્ડ તોડી નાખ્યા છે. મહાકુંભમાં ડૂબકી લગાવ્યા પછી, લાખો શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચી રહ્યા છે. દરરોજ ચાર લાખ ભક્તો રામ મંદિરમાં પૂજા માટે આવી રહ્યા છે. આ ક્રમ મકરસંક્રાંતિથી ચાલી આવે છે. મંદિર ટ્રસ્ટ કાર્યાલય અનુસાર ટ્રસ્ટના 10 દાન કાઉન્ટર પર દરરોજ 10 લાખ રૂપિયાથી વધુનું દાન કરવામાં આવી રહ્યું છે.

મહાકુંભ ચાલી રહ્યો છે. ત્યારે મહાકુંભ આવનારા ભક્તો ગંગામાં ડૂબકી લગાવીને અયોધ્યા, કાશી અને મથુરા જેવા તીર્થસ્થળો પર જઈ રહ્યા છે. તેઓ ખુલ્લા મનથી દાન કરી રહ્યા છે. મહાકુંભ દરમિયાન અયોધ્યામાં એક મહિનામાં જ 15 કરોડથી વધારે રૂપિયાનું દાન એકત્રિત થયુ છે. અયોધ્યામાં ભક્તોની સંખ્યામાં પણ મોટો વધારો નોંધાયો છે. રામ મંદિર ટ્રસ્ટે ભક્તોની સુવિધા માટે ખાસ વ્યવસ્થા કરી છે.

### મુખ્ય મંદિરોની વાર્ષિક આવક

- તિરુપતિ વેંકટેશ્વર મંદિર આંધ્રપ્રદેશ 15000 થી 1650 કરોડ
- પદ્મનાભસ્વામી મંદિર કેરળ 750 થી 800 કરોડ
- સુવર્ણ મંદિર પંજાબ 650 કરોડ,
- વૈષ્ણો દેવી મંદિર જમ્મુ અને કાશ્મીર 600 કરોડ
- શિરડી સાંઈ મંદિર મહારાષ્ટ્ર 500 કરોડ
- જગન્નાથ મંદિર પુરી ઓરિસ્સા 400 કરોડ
- અક્ષરધામ મંદિર નવી દિલ્હી 200 થી 250 કરોડ
- સોમનાથ મંદિર ગુજરાત 150 થી 200 કરોડની વાર્ષિક આવક ધરાવે છે.

# સરકારી એન્જિનિયર 17 પ્લોટનો માલિક, કમાણી કરતાં 205 ટકાથી વધુ સંપત્તિ, એસીબીએ પાડ્યા દરોડા

### ખુલ્લેઆમ લાંચ...



(એજન્સી) જયપુર । તા. 17

રાજસ્થાનના જયપુરમાં એક સરકારી એન્જિનિયર કરોડોની મિલકતનો માલિક નીકળ્યો. આ મિલકત તેણે વારસાગત નહીં પરંતુ લાંચ અને રૂશ્વતના માર્ગે ઉભી કરેલી છે. એન્ટી કરપ્શન બ્યૂરો (એસીબી)ના દરોડામાં લોક નિર્માણ વિભાગ (PWD) એન્જિનિયર દીપક કુમાર મિત્તલ પાસે તેની કમાણીના 205 ટકાથી વધુ સંપત્તિ મળી આવી છે. જોધપુર, જયપુર, ઉદયપુર અને હરિયાણાના ફરિદાબાદ સ્થિત મિત્તલના છ સ્થળોએથી 17 પ્લોટ ઉપરાંત રૂ. 50 લાખ રોકડ એસીબી દ્વારા જપ્ત કરવામાં આવી છે.એન્ટી કરપ્શન બ્યૂરોને સરકારી XEN (એક્ઝિક્યુટીવ એન્જિનિયર) દીપક કુમાર મિત્તલ ખુલ્લેઆમ લાંચ લઈ રહ્યો હોવાની બાતમી મળી હતી. જેના આધારે તપાસ હાથ ધરતાં જાણવા મળ્યું કે, દિપક કુમારના ઘરે લાંચ પેટે રૂ. 50 લાખ મોકલવામાં આવ્યા છે. આ રૂપિયાનો નિવેડો લાવવા દિપક બે દિવસની અંદર જમીનનો સોદો કરવાનો છે. એસીબીએ તે સોદો કરે તે પહેલાં જ એન્જિનિયરના ઘરે દરોડા પાડ્યા હતાં.

### રૂ. 5 કરોડથી વધુની સંપત્તિ હોવાનો ખુલાસો

એસીબીની તપાસમાં XEN પાસે રૂ. 5 કરોડથી વધુ સંપત્તિ હોવાનો ખુલાસો કર્યો હતો. તેની પાસેથી રૂ. 50 લાખ રોકડા અને છ સ્થળો પર 17 પ્લોટ હોવાનું જણાવ્યું હતું. તેના ત્રણ બેન્ક લોકર્સ આજે ખોલવામાં આવશે. દીપકે પોતાના સગા-સંબંધીઓના નામે પણ બેનામી સંપત્તિ ખરીદી હતી. જેથી એસીબી તેના સગા-સંબંધીઓની આવકની વિગતો પણ મેળવી રહી છે. આરોપીનો દિકરો ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં એમબીબીએસ કરે છે, જ્યારે દિકરી રાજસ્થાનના ચુરૂમાં એમડીનો અભ્યાસ કરી રહી છે.

### આરોપીના નામે 18 બેન્ક ખાતા

જયપુરમાં એક કરોડથી વધુ કિંમતના ચાર પ્લોટ, ઉદયપુરમાં રૂ. 1.50 કરોડથી વધુ કિંમતના 10 પ્લોટ, બ્યાવર અને અજમેરમાં લાખોની કિંમતના ત્રણ પ્લોટ મળી આવ્યા છે. જયપુરના બરકત નગર સ્થિત તેના ઘરેથી રૂ. 50 લાખ રોકડા, 500 ગ્રામ સોનું અને 1.50 કિગ્રા ચાંદી મળી આવી છે. એન્જિનયિર 18 બેન્ક ખાતા ધરાવે છે. જેમાં રૂ. 40 લાખ જમા છે, જ્યારે મ્યુચ્યુઅલ ફંડમાં રૂ. 50 લાખનું રોકાણ કર્યું છે. એસીબીના ડીજી રવિપ્રકાશ મેહરાડે જણાવ્યું કે, મળેલી બાતમીના આધારે તપાસ હાથ ધરાઈ હતી. જેમાં XEN આરોપી પુરવાર થતાં દરોડા સહિતની કાર્યવાહી હાથ ધરાઈ હતી. તેના ત્રણ બેન્ક લોકર્સ આજે ખુલશે, જેમાંથી વધુ સંપત્તિ અને મુદ્દામાલનો ખુલાસો થવાની શક્યતા છે.

#### ટુ-વ્હીલર્સને તેમાંથી મુક્તિ આપવામાં આવી છે

## ટોલ ટેક્સ અને ફાસ્ટેગ સંબંધિત નવા નિયમ આજથી લાગુ, બેદરકારી બદલ થશે મોટો દંડ

(એજન્સી) નવીદિલ્હી । તા. 17

ટોલ ચૂકવણીને સુવ્યવસ્થિત કરવા, વિવાદો ઘટાડવા અને છેતરપિંડી રોકવા માટે, નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) અને માર્ગ પરિવહન મંત્રાલયે ફાસ્ટેગ સંબંધિત નિયમોમાં કેટલાક મહત્ત્વપૂર્ણ ફેરફારો કર્યા છે.ફાસ્ટેગનાં આજથી લાગુ થતા નવા નિયમ હેઠળ ઓછા બેલેન્સ, પેમેન્ટમાં વિલંબ અથવા ફાસ્ટેગ બ્લેકલિસ્ટ માટે વધારાનો દંડ લાદવામાં આવશે. તેનો હેતુ ફાસ્ટેગમાં સમસ્યાઓના કારણે ટોલ પર વાહનોની લાંબી લાઈન ઘટાડવાનો છે. સરકાર દ્વારા જારી કરાયેલા નવા નિયમો હેઠળ, જો તમારું ફાસ્ટેગ બ્લેકલિસ્ટ કે કોઈપણ કારણોસર ડિએક્ટિવ કરવામાં આવે છે, તો તમારે ટોલ પ્લાઝાને પાર કરતા 60 મિનિટ પહેલા તેને રિચાર્જ કરવું પડશે. જો તમે તેને પહેલા રિચાર્જ ન કરી શકો, તો તમારી પાસે ટોલ પ્લાઝા પાર કર્યા પછી 10 મિનિટ સુધી તેને રિચાર્જ કરવાની તક મળશે. જો આવું નથી થતું તો ટ્રાન્ઝેક્શન નકારવામાં આવશે અને એરર કોડ 176 લખીને આ પેમેન્ટ નકારી કાઢવામાં આવશે.જો તમે આ ટાઈમ લિમિટમાં રિચાર્જ કરી શકતા નથી, તો તમારે ટોલ ફી તરીકે ડબલ રકમ ચૂકવવી પડશે.




### નવા નિયમોનો હેતુ શું છે?

ફાસ્ટેગ સંબંધિત આ નવા નિયમોનો મુખ્ય ઉદ્દેશ ટોલ પ્લાઝા પર ટ્રાફિકને સુવ્યવસ્થિત કરવાનો અને ટોલ ટેક્સની વસૂલાતને વધુ અસરકારક બનાવવાનો છે. ઘણી વખત, ડ્રાઈવરને ફાસ્ટેગમાં અપૂરતા બેલેન્સને કારણે ટોલ પર રોકવામાં આવે છે, જેના કારણે ટ્રાફિક જામ થાય છે. નવા નિયમો હેઠળ હવે એ સુનિશ્ચિત કરવામાં આવશે કે ડ્રાઈવર તેના ફાસ્ટેગને એક્ટિવ રાખે અને અગાઉથી રિચાર્જ કરે, જેથી ટ્રાફિકની અવરજવરમાં કોઈ અડચણ ન આવે.

## અડધી ડિગ્રી તાપમાન વધશે તો અમેરિકા જેવડો પ્રદેશ માનવ વસવાટ લાયક નહીં રહે

**ઔદ્યોગિક યુગ પૂર્વેના સરેરાશ તાપમાનમાં બે ડિગ્રીનો વધારો ઘાતક બનશે**

(એજન્સી) નવીદિલ્હી । તા. 17

જળવાયુપરિવર્તનને કારણે આખી દુનિયામાં હવામાનમાં અચાનક પલટો સામાન્ય બની ગયો છે. એક અભ્યાસ અનુસાર તાપમાનમાં માત્ર અડધી ડિગ્રીનો વધારો થાય તો પણ પૃથ્વીનો મોટો હિસ્સો એટલો ગરમ બની જશે કે તે માણસોના વસવાટને લાયક રહેશે નહીં. આ અભ્યાસ નેચર રિવ્યુઝ અર્થ એન્ડ એન્વાર્યનમેન્ટમાં પ્રકાશિત થયો છે. વિજ્ઞાનીઓના આંતરરાષ્ટ્રીય ગ્રુપના જણાવ્યા અનુસાર ઔદ્યોગિક યુગ પૂર્વેના પૃથ્વીના સરેરાશ તાપમાનમાં અડધી ડિગ્રીનો પણ વધારો થાય તો પૃથ્વીની જમીન એટલી બધી ગરમ થઇ જશે કે ૧૮થી ૬૦ વર્ષના તંદુરસ્ત માણસો માટે પણ તે ખૂબ ગરમ હવામાન બની રહેશે. ગ્લોબલ વોર્મિંગના કારણે આ જીવી ન શકાય તેવો વિસ્તાર લગભગ યુએસ જેટલો થઇ જશે.૨૦૨૪માં તાપમાનના તમામ વિક્રમો તુટી ગયા હતા. ૨૦૨૪માં દુનિયાનું તાપમાન ઔદ્યોગિક યુગ પૂર્વેના પૃથ્વીના સરેરાશ તાપમાન કરતાં ૧.૫ ડિગ્રી વધારે રહ્યું હતું.આ અભ્યાસના મુખ્ય સંશોધક ડો.ટોમ મેથ્યુએ જણાવ્યું હતું કે ઔદ્યોગિક યુગ પૂર્વેના પૃથ્વીના સરેરાશ તાપમાનમા જો ૪ ડિગ્રીનો વધારો થાય તો તેની આરોગ્ય પર અતિઘાતક અસરો પડી શકે છે.સહારા આફ્રિકા અને દક્ષિણ એશિયામાં લોકોને અત્યંત ગરમ હવામાનનો સામનો કરવો પડે તેવી શક્યતાઓ છે. છ કલાકમાં શરીરનું તાપમાન ૪૨ ડિગ્રી સેન્ટીગ્રેડનો આંક વટાવી જાય તો આ ગરમીમાં અસ્તિત્વ ટકી શકે નહીં.

## દિલ્હી સહિત 5 રાજ્યમાં ભૂકંપ: સિક્કિમ, ઓડિશા, બિહાર, હરિયાણાસુધી ધરા ધ્રૂજી

(એજન્સી) નવીદિલ્હી । તા. 17

ઉત્તર ભારતમાં એક પછી એક રાજ્યોમાં ભૂકંપના આંચકા અનુભવાઈ રહ્યા હોવાથી લોકોની ચિંતા વધી ગઈ છે. વહેલી પરોઢે દિલ્હીમાં 4.0ની તીવ્રતાનો ભૂકંપ આવ્યા બાદ હવે બિહારના સિવાનમાં પણ એટલી જ (4.0)ની તીવ્રતાના ભૂકંપથી લોકોમાં ડર ફેલાયો છે. માહિતી અનુસાર ભૂકંપના આંચકાની તીવ્રતા વધુ હોવાથી લોકો ઘરની બહાર દોડી ગયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું કે રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 4.0 રહી હતી. ઉલ્લેખનીય છે કે વહેલી સવારે દિલ્હીમાં ભૂકંપ આવ્યા બાદ વડાપ્રધાન મોદીએ લોકોને સાવચેત રહેવાની અપીલ કરતાં કહ્યું હતું કે દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. તમામ લોકોને અમે શાંત રહેવાની અપીલ કરીએ છીએ. અધિકારીઓ સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

#### ‘ડ્રીમ અમેરિકા’ના ઘણા સમાચાર સોશિયલ મીડિયા પર ફરી રહ્યા છે

## 55 લાખ ખર્ચ્યાં છતાં ભાગ્યએ સાથ ન આપ્યો, 8 મહિનામાં 2 વખત ડિપોર્ટ, પંજાબના નવદીપની આપવીતી

(એજન્સી) નવીદિલ્હી । તા. 17

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ગેરકાયદે ભારતીય ઈમિગ્રન્ટ્સની ત્રીજી ફ્લાઈટ રવિવારે અમૃતસર આવી પહોંચી હતી. જેમાં 112 ભારતીયોને અમેરિકાથી ડિપોર્ટ કરાયા હતા. ટ્રમ્પ રાષ્ટ્રપતિ બન્યા ત્યારથી અત્યાર સુધીમાં કુલ 332 લોકોને અમેરિકાથી ભારતમાં મોકલી દેવામાં આવ્યા છે. લાખો રૂપિયા ખર્ચીને લોકો ગેરકાયદેસર રીતે અમેરિકા પહોંચ્યા હતા. પરંતુ હવે તેમને પાછા મોકલવામાં આવી રહ્યા છે. ‘ડ્રીમ અમેરિકા’ના ઘણા સમાચાર સોશિયલ મીડિયા પર હાલ ફરી રહ્યા છે. આવી જ કહાની પંજાબના ફિરોઝપુર જિલ્લાના રહેવાસી નવદીપની છે, જેણે અમેરિકા જવા માટે બે વખત મોટી રકમ ખર્ચી હતી પરંતુ બંને વખત નસીબ તેની સાથે નહોતું.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, નવદીપના પિતા કાશ્મીર સિંહે જણાવ્યું કે, ‘છેલ્લા 8 મહિનામાં બે વખત અમે નવદીપને અમેરિકા મોકલવા માટે લગભગ 55 લાખ રૂપિયા ખર્ચ્યા. પરંતુ નસીબે બંને વખતે સાથ ન આપ્યો. નવદીપને ગેરકાયદેસર વસાહતીઓની બીજી બેચમાંથી ભારત આવવાનું



હતું. પરંતુ તે બીમાર પડ્યો, જેના કારણે તેને ત્રીજા બેચમાં દેશનિકાલ કરવામાં આવ્યો.નવદીપના પિતા એક મીઠાઈની દુકાન ચલાવે છે. તેમણે જણાવ્યું કે, ‘મારો નાનો પુત્ર એટલે કે નવદીપ ગ્રેજ્યુએટ છે. ક્યારેક તે મને મારા કામમાં મદદ પણ કરતો. પરંતુ તેને મીઠાઈની દુકાનમાં કામ કરવામાં શરમ આવતી હતી. અમે ઈચ્છતા હતા કે તે કોઈ નોકરી કરે. પરંતુ નવદીપ અમેરિકા જવા માંગતો હતો. આથી ગયા વર્ષે અમે જમીન વેચીને 40 લાખ રૂપિયા ભેગા કર્યા અને થોડા પૈસા સંબંધીઓ પાસેથી પણ ઉધાર લીધા. પરંતુ પુત્રની પનામા શહેરમાં જ ધરપકડ કરવામાં આવી હતી. થોડા દિવસો પછી તેને ભારત મોકલી દેવામાં આવ્યો.’

### અમેરિકા જવાનું સપનું ફરી જાગ્યું...

પનામાથી દેશનિકાલ થયા બાદ નવદીપ લગભગ બે મહિના સુધી ઘરે જ રહ્યો હતો. પણ તેનું અમેરિકા જવાનું સપનું યથાવત હતું. આખરે તેણે ફરીથી તે જ એજન્ટનો સંપર્ક કર્યો જેણે અગાઉ પૈસા લીધા હતા. આ વખતે એજન્ટે 15 લાખની રકમ માંગી હતી. આ વખતે જુગાડ પણ સારું ચાલ્યું અને નવદીપ અમેરિકા પહોંચી ગયો. પરંતુ માત્ર 2 મહિના પછી પરિસ્થિતિ ફરી બદલાઈ ગઈ. નવદીપની 27 જાન્યુઆરીએ જ અમેરિકામાં અટકાયત કરવામાં આવી હતી. પરંતુ આ માહિતી તેના પરિવારના સભ્યોને બે દિવસ પહેલા આપવામાં આવી હતી. જોકે, માત્ર નવદીપ જ નહિ પરંતુ ઘણા લોકોએ પોતાના ઘર વેચીને અને પૈસા ઉધાર લઈને અમેરિકા જવાનો પ્રયાસ કર્યો. પરંતુ ભાગ્ય થોડા મહિનામાં તેમણે ભારત પાછું આવવું પડ્યું.

### દહેજનું દૂષણ

## યુપીમાં સાસરિયા પક્ષે પીડિતાને HIVનું ઈન્જેક્શન મારી દીધું, 4 લોકો સામે FIR

(એજન્સી) સહારનપુર। તા. 17

ઉત્તરપ્રદેશના સહારનપુર જિલ્લાના ગંગોહ પોલીસ સ્ટેશન વિસ્તારની રહેવાસી મહિલાએ તેના સાસરિયા પર ચોંકાવનારો આરોપ લગાવ્યો છે. તેનો દાવો છે કે, દહેજની માંગ પૂરી ન કરતા તેને HIVનું ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. પીડિતાની ફરિયાદના આધારે પોલીસે IPCની કલમ 307 ઘરેલું હિંસાથી મહિલાઓની સુરક્ષા અને દહેજ પ્રતિબંધ કાયદા હેઠળ કેસ નોંધ્યો છે. પીડિત મહિલાના પિતાએ જણાવ્યું કે, તેમની પુત્રી સોનલના લગ્ન 15 ફેબ્રુઆરી 2023ના રોજ ઉત્તરાખંડના હરિદ્વારના રહેવાસી અભિષેક સાથે થયા હતા.લગ્ન માટે તેમણે ક્ષમતા કરતા વધારે દહેજ તરીકે રોકડ, ઘરેણા અને કાર આપી હતી. પરંતુ, તેના સાસરીયાઓ તેનાથી અસંતુષ્ટ હતા. તે સતત તેમની પુત્રી પાસેથી વધારાના રૂપિયા 25 લાખ રોકડા અને સ્કોર્પિયો કારની માંગણી કરી રહ્યા હતા. પીડિતાના પરિવારે માંગણીઓ પૂરી કરવાનો ઈનકાર કર્યો હતો. જેનાથી નારાજ થઈને પીડિતાના સાસરિયાઓએ તેને ઘરની બહાર કાઢી મૂકી હતી. તેની પર માનસિક અને શારીરિક અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. ગામમાં પંચાયત બોલાવ્યા બાદ તેને ફરીથી સાસરે મોકલી દેવામાં આવી હતી. આ દરમિયાન સાસરિયાઓએ પીડિતાને HIV સંક્રમિત ઈન્જેક્શન આપ્યું હતું અને તેની હત્યાનો પ્રયાસ કર્યો હતો. પુત્રીની તબિયત લથડતા માતાપિતાએ તેને હોસ્પિટલમાં દાખલ કરી હતી.

## અપમાનના ઈરાદા વિના સીનિયરનો ઠપકો ગુનો ન ગણાય, સુપ્રીમ કોર્ટનું મહત્ત્વપૂર્ણ નિવેદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 17



બૌદ્ધિક દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેના નેશનલ ઈન્સ્ટિટયુટના એક પ્રોફસરે પોતાના ઉપરી અધિકારી સામે કરેલી ફરિયાદમાં સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું છે કે કાર્યસ્થળે ઉપરી કર્મચારી દ્વારા મળેલા ઠપકાને આઈપીસીની કલમ 504 હેઠળ ફોજદારી કાર્યવાહી માગી લેતા હેતુપૂર્વકના અપમાન તરીકે ન ગણી શકાય. સુપ્રીમ કોર્ટની બેન્ચના ચુકાદામાં સ્પષ્ટતા કરાઈ છે કે આવા કિસ્સામાં ફોજદારી આરોપ મંજૂર કરવાથી કાર્યસ્થળે અનુશાસન નબળું પડી શકે. કોર્ટે ઉપરી અધિકારી પોતાના સહયોગી પાસે નિષ્ઠાપૂર્વક કામની અપેક્ષા રાખી શકે તેવી સ્પષ્ટતા પણ કરી હતી. કાર્યસ્થળે શાંતિને જોખમમાં મુકતા હેતુપૂર્વકના અપમાન સંબંધિત આઈપીસીની સેક્શન 504ને હવેથી ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)હેઠળ સેક્શન ૩૫૨ સાથે બદલવામાં આવી છે. આ ચુકાદો બૌદ્ધિક દિવ્યાંગ વ્યક્તિઓના સશક્તિકરણ માટેના નેશનલ ઈન્સ્ટિટયુટના કાર્યવાહક ડાયરેક્ટર સામે 2022નો કેસ રદ કરવા દરમ્યાન આપવામાં આવ્યો હતો. ફરિયાદી આસીસ્ટન્ટ પ્રોફેસરનો આરોપ હતો કે ડાયરેક્ટરે તેને ઉચ્ચ અધિકારીઓ સમક્ષ તેની ફરિયાદ કરવા જાહેરમાં અપમાનિત કરી હતી. ફરિયાદીનો એવો પણ આરોપ હતો કે ડાયરેક્ટર પૂરતી સંખ્યામાં પીપીઈ કિટ જાળવવામાં નિષ્ફળ ગયા હતા જેના કારણે કોવિડના સંક્રમણનું જોખમ વધ્યું હતું. કોર્ટને આ આરોપો કાલ્પનિક તેમજ જોખમી બીમારી ફેલાવી શકે તેવા કાર્યો કરવા બદલ આઈપીસીની કલમો 269 અને 270 લાગુ પાડવા અપૂરતા લાગ્યા હતા. કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે અનુશાસન અને ફરજો સંબંધિત ઠપકા સેક્શન ૫૦૪ હેઠળ હેતુપૂર્વકનું અપમાન ન ગણી શકાય. કોર્ટે વધુમાં નોંધ કરી હતી કે વરિષ્ઠ અધિકારીને તેના સહયોગી પાસેથી વ્યાવસાયિક પ્રમાણિકતાની અપેક્ષા રાખવાનો અધિકાર છે. 10 ફેબ્રુઆરીએ આપવામાં આવેલા ચુકાદામાં કાર્યસ્થળે સામાન્ય વ્યાવસાયિક ઠપકા માટે ફોજદારી જોગવાઈઓના દુરુપયોગને રોકીને શિષ્ત જાળવી રાખવાના મહત્વ પર જોર આપવામાં આવ્યું હતું.

#### કેન્દ્ર સરકારનો મોટો નિર્ણય

## ચીન આપણો દુશ્મન નથી: કોંગ્રેસ નેતા સામ પિત્રોડાનું વિવાદિત નિવેદન

(એજન્સી) નવી દિલ્હી । તા. 17

કોંગ્રેસ પાર્ટીના વરિષ્ઠ નેતા સામ પિત્રોડાએ હાલમાં ચીન અંગે આપેલા નિવેદનથી વિવાદ ઉભો થઇ ગયો છે. તેમનું માનવું છે કે, ભારતે ચીનને દુશ્મન દેશ માનવાનું બંધ કરી દેવું જોઈએ. હવે તેમના નિવેદનને લઈને ભાજપે કોંગ્રેસ નેતા પર આકરા પ્રહારો કર્યા છે. આગાઉ પણ સામ પિત્રોડા પોતાની નિવેદનબાજીને લઈને ચર્ચામાં રહી ચૂકયા છે. મીડિયા રિપોર્ટ અનુસાર સામ પિત્રોડાએ જણાવ્યું હતું કે, ‘મને ખબર નથી પડતી કે ચીનથી શું ખતરો છે? મને લાગે છે કે આ મુદ્દાને હંમેશા વધારે પડતો ચગાવવામાં આવે છે. કારણ કે, અમેરિકાનો સ્વભાવ દુશ્મન બતાવવાનો છે. હવે સમય આવી ગયો છે કે બધાં દેશો એકજુટ થઇ જાય અને એકબીજા સામે અથડામણ ન કરે.હકીકતમાં તેમને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત અંગે સવાલ પૂછવામાં આવ્યો હતો. જેના જવાબના તેમણે કહ્યું હતું કે, ‘શરૂઆતથી જ આપણું વલણ બીજા સાથે અથડામણ કરવાનું રહ્યું છે અને આ જ પદ્ધતિ દુશ્મનો બનાવે છે.

#### ઓછા સમયમાં વધુ વળતરની લાલચ અપાઇ હતી

## 6000 લોકોને છેતરનારું રૂ. 850 કરોડનું પોન્ઝી સ્કીમ કૌભાંડ : બેની ધરપકડ

(એજન્સી) હૈદરાબાદ । તા. 17

ફાલ્કન ઈનવોઈસ ડિસ્કાઉન્ટિંગ પ્લેટફોર્મના નામે ચલાવવામાં આવી રહેલા ૮૫૦ કરોડ રૂપિયાના પોન્ઝી કૌભાંડમાં બે વ્યકિતઓની ધરપકડ કરવામાં આવી છે. આ કૌભાંડમાં દેશના ૬૦૦૦થી વધારે રોકાણકારોને છેતરવામાં આવ્યા હતાં.પોલીસે જણાવ્યું હતું કે મુખ્ય આરોપીઓએ લોકોને થોડા સમયમાં વધુ રિટર્ન આપવાની લાલચ આપી હતી. ફાલ્કન કેપિટલ વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડના એમડી અમરદીપ કુમાર, સીઓઓ આર્યન સિંહ અને સીઈઓ યોગેન્દ્ર સિંહ હાલમાં ફરાર છે. આ તમામે લોકોને ૧૧ થી ૨૨ ટકા વળતર આપવાની લાલચ આપી હતી. રોકાણની મર્યાદા ૨૫૦૦૦ રૂપિયાથી ૯ લાખ રૂપિયા હતી અને સમયગાળો ૪૫ દિવસથી ૧૮૦ દિવસ સુધીનો હતો.આ માટે મોબાઈલ એપ અને વેબસાઈટ બનાવવામાં આવી હતી જેના કારણે આ સ્કીમ પર લોકો વિશ્વાસ મૂકી શકે. જો કે હકીકતમાં નકલી વેન્ડર પ્રોફાઈલ અને નકલી સોદા દ્વારા રોકાણકારોને છેતરવામાં આવ્યા હતાં. પોલીસે આ કેસમાં અત્યાર સુધી ૧૯ આરોપીઓ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. જેમાંથી બેની ધરપકડ કરવામાં આવી છે અને બાકીના ફરાર છે.

## ભારતે નબળાઈ નહીં પણ ગદ્દારીને કારણે અંગ્રેજોની ગુલામી કરવી પડી : મોહન ભાગવત

નવી દિલ્હી : આરએસએસ ચીફ મોહન ભાગવતે બર્ધમાનમાં એક કાર્યક્રમના સંબોધનમાં હિન્દુ એકતાને મહત્વ આપતા તેને ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક સારને જાળવી રાખતા એક જવાબદાર સમાજ તરીકે ઓળખાવ્યો હતો. તેમણે જણાવ્યું કે હિન્દુ સમાજ વાસુધૈવ કુટુંબકમ (વિશ્વ એક પરિવાર છે)ના સિદ્ધાંતને સમાવિષ્ટ કરીને સ્વાભાવિક રીતે વૈવિધ્યતાને સ્વીકારે છે.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ **ઇલાબેન દિલીપભાઈ બકરાણીયા** ચાલતું હતું, તે બદલીને નવું નામ **ઇલાબેન દિલીપભાઈ બકરાણીયા** રાખેલ છે.

સરનામું: શેરી નંબર-૧૪, સોરઠીયા બૉડિંગ પાસે, અમરપરા, બગસરા, અમરેલી-૩૬૫૪૪૦, ગુજરાત.

**નામ બદલેલ છે**

મારું જૂનું નામ **નિકુંજ દિલીપભાઈ બકરાણીયા** ચાલતું હતું તે બદલીને નવું નામ **નિકુંજ દિલીપભાઈ બકરાણીયા** રાખેલ છે.

સરનામું: જૂનું બસ સ્ટેન્ડ, અમરપરા, બગસરા, અમરેલી-૩૬૫૪૪૦, ગુજરાત.

वित्त मंत्रालय
भारत सरकार
सत्यमेव जयते

# MSMEના વિકાસમાં ઝડપ



केन्द्रीय बजट 2025-2026

## નાના ઉદ્યોગોને મજબૂત કરવા માટે લેવામાં આવ્યા મોટા પગલા

તમામ MSME વર્ગીકરણ માટે રોકાણ મર્યાદા 2.5 ગણી છે અને ટર્નઓવર મર્યાદા બમણી છે.

વધુ સારી ક્રેડિટ ગેરંટી:
- સૂક્ષ્મ અને નાના ઉદ્યોગો: રૂ. 5 કરોડથી રૂ. 10 કરોડ.
- સ્ટાર્ટઅપ્સ: રૂ. 10 કરોડથી રૂ. 20 કરોડ.
- સારી કામગીરી બજાવતા નિકાસકારો MSME: રૂ. 20 કરોડ સુધી.

'ઉદ્યમ' પોર્ટલ પર નોંધાયેલા સૂક્ષ્મ સાહસો માટે રૂ. 5 લાખની મર્યાદા સાથેના ક્રેડિટ કાર્ડ.

ચામડા અને ફૂટવેર ઉદ્યોગને સમર્પિત વિશેષ યોજના દ્વારા ₹ 4 લાખ કરોડનું ટર્નઓવર અને 22 લાખ નોકરીઓ, ક્રસ્ટ લેધરની નિકાસ પર 20% રિબેટ અને ભીના વાદળી ચામડાની આયાત પર શૂન્ય કસ્ટમ ડ્યુટી.

5 લાખ મહિલાઓ અને SC/ST ઉદ્યોગસાહસિકોને આગામી 5 વર્ષમાં 2 કરોડ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે જેઓ પ્રથમ વખત ઉદ્યોગસાહસિક બની રહ્યા છે.

LI-ION

મોબાઇલ અને ઇલેક્ટ્રિક વાહનો માટે લિથિયમ-આયન બેટરીના સ્થાનિક ઉત્પાદનમાં વધારો કરવા માટે 63 નવા કેપિટલ ગુડ્સ પર રિબેટ.

DUTY FREE

કોબાલ્ટ પાવડર, લિથિયમ - આયન બેટરી સ્ક્રેપ, લીડ, ઝિંક સહિત 12 જટિલ ખનિજો સંપૂર્ણપણે BCD મુક્ત.

ભારત ટ્રેડ નેટ (BTN), વેપાર દસ્તાવેજીકરણ અને ફાઇનાન્સને સરળ બનાવવા, નોન-ટેરિફ અવરોધો ઘટાડવા અને આંતરરાષ્ટ્રીય વેપારને સરળ બનાવવા માટેનું એક સામાન્ય પ્લેટફોર્મ છે.

1 એપ્રિલ, 2030 પહેલાં સમાવિષ્ટ સ્ટાર્ટઅપ્સ માટે હવે લાભો ઉપલબ્ધ છે.

CBC 15201/13/0010/2425